भूमिपुत्र
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 14 Date : 01-04-2026

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૧૦) |
| અનુરાધા પ્રસાદ, અનુ.રાજેન્દ્ર દવે | ૦૪ | મહાત્મા ગાંધી અને શ્રીઅરવિંદ પુસ્તક લેખમાળા - ૧૦ : ગાંધીજી અને શ્રીઅરવિંદની ભાવિ સમાજ અંગેની અવધારણા |
| પરાગ ચોલકર, અનુ. ભદ્રા સવાઈ | ૦૮ | ભૂદાન યજ્ઞ : ગઈ કાલ, આજ અને આવતીકાલ |
| સોનલ પરીખ | ૧૦ | ગાંધીજી અને ભારતની એકતા |
| અમૃત ગંગર | ૧૧ | મહાત્મા અને મહારથી : ચિત્રકાર ઉપેન્દ્ર મહારથી અને અહિંસાના એક રંગમાં ખૂંપેલા ગાંધીજીનાં અનેક સ્વરૂપો |
| કિરણ શીંગ્લોત | ૧૨ | આધુનિક ચિકિત્સા પદ્ધતિની ખામીઓ અને મર્યાદાઓ |
| સાગર રબારી | ૧૫ | અમેરિકા સાથે વેપાર કરાર : આપણા મતથી ચૂંટેલી સરકાર તો ગુલામી આંગણે લાવી! |
| ઉર્વિન શાહ | ૧૭ | પુસ્તક પરિચય : કળાનો આત્મીય ચહેરો |
| અરવલ્લી વિકાસ જન અભિયાન | ૧૮ | અરવલ્લી સંરક્ષણ યાત્રાનું દિલ્હીમાં સમાપન |
| રમેશ દવે | ૧૯ | સ્વામી(આનંદ) દાદાએ અમને ભણાવ્યા |
| મનુભાઈ પંચોળી | ૨૦ | શાંતિના વાવેતરને પાણી પાઈએ |
| રેવારજ | ૨૨ | એક ઈજનેરનો વેદાભ્યાસ |
| સુમીત કહાર | ૨૩ | હિમાચલ પ્રદેશના સીરમૌરમાં સૌ પ્રથમ વાર વનઅધિકાર કાયદા હેઠળ જમીન મળી |
| આશા વીરેન્દ્ર | ૨૪ | ટેકો |

Published on 1st & 16th of Every Month
BHOOMIPUTRA
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
Vol.73 Issue No.14 1954 Date : 01-04-2026
Place of Publication : Bhoomiputra Karyalaya,
Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૧૦)

❍ વિનોબા ❍

## આત્મચિંતન - આત્મદર્શન

આત્મચિંતન બે રીતે થાય છે. અને એ બંને મળીને પરિપૂર્ણ આત્મચિંતન થાય છે. આત્માનો સ્થૂળ અર્થ છે, 'હું'. મનુષ્ય 'હું'નો પ્રયોગ પોતાના સિવાય બીજા કોઈ માટે નથી કરતો. તો આત્મચિંતનની આ પહેલી રીત થઈ કે પોતાનું એટલે કે 'હું'નું ચિંતન કરવું. આપણે પોતાના વિષયમાં વિચારવું જોઈએ કે મારો ગઈકાલનો સમય કામમાં સારી રીતે પસાર થયો કે આળસમાં વીતી ગયો ? જો કામમાં સમય ગયો તો કેવાં કામોમાં ગયો ? સારાં કામોમાં કે ખોટાં કામોમાં ? આવી રીતે માણસે, જે કાળશક્તિ છે તે અને પોતાની પાસે જે કર્મશક્તિ છે તે - આ બંને વિષે ચિંતન કરતાં રહેવું જોઈએ. અને તેની સાથેસાથે એ પણ જોવું જોઈએ કે આપણી આસપાસ જે કોઈ છે - ગુરુજન છે, માતા-પિતા, ભાઈ-બહેન છે, પાડોશી છે - આ બધાં સાથે મારું વર્તન કેવું રહે છે ? મેં એમની કઈ સેવા કરી ? અર્થાત્ આસપાસ રહેલી જનશક્તિ અંગે વિચારીએ. આમ કાળશક્તિ, કર્મશક્તિ અને જનશક્તિ - આ ત્રણેય વિષે ચિંતન કરીએ.

આ સિવાય પણ મારી પાસે મકાન-સંપત્તિ વગેરે જે કાંઈ સ્થૂળ ચીજવસ્તુઓ છે, તેનો યોગ્ય ઉપયોગ થાય તેની દરકાર અંગે પણ વિચારવું જોઈએ. આપણી પાસે સૌથી મોટી જે શક્તિ છે તે છે મનની શક્તિ. આપણે મનની શક્તિ અંગે પણ ચિંતન કરવું જોઈએ. દરરોજના મારા જીવનમાં મારા મનની શુદ્ધિ થઈ રહી છે કે નથી થતી ? મારું મન સ્વસ્થ, શાંત, પ્રસન્ન રહે છે કે નથી રહેતું ? જો નથી રહેતું, તો તે શા માટે નથી રહેતું ? એના માટે મારે કયો ઉપાય કરવો જોઈએ ? - આ રીતે વિચારવું એ આત્મચિંતનની પ્રથમ રીત છે. આમ કરવાથી આપણને ખબર પડી જાય છે કે મારો આત્મા આજે - અત્યારે કઈ સ્થિતિમાં છે. આત્માના અત્યારના રૂપની ખબર પડી જાય છે.

પરિપૂર્ણ આત્મચિંતન માટે આત્માના અત્યારના રૂપના ચિંતનની સાથોસાથ એ પણ ચિંતન કરવું જોઈએ કે આત્માનું અસલી સ્વરૂપ શું છે ? કેવું છે ? આત્માનું પ્રવર્તમાન રૂપ અને તેના અસલી રૂપ વચ્ચે અંતર છે. જેવી રીતે આપણા ચહેરાનું હોય છે. આપણો મૂળ અસલી ચહેરો એકદમ સાફ-સુથરો હોય હોય છે. પણ એની પર ધૂળ વગેરે હશે તો તેવો ચહરો ગંદો દેખાશે. પરંતુ આપણને બરાબર ખબર છે કે આ ચહેરો અસલી નથી. આપણો અસલી ચહેરો ગંદા ચહેરા કરતાં જુદો જ હોય છે. જેવી રીતે સ્નાન કર્યા બાદ ચહેરો સ્વચ્છ - સાફ હોય છે. એવી રીતે મારા આત્માનું અત્યારનું રૂપ અને અસલી રૂપ - આ બંનેમાં અંતર છે. આત્માના અસલી રૂપને જાણવા માટે પણ આઈનો જોઈએ. અને આ આઈનો છે માણસની અસલી અભિરુચિ. બીજા શબ્દોમાં કહીએ તો આપણે એ જોવું જોઈએ કે આપણા હૃદયમાં આપણને કયા ગુણો માટે અભિરુચિ, લગાવ, પ્રેમ, આદર-સમ્માન છે. જે ગુણો માટે માણસને આદર છે, એ મનુષ્યનું નિજરૂપ છે, આત્માનું રૂપ છે. અને આત્માના આ રૂપનાં જ્યાં જ્યાં દર્શન થાય છે, ત્યાં ત્યાં માણસને આનંદ થાય છે.

આપણે જોતાં હોઈએ છીએ કે હિંસક માણસને પણ અહિંસક પુરુષને જોઈને આનંદ થાય છે. આ વસ્તુ એ સૂચવે છે કે આત્માનો સ્વભાવ અહિંસક, પ્રેમમય છે. મનુષ્ય કઈ વાતનું સમર્થન કરે છે તે એટલું મહત્ત્વનું નથી, જેટલું તે કઈ વાતને આદર-સમ્માન આપે છે તે વાતનું છે. મનુષ્યનો સ્વભાવ મૂળભૂત રીતે સત્યમય, પ્રેમમય છે. આત્માનું આ અસલી રૂપ અવિનાશી છે, તે ક્યારેય નાશ નથી પામતું, તે ઢંકાઈ જાય છે. એને શોધવું પડતું હોય છે.

આમ આત્માનું અસલી રૂપ અને અત્યારનું રૂપ - આ બંને મળીને પૂર્ણ આત્મચિંતન થાય છે. જેવી રીતે ભૂમિતિમાં રેખા બનાવવા માટે બે બિંદુઓની જરૂર પડે છે. એ બંને બિંદુ મળી જાય તો સુરેખા તૈયાર થઈ જાય છે. એવી રીતે આપણે પણ આત્મપરીક્ષણનાં આ બંને બિંદુઓ - અત્યારનું રૂપ અને અસલી રૂપ જાણી લઈએ તો આપણા માટે ધર્મ કયો છે, તે પણ નક્કી થઈ જાય છે. ધર્મની વ્યાખ્યા, ધર્મનું મુખ્ય કાર્ય જ આ છે કે માણસ અત્યારે જ્યાં છે ત્યાંથી તેને તેના ધ્યેયબિંદુ સુધી પહોંચાડવો. એના માટે ધ્યેયસ્થાન સુધી પહોંચવા માટેનો રસ્તો તૈયાર કરી દેવો. આ જે બિંદુનાં બે રૂપ છે, એમાંથી એકને જીવ અને એકને શિવ સ્વરૂપ કહે છે. આ બંને મળીને જીવનની રેખા તૈયાર થાય છે. આમ, આત્મચિંતન કરવાથી આપણને જીવન માટે જે જરૂરી છે એટલે કે જીવનસાર, ધર્મતત્ત્વ, આ બધું મળી જાય છે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પ્રશ્ન પુછાયો છે, આત્મચિંતન એટલે શું ? મેં આ અંગે ત્રણ-ચાર દૃષ્ટિએથી વિચાર્યું છે અને અનુભવ પણ કર્યો છે. આમાં પહેલી પ્રક્રિયા છે, શૂન્ય મનની. શૂન્ય મન એટલે મનમાં કંઈ પણ નથી. જાગૃતિમાં પણ એવું જ મન, જેવું ગાઢ નિદ્રામાં હોય છે. સામે આ દીવાલ દેખાય છે એવી રીતે સામે બચુબાબુ બેઠેલા દેખાઈ રહ્યા છે. પરંતુ ચિત્ત પર તેની કોઈ પ્રતિક્રિયા નથી. આમ, શૂન્ય મનમાં વિકારોથી મુક્ત થવું તે પહેલું કામ છે. ત્યાર બાદ આત્મચિંતન થાય છે. ત્યાર બાદ જ વિચાર-મુક્તિ આવે છે. વિચારમુક્તિમાં મન વિચારશૂન્ય રહે છે. તે એકદમ વેકેન્ટ (ખાલી) રહે છે. તો વિચારશૂન્ય બનવું - આ એક પ્રક્રિયા થઈ.

બીજી પ્રક્રિયા આ છે. આપણી પાસે મન, પ્રાણ, ઇંદ્રિયો - શરીરથી લઈને બુદ્ધિ સુધી જે-જે પણ કાંઈ છે તેને ગુણ પણ છે અને દોષ પણ છે પરંતુ આપણે આ બધાંથી તદ્દન અલગ છીએ. આ અલગાવપણાનો, પૃથકત્વનો અનુભવ લેવાનો છે. આપણે આપણાથી જ પૃથક્ (અળગા) છીએ. ચિંતનની આ એક પોઝિટિવ પ્રક્રિયા છે. આપણે આત્મચિંતન નહીં, બલ્કે અનાત્મ-નિરસન (હટાવવું) કરીએ. અને પછી અનાત્મમાંથી જે કંઈ બચશે, એ જ આપણું મૂળ અસલી સ્વરૂપ છે, તે જાણવું.

ત્રીજી પ્રક્રિયામાં આપણે એ સમજવાનું છે કે મનુષ્યમાં ગુણ અને દોષ, બંને રહેતા હોય છે. આ ગુણો છે તે આત્માના છે. નિર્વિકારિતા, ધૈર્ય, સત્ય, પ્રેમ વગેરે - આ બધા આત્માના ગુણ છે. આપણે અહીં દોષોને આપણાથી અલગ કરી દઈને આપણામાં કયો ગુણ વધારે છે - તેને જોવાનું રાખીએ. અહીં આપણી અંદર નાના-મોટા ગુણો છે તે નહીં, બલ્કે જે પ્રધાન ગુણ છે, એને સર્વપ્રથમ ઓળખીએ. પછી તેનું ચિંતન કરતા રહીએ. જે ગુણ આપણી અંદર નથી, તે ગુણને પોતાની અંદર લાવવાનો પ્રયત્ન કરવાનો નથી. આપણામાં જે ગુણ નથી, તે ગુણ જેનામાં હશે, તેનો આદર કરીએ અને આપણામાં રહેલા ગુણોનો વિકાસ કરતા રહીએ. આપણે બીજાના ગુણોને આપણી અંદર લાવવાના પ્રયત્ન કરીશું, તો આપણે પરમેશ્વરને બદલે તે મનુષ્ય પાસે પહોંચીશું. હમેશાં બીજાના ગુણોનો આદર કરવો જોઈએ, જો એમ નહીં થાય તો મોટાભાગે મત્સર (ઈર્ષ્યાભાવ) પેદા થાય છે.

આવી રીતે શૂન્ય મન, આત્માને અનાત્માથી અલગ માનવો, પોતાના ગુણો દ્વારા ઈશ્વર સુધી પહોંચવું - આ ત્રણ રસ્તાઓ છે. જેને જે પકડમાં આવે તે પકડી શકે છે. આ ત્રણેય જુદી-જુદી અવસ્થાઓમાં પ્રાપ્ત થઈ શકે છે.

### સામાજિક કામ અને આત્મચિંતન

આત્મચિંતનનો સંબંધ જો સમાજ સાથે તૂટી જાય અથવા સામાજિક કામનો સંબંધ આત્મચિંતનથી છૂટી જાય, તો એમાં દોષ આવી જાય છે. જેમ કે સમાજકાર્ય ભલે સ્વતંત્ર રીતે ચાલે, અત્યંત ઉત્કર્ષતાપૂર્વક ચાલતું રહે, પરંતુ જો તેમાં આત્મચિંતન નહીં હોય તો તેમાં ઘણા દોષ આવી શકે છે. એવી જ રીતે આત્મચિંતન પણ જો સમાજ સાથે જોડાયેલું નહીં હોય તો તે ઉત્તરોત્તર નિષ્ક્રિય થવા લાગશે. આત્મચિંતન વગરના સમાજકાર્યમાં વિકાર (વિક્રિય) આવે છે અને એવી રીતે સમાજકાર્ય વિના આત્મચિંતન નિષ્ક્રિય રહે છે. ત્યાં ક્રિયા થાય છે પણ તે વિકારયુક્ત થાય છે અને અહીં તો ક્રિયા જ ખંડિત થઈ જાય છે. એટલે જો આવા બે વિભાગ પડી જાય, તો બંનેને નુકસાન થાય છે.

એટલા માટે જ આપણા જીવનમાં મુખ્ય બે અંગો - સામાજિક કાર્ય અને ચિત્તશોધન - આ બંને એકબીજાથી ક્યારેય અલગ ન પડવાં જોઈએ. એ બંનેનો પરસ્પર સંપર્ક હમેશાં બનેલો રહેવો જોઈએ. ગાંધીજીએ આ વસ્તુને ધ્યાનમાં રાખી આશ્રમોમાં કાર્ય કર્યું. અને ગાંધી-વિચારધારાના વિકાસ માટે પણ આ અત્યંત જરૂરી વસ્તુ છે. ખાદી- કાર્ય, ભંગીકામ - આ બધાંથી ભિન્ન આત્મચિંતન તદ્દન અલગ જ વસ્તુ છે અને આનું ધ્યાન ન રહેવાને લીધે ઘણા બધા સેવકો પર જાણે કાટ ચઢી ગયો હોય તેવું લાગે છે.

### આત્મચિંતન એ ક્રિયા નથી

ભગવદ્ગીતા કહે છે - મનને આત્મામાં સ્થિર કરીએ અને પોતે જાતે થઈને કશું જ ચિંતન ન કરીએ - आत्मसंस्थं मन: कृत्वा न किंचिदपि चिंतयेत् । મનને નિયમનમાં રાખવા માટે તેને માનસિક ચિંતનમાં રમમાણ થવા દેવું નથી. મન તો ચારેય દિશાઓમાં ભટક્યા કરે છે અને મનને તે સારું પણ લાગે છે. આવા મનને નિયમનમાં રાખવા માટે, બુદ્ધિથી ધીરજ ધરીને, આપણે ધીરે ધીરે નિવૃત્ત થઈએ. અને જાતે ઊઠીને કશું જ ન વિચારીએ એટલે કે આત્મચિંતનની પણ ક્રિયા ન કરવામાં આવે; મનને આત્મામાં સ્થિર કરીને આપણે કેવળ 'રહીએ'. આપણે હાથથી કામ કરીએ તો તે ક્રિયા ગણાય. એવી રીતે ચિંતન પણ ક્રિયા છે તો, આત્મચિંતનથી પણ ક્રિયા ન કરીએ. ક્રિયા

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૧૦) |
| ડૉ.અનુરાધા પ્રસાદ<br>અનુ.રાજેન્દ્ર દવે | ૪ | ગાંધીજી અને શ્રીઅરવિંદની ભાવિ સમાજ અંગેની અવધારણા |
| પરાગ ચોલકર | ૮ | ભૂદાન યજ્ઞ:ગઈકાલ, આજ અને આવતીકાલ |
| સોનલ પરીખ | ૧૦ | ગાંધીજી અને ભારતની એકતા |
| અમૃત ગંગર | ૧૧ | મહાત્મા અને મહારથી : ચિત્રકાર ઉપેન્દ્ર મહારથી અને અહિંસાના રંગમાં ખૂંપેલા... |
| ડૉ. કિરણ શીંગ્લોત | ૧૨ | આધુનિક ચિકિત્સા પદ્ધતિની ખામીઓ અને મર્યાદાઓ |
| સાગર રબારી | ૧૫ | અમેરિકા સાથે વેપાર કરાર |
| ઉર્વિન શાહ | ૧૭ | કળાનો આત્મીય ચહેરો |
| અરવલ્લી વિકાસ-જન અભિયાન | ૧૮ | અરવલ્લી સંરક્ષણ યાત્રાનું દિલ્હીમાં સમાપન |
| રમેશ દવે | ૧૯ | સ્વામી(આનંદ) દાદાએ અમને ભણાવ્યા |
| મનુભાઈ પંચોળી | ૨૦ | શાંતિના વાવેતરને પાણી પાઈએ |
| રેવારજ | ૨૨ | એક ઇજનેરનો વેદાભ્યાસ |
| સુમીત કહાર | ૨૩ | હિમાચલ પ્રદેશના સીરમૌરમાં.... |
| આશા વીરેન્દ્ર | ૨૪ | ટેકો |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કરવાથી કષ્ટ થાય છે. being (હોવાની) અવસ્થામાં રહીએ, નહીં કે becoming (બનવાની) અવસ્થામાં. મારે આ બનવું છે, મારે પેલું બનવું છે, કશું નહીં. આપણે તો કેવળ 'હોવું' અને આ કેવળ 'હોવું' ઘણું મુશ્કેલ છે આ વસ્તુ સમજવી પણ અઘરી છે. અને કરવામાં તો મુશ્કેલ છે જ. આત્મચિંતન અર્થાત્ આત્મશક્તિનું ચિંતન. હકીકતમાં આત્મા અચિંત્ય છે.

## સૃષ્ટિ-ચિંતનના ઝમેલામાં ન ફસાવું

કોઈ કહે છે કે આ દુનિયા સત્ય છે, તો કોઈક કહે છે કે મિથ્યા છે અને વળી કોઈ એમ પણ કહે છે કે આ દુનિયા ઉભયરૂપ છે. જે કોઈ આવા વિશ્લેષણાત્મક ઝમેલામાં પડશે, તે પોતાની જાતને (સ્વયંને) ક્યારેય ઓળખી શકશે નહીં. માટે આ જગતની રચનાની ઝંઝટમાં પડ્યા વગર પોતાની દૃષ્ટિને પોતાની અંદર તરફ ફેરવી દઈને આત્મ-સંશોધન કરતા રહીએ, એમાં જ સાર છે. આ સમગ્ર વિશ્વ સ્વપ્નવત્ છે. અને એના ઝમેલામાં ન પડવું જોઈએ. એની ચર્ચા ન કરો. હું કોણ, તું કોણ, ક્યાંથી આવ્યા છીએ ? - આ બધાંની ચિંતા ન કરો. કેમ કે આખું વિશ્વ અસાર છે, સ્વપ્નતુલ્ય છે. માટે એને છોડીને, પોતાના વિષયમાં, આત્મા અંગે ચિંતન કરતા રહો. એ જ મુખ્ય વિચાર છે. જેમને પણ આત્મા અંગે જિજ્ઞાસા છે, એ દરેકે આત્મચિંતન કરવું જોઈએ. એ સૃષ્ટિના ચિંતનમાં પડશે, તો એની પાસે આત્મચિંતન કરવા માટેનો સમય જ રહેશે નહીં.

## પ્રકીર્ણ

* આત્મચિંતન અર્થાત્ પોતાના દોષોનું પરીક્ષણ, એમાંથી મુક્ત થવાનો સંકલ્પ, એના માટે આત્માના મૂળ અસલી, શુદ્ધ સ્વરૂપનું આકલન અને ઈશ્વર નામનો આધાર.

* વેદાંતનો એક મહત્ત્વનો સિદ્ધાંત છે કે વૈરાગ્ય વગર, અનાસક્તિ વગર આત્મચિંતન થઈ જ શકતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો આત્મ-ચિંતનની મુખ્ય પ્રક્રિયા વૈરાગ્ય છે. જ્યારે આપણે અનાસક્ત થઈએ છીએ, ત્યારે આત્મચિંતન સહજ થઈ જાય છે. અને વૈરાગ્યપૂર્વક તથા અનાસક્તિ-પૂર્વક જ્યારે જ્યારે આપણે ચિંતન કરીએ છીએ ત્યારે વધારે સ્પષ્ટતા જલદી થઈ જાય છે.

* ઉપવાસ વગેરે તપસ્યા કરવાની શક્તિ દ્વારા હું કોઈ ચીજ લાદી દઉં તો એ એકદમ ખોટું થશે. ઉપવાસ વગેરે હોવા જોઈએ, તો કેવળ ચિત્તશુદ્ધિ માટે હોય; આત્મપરીક્ષણ, આત્મચિંતન માટે હોય અથવા સંકલ્પની શક્તિ વધારવા માટે હોય.

* આત્મચિંતન કરવું એ આપણું કર્તવ્ય છે. દરેક અવસ્થામાં આત્મ-ચિંતન થતું રહેવું જોઈએ. નિરંતર કર્મ કરતા કરતા આત્મચિંતન કરવું જોઈએ. આપણું ચિત્ત કેટલું શુદ્ધ થયું, એમાં સ્વધર્માચરણની કસોટી છે. સ્વધર્માચરણની સાથે આત્મચિંતન થવું જ જોઈએ. અને ત્યારે અંદરની વાસના ખતમ થશે. અન્યથા નહીં થાય.

* આત્મચિંતનના બેવડા અર્થ છે - એક મનન અને બીજું ધ્યાન. મનન એ વિચાર-પ્રક્રિયા છે, ધ્યાન એ ભાવન-પ્રક્રિયા છે. વિચાર-પ્રક્રિયા એટલે ચિંતન દ્વારા નક્કી થાય છે કે કઈ-કઈ વાતો થવાથી સારું રહેશે. અને એને મજબૂત કરવાની પ્રક્રિયાને ભાવન કહે છે. અને ધ્યાન દ્વારા તે કામ થાય છે.

* આત્મચિંતનની મંજિલ નક્કી કરવા માટે છેવટે તો શબ્દને અલગ જ મૂકી દેવો પડતો હોય છે. પરંતુ આ કામ પણ શબ્દની મદદથી જ થતું હોય છે. એટલા માટે આધ્યાત્મિક સાહિત્યનું પ્રકાશન કરવાના પ્રયત્નો કરતા રહેવાની પ્રેરણા થાય છે.

* આપણે જરૂર ન હોય તેવો વ્યર્થ પરિગ્રહ ઘટાડતા જઈશું તો આપણું દિમાગ આત્મચિંતન માટે ઉઘાડું રહેશે.

## આત્મદર્શન

ध्यानेनात्मनि पश्यन्ति केचिद् आत्मानं आत्मना
अन्ये सारव्येन योगेन कर्मयोगेन चापरे (गीता:13:24)

- કોઈ પોતાના અંતઃકરણમાં ધ્યાન દ્વારા આત્માને સ્વયં જુએ છે તો કોઈ સાંખ્યયોગ દ્વારા. એવી રીતે બીજા કોઈ કર્મયોગ દ્વારા પણ જુએ છે.

આ શ્લોકમાં આત્મદર્શનના યથાધિકાર ત્રણ ઉપાયો સૂચવાયા છે. કર્મયોગને જીવનની દૃષ્ટિએ મુખ્ય સ્થાન પર મનાયો છે. જે અહીં ગૌણત્વ પામે છે. અને આવું થવું સ્વાભાવિક પણ એટલા માટે છે કે અહીં તો સાક્ષાત્ આત્મદર્શનના સાધનનો વિચાર છે. ધ્યાનયોગ હાર્દિક સાધન હોવાને લીધે સાક્ષાત્કારની પ્રક્રિયામાં એને પ્રથમ સ્થાન મળે છે. તત્ત્વવિચારણા (સાંખ્યયોગ) બૌદ્ધિક સાધન હોવાથી તેનો સાક્ષાત્કારની પ્રક્રિયામાં દૂરથી ઉપયોગ થાય છે અને કર્મયોગનો ચિત્તશુદ્ધિ દ્વારા અર્થાત્ પરંપરાથી ઉપયોગ થાય છે. સાધકને આ ત્રણેયની જરૂર પડે છે. તેમ છતાં પ્રાધાન્યેન જે-જે સાધક એ-એ માર્ગના સાધક કહેવાય છે. વસ્તુતઃ આ ત્રણેય મળીને એક જ વસ્તુ છે. પરંતુ વૃત્તિભેદને લીધે જુદા-જુદા સાધકોના જીવનમાં અલગ-અલગ વસ્તુનું પ્રાધાન્ય હોઈ શકે છે.

મુક્તિ માટેના અનેક રસ્તાઓ દેખાડી રહ્યા છે. કોઈ વ્યક્તિ ધ્યાનમાર્ગ દ્વારા સ્વયં પોતાની આત્માની ભીતરમાં જુએ છે. આત્માથી આત્માને જોવો - તે ધ્યાનયોગની પ્રક્રિયા થઈ. બીજી છે સાંખ્યદૃષ્ટિ - કે જે અનુલોમ અને પ્રતિલોમની પ્રક્રિયા દ્વારા ઈશ્વર અને ઈશ્વરે બનાવેલી સમગ્ર સૃષ્ટિના અભેદને ઓળખી શકે છે. અને કર્મયોગને ત્રીજું સ્થાન આપ્યું છે. કર્મયોગથી કદાચ લોકોનું કામ થાય, પણ જો ચિત્તશુદ્ધિ નહીં થઈ હોય તો તેનું પોતાનું કંઈ થવાનું નથી. અહીં તો નિષ્કામ કર્મયોગ દ્વારા આત્મજાગૃતિ, ચિત્તશુદ્ધિ અને પછી સાક્ષાત્કાર - આ પ્રકારની પરંપરાથી કર્મયોગ ઉપયોગી થઈ શકે. અહીં મેં યથાધિકાર ત્રણ રસ્તાઓ બતાવ્યા છે એટલે કે સાયકોલોજિકલ એપ્રોચ (માનસ-શાસ્ત્રીય અભિગમ). કર્મયોગ, ધ્યાન, સાંખ્ય - કોઈનું પણ પ્રાધાન્ય રહી શકે છે. અહીં તો આ ત્રણેયનો સમન્વય કર્યો છે. આ ત્રણેય સ્વયંપ્રજ્ઞ છે.

(જુઓ પાન નં. ૧૬)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગાંધીજી અને શ્રીઅરવિંદની ભાવિ સમાજ અંગેની અવધારણા

ગાંધીજીએ એક એવા સમાજની કલ્પના કરી હતી, જેમાં બધી વ્યક્તિ સ્વસ્થ અને નિરોગી હોય. અને તેમનું સામાજિક જીવન ખૂબ સુખમય હોય.

ગાંધીજીએ 'સ્વરાજ' એટલે કે પોતાના રાજ્યની કલ્પના કરી હતી. તેઓએ સ્વરાજની વ્યાખ્યા આપતાં લખેલું કે - સ્વરાજ અંગે મારી કલ્પના એ છે કે સરકાર એવી હશે જે સ્ત્રી, પુરુષ, આદિવાસી કોઈનો ભેદ કર્યા વિના એવી યુવાન પ્રજાની બહુમતીથી બની હોય, જે રાજ્યને પોતાનો શ્રમ આપતા હોય અને જેઓએ મતદાર યાદીમાં સ્વયં પોતાનું નામ નોંધાવી દીધું હોય. મને આશા છે સ્વરાજ્ય થોડાક લોકોના સત્યાગ્રહ કરવાથી નહીં આવે, બલકે સ્વરાજ્ય ત્યારે થશે જ્યારે બધામાં એટલું સામર્થ્ય આવી જાય કે તે સત્તાનો દુરુપયોગ થતો હોય ત્યારે સત્તાધારીઓનો વિરોધ કરી શકે. ગાંધીજીના કહેવાનું તાત્પર્ય એ હતું કે સ્વરાજ્યની પ્રાપ્તિ ત્યારે થશે, જ્યારે પ્રજાને એટલી શિક્ષિત કરી દેવાય કે એ સત્તાનું સંતુલન અને નિયંત્રણ કરી શકે. ગાંધીજીનું માનવું હતું કે માત્ર અંગ્રેજોનું ભારતથી ચાલ્યા જવું એ જ માત્ર સ્વરાજ્ય નથી. સ્વરાજનો અર્થ એ છે કે એક સાધારણ ગ્રામીણમાં પણ એ ચેતના હોય કે એ પોતાના ભાગ્યનો સ્વયં નિર્માતા છે, એ પોતાના ચૂંટેલા પ્રતિનિધિ દ્વારા પોતાનો સ્વયં વિધાયક છે.

ગાંધીજીનું માનવું હતું કે શક્તિ પ્રજામાં છુપાયેલી રહે છે અને તે શક્તિ પ્રજા પોતાના પ્રતિનિધિઓને આપી દે છે. સાંસદો પાસે પ્રજાથી સ્વતંત્ર ન તો કોઈ શક્તિ હોય છે, અને ન તો તેનું અસ્તિત્વ હોય છે.

ગાંધીજીએ લઘુમતીઓના અધિકારો ઉપર પણ ભાર મૂક્યો છે. તેમના મતાનુસાર પ્રત્યેક વાતમાં લઘુમતીઓનું બહુમતીને અધીન બની કાર્ય કરવું તે ગુલામી છે, પછી ભલે તેના નિર્ણય ગમે તે કેમ ન હોય. લઘુમતીઓને બહુમતીથી અલગ કાર્ય કરવાનો અધિકાર હોવો જોઈએ.

**સ્વરાજમાં પ્રજાની દિશા :**

ગાંધીજીએ ૧૯૩૧માં 'યંગ ઇન્ડિયા'માં લખ્યું હતું કે - મારી કલ્પનાનું સ્વરાજ નિર્ધન વ્યક્તિઓનું સ્વરાજ છે. જરૂરિયાતની વસ્તુઓ નિર્ધનોને એ રીતે પ્રાપ્ત થવી જોઈએ જે રીતે તે રાજાઓ તથા ધનવાનોને પ્રાપ્ત થાય છે.

**સ્વરાજ બધાના લાભ માટે હોવું જોઈએ :**

ગાંધીજી સ્વરાજ સહુના લાભને માટે ઇચ્છતા હતા. તેમના સ્વરાજમાં જ્ઞાતિ કે ધર્મનો કોઈ ભેદભાવ નથી. એમાં ન ધાર્મિક વ્યક્તિઓનો અને ન તો ધનવાનોનો એકાધિકાર છે. તેમાં સહુનો સરખો અધિકાર છે અને તે બધાની ઉત્તમ સ્થિતિ માટે છે.

આ ઉત્તમ સ્વરાજને માટે મુખ્ય તત્ત્વો આ રીતના છે :

૧. સ્વરાજમાં રાજસત્તાનો અભાવ હશે.

૨. અહિંસા, સ્વરાજનો એકમાત્ર ધર્મ હશે.

૩. સ્વરાજને માટે શક્તિનું વિકેન્દ્રીકરણ જરૂરી છે.

૪. સ્વરાજમાં અસહયોગ તત્ત્વ પર ભાર મૂકવો પડશે.

૫. સ્વાવલંબન તેનો આવશ્યક આધાર હશે.

૬. સ્વરાજમાં સ્વતંત્રતા અને સમાનતા પણ જરૂરી છે.

૭. સહકારિતાની પણ આવશ્યકતા છે.

૮. સ્વરાજ વ્યક્તિઓના સર્જનાત્મક નૈતિક વિકાસમાં સહાયક થશે.

૯. સ્વરાજમાં પંચાયતોની વ્યવસ્થા રહેવી જરૂરી છે.

૧૦. સર્વોદયી સમાજની વ્યવસ્થા તેના દ્વારા શક્ય થશે.

પોતાની આ અહિંસક સમાજની કલ્પનાને ગાંધીજીએ 'હરિજન' અને 'યંગ ઇન્ડિયા' પ્રકાશનોમાં વ્યક્ત કરી હતી. ગાંધીજીએ તેને વિવિધ નામોથી સંબોધિત કરી છે. તેને જ 'રાજ્યરહિત જનતંત્ર' કે 'દાર્શનિક અરાજકતાવાદ' કે 'આદર્શ સમાજ' કે 'રામ રાજ્ય' કે 'ગ્રામ સ્વરાજ' કહેવાય છે. તે સમાજ શુદ્ધ અરાજકતાની સ્થિતિમાં છે એવું ત્યારે કહેવાય જ્યારે તેમાં સામાજિક જીવન એ પૂર્ણતાએ પહોંચી ગયું હોય, જ્યારે એ સ્વયં સંચાલિત બની જાય. આ સ્થિતિમાં પ્રત્યેક વ્યક્તિ સ્વયં પોતાનો શાસક છે. આદર્શ સમાજ એક વિકેન્દ્રિત સમાજ હશે અને સમતા તેના પ્રત્યેક ક્ષેત્રની વિશેષતા હશે. ગાંધીજીએ એટલા માટે 'રામ રાજ્ય'ની કલ્પના કરી છે.

'રામ રાજ્ય'થી તેમનું તાત્પર્ય પ્રજાની પ્રભુસત્તાથી છે જે શુદ્ધ નૈતિક સત્તા પર આધારિત હોય. ગ્રામ પંચાયતોની સ્થાપના પર પણ ગાંધીજીએ ઘણો ભાર મૂક્યો છે. તેમનો એ નિશ્ચિત મત રહ્યો છે કે ભારતનું બંધારણ એ ગ્રામ પંચાયતોના આધાર પર જ બનાવાય. તેના માધ્યમથી જ સીધું અને સાચું પ્રજાતંત્ર સ્થાપિત કરી શકાય તેમ છે. આ મામલામાં ગાંધીજી થોરોના સમર્થક છે. થોરોએ પોતાના અરાજકતાવાદી સિદ્ધાંતમાં એક એવા રાજ્યની કલ્પના કરી છે, જેમાં શાસનનો અભાવ હશે. એ એક એવી વિચારધારા છે જે શક્તિ પર આધારિત શાસનની વિરુદ્ધ છે. તે મુખ્યત્વે રાજ્યના વિરોધી છે, કેમ કે રાજ્ય શક્તિનું મૂર્તરૂપ છે. અર્થાત્ એક એવો સમાજ જે રાજ્યવિહીન હોય અને, જેમાં વ્યક્તિગત સંપત્તિ અને ધનનો અંત આવે. 'એ સરકાર સૌથી સારી છે જે ઓછામાં ઓછું શાસન કરે' આ જે સિદ્ધાંત પર થોરોના વિચાર છે. ગાંધીજી પણ તેની તરફેણ કરે છે.

પોતાના રામરાજ્યની કલ્પના કરતા તેઓએ લખ્યું છે કે એ રાજ્યમાં રાજા અને રંક બંનેના અધિકારની સમાનરૂપે રક્ષા કરાશે અર્થાત્



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

રામ રાજ્ય અવશ્ય કાલ્પનિક છે, પરંતુ એવું કંઈક ને કંઈક પહેલાં હતું જ, તે પણ આપણે સાબિત કરી શકીએ છીએ. પોતાના ગ્રામ-સ્વરાજ્યનું ચિત્ર પ્રસ્તુત કરતાં તેઓએ લખ્યું છે, ''ગ્રામ સ્વરાજ અંગે મારો એવો અભિપ્રાય છે કે તે એક પૂર્ણ ગણરાજ્ય છે અને પોતાની મહત્ત્વપૂર્ણ અને પાયાની જરૂરિયાતોને માટે પોતાના પડોશીઓથી સ્વતંત્ર હોય છે... આ રીતે પ્રત્યેક ગામનું પ્રથમ કાર્ય પોતાનો ખાદ્ય પાક અને કપડાને માટે કપાસ ઉત્પન્ન કરવાનું છે. તેની પાસે પશુઓના ચારા માટે ઘાસચારાનો પૂરતો પ્રબંધ હોવો જોઈએ. અને બાળકો માટે રમવા માટે મેદાન હોવું જોઈએ. આ પછી જો ગામ પાસે વધારાની જમીન હોય તો એ એવા પાક ઉગાડે જેનાથી વધારે આવક થાય, જેમ કે શેરડી વગેરે, પરંતુ ગામ તમાકુ, અફીણ વગેરેનો પાક નહીં ઉગાડે.

ગામમાં પોતાનું એક થિયેટર, શાળા અને સાર્વજનિક સભા-ભવન હશે. શિક્ષણ સીનિયર બેઝિક કે મિડલ કક્ષા સુધી અનિવાર્ય હશે... ગામમાં કોઈ જ્ઞાતિ-જાતિના ભેદ તથા છૂત-અછૂત નહીં હોય જેમ કે આપણે આજકાલ જોઈએ છીએ.... ગામની સરકાર પાંચ વ્યક્તિઓની પંચાયત દ્વારા ચલાવાશે, જે દર વર્ષે ગામના વયસ્કો દ્વારા ચૂંટાશે. એ વયસ્કોમાં સ્ત્રી-પુરુષ બંને સામેલ થશે. અને તેઓમાં એ ઓછામાં ઓછી યોગ્યતાઓ હોવી જોઈએ જે ઉપરના હેતુઓ મુજબ કાર્ય કરે. આ પંચાયતોની પાસે એ બધા ક્ષેત્રઅધિકાર અને પ્રઅધિકાર હશે જે જરૂરી હોય. કેમ કે આજકાલ પ્રચલિત અર્થોમાં કોઈ દંડ દેવાની પદ્ધતિ નહીં હોય. એટલે એક વર્ષ સુધી પંચાયત ગામની સંમિલિત વિધાન-પાલિકા, ન્યાયપાલિકા અને કાર્યપાલિકાના રૂપમાં કાર્ય કરશે.... આ રીતે ગામમાં વ્યક્તિગત સ્વતંત્રતા પર આધારિત પૂર્વ લોકતંત્રની સ્થાપના થઈ શકે છે. વ્યક્તિ ખુદ પોતાની સરકારની નિર્માતા છે. અહિંસાના સિદ્ધાંતોથી ગામની પ્રત્યેક વ્યક્તિ અને સરકાર શાસિત હોય છે.'' (હરિજન સેવક - તા. ૨૬-૭-૧૯૪૨)

**સર્વોદયી સમાજની સ્થાપના**

'સર્વોદય' શબ્દ ગાંધીજીએ આપેલો છે. આ એક એવો શબ્દ છે, જેમાં 'સર્વભૂત હિતેરતાઃ'ની ભારતીય કલ્પના, સુકરાતની તત્ત્વ-સાધના, બાઇબલથી પ્રભાવિત રસ્કિનની અંત્યોદયની અવધારણા બધું એકસાથે સમાવિષ્ટ છે. સર્વોદય એક સામાજિક શબ્દ છે જે 'સર્વ' અને 'ઉદય'ના યોગથી બન્યો છે, જેનો અર્થ છે - 'બધાનો ઉદય' અને 'બધા પ્રકારથી ઉદય.'

'બધા પ્રકારથી ઉદય'નો અર્થ છે - સર્વાંગી વિકાસ. એ યોગ્ય છે કે સર્વાંગી વિકાસનો અર્થ બધાને માટે અલગ-અલગ છે. જેમ કે શુદ્ધ ભૌતિકવાદને માટે 'આવશ્યકતાની વૃદ્ધિની પૂર્તિના રાગમાં રત રહેવું' જ સર્વાંગી વિકાસ મનાશે, જ્યારે શુદ્ધ અધ્યાત્મવાદીને માટે 'બ્રહ્મ પ્રાપ્તિ' કે 'મોક્ષ પ્રાપ્તિ' જ પરમ પુરુષાર્થ છે. ગાંધીજીનું સર્વોદય દર્શન 'વર્ગ સમન્વય'નું સમર્થક છે. તેઓનું માનવું છે કે અમીરી અને ગરીબી બંને રોગ છે. વિપુલ સંગ્રહનું નામ અમીરી છે અને અલ્પ સંગ્રહનું નામ ગરીબી. અમીરને મોટી મિલકતોનો મોહ છે તો ગરીબને નાની મિલકતની ઇચ્છા છે. એટલે સર્વોદય અમીરને કહે છે કે તમે અમીરી છોડો અને ગરીબને કહે છે કે તમે ગરીબી છોડો. મૂળ છે - સંપત્તિના મોહને છોડવો.

સર્વોદયનું સ્વરૂપ એ સામ્યવાદી સમાજ સાથે મળતું છે, જેના આધાર પર રસ્કિને પોતાના પુસ્તક 'Unto This Last' લખ્યું. ''આ કથામાં એક દ્રાક્ષના માલિકે કેટલાક મજૂરોને સવારે એ શરતે કામ પર રાખ્યા કે પ્રત્યેકને એક પેની આપવામાં આવશે. બપોરે બીજા કેટલાક મજૂરો કામ શોધવા આવ્યા. તેઓને પણ એક પેનીના હિસાબે કામ પર રાખી લેવામાં આવ્યા. કેટલાક સાંજે આવ્યા, તેઓને પણ એ જ દરથી કામે રાખી લેવામાં આવ્યા. મોડી સાંજે મજૂરી ચૂકવવાનું શરૂ કરાયું. દરેકને હિસાબે ૧-૧ પેની ચૂકવવામાં આવી. સવારથી કામે આવેલા મજૂરોને આથી અસંતોષ થયો, કે દિવસભર કામ કરનારાને પણ એક પેની અને સાંજે માત્ર એક કલાક કામ કરનારને પણ એક પેની. આથી માલિક બોલ્યો, મારા ભાઈ મેં તારી સાથે અન્યાય તો નથી કર્યો. તમે એક પેનીના રોજ પર કામ કરવાનું મંજૂર કર્યું હતું ને ? તમારી મજૂરી લો અને ઘરે જાઓ. મને મારી ઇચ્છાનુસાર ખર્ચ કરવાનો અધિકાર છે ને ? કોઈ સાથે હું સારો વ્યવહાર કરું તો તેમાં તમને શું વાંધો છે, હું છેલ્લા આવેલાને પણ એટલી જ મજૂરી આપીશ જેટલી તમને આપી છે.''

'સવાર વાળાને જેટલું, સાંજ વાળાને પણ એટલું જ.' આ વાત સાંભળવામાં ભલે અટપટી લાગે, પરંતુ તેમાં માનવતાનું, સમાનતાનું તથા અદ્વૈતનું એ તત્ત્વ સમાયેલું છે જેના ઉપર સર્વોદયની વિશાળ ઈમારત ઊભી છે. સર્વોદય કહે છે, 'તમે બીજાને જિવાડવા જીવો, હું તમને જિવાડવા માટે જીવું. ત્યારે બધાનો સર્વોદય થશે.' એટલા માટે ગાંધીજીનો સર્વોદય એવા વર્ગવિહીન, જ્ઞાતિવિહીન અને શોષણવિહીન સમાજની સ્થાપના કરવા ઇચ્છે છે, જેમાં દરેક વ્યક્તિ અને સમૂહને પોતાના સર્વાંગી વિકાસનાં સાધન અને તક મળે. એ ક્રાંતિ, અહિંસા અને સત્ય દ્વારા જ શક્ય છે. સર્વોદય તેનું જ પ્રતિપાદન કરે છે. સર્વોદય શબ્દ ભલે નવો હોય પરંતુ એનો અર્થ સૌનું જીવન સાથે-સાથે સંપન્ન થાય, એટલો જ છે. સૌનો સાથે વિકાસ થાય એટલે કે - સર્વોદય.

સર્વોદયી સમાજનાં મુખ્ય તત્ત્વ આ પ્રમાણે છે -

૧. શ્રમને બદલે ભાવના આધાર હોય.

૨. આત્મ-નિયંત્રણ અને સદાચાર હોય.

૩. સર્વાંગી સમાનતા હોય.

૪. ધર્મની પ્રાથમિકતા ન હોય.

સર્વોદયી સમાજ વર્ગ, જ્ઞાતિ અથવા અન્ય દળોથી વિહીન સમાજનો આદર્શ ઊભો કરે છે. તેમાં કોઈ પણ પ્રકારના શોષણનું કોઈ સ્થાન નથી. તેમાં કોઈ પાસે બળપૂર્વક કોઈ કામ નથી કરાવી શકાતું, એટલે સુધી કે મૂડીપતિઓ દ્વારા શોષણના આધારે જમા કરાવેલી સંપત્તિ પણ તેઓ પાસેથી બળપૂર્વક નથી છીનવી શકાતી. ગાંધીજી રાજકીય, આર્થિક



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અને સામાજિક બધાં ક્ષેત્રોમાં શક્તિનું વિકેન્દ્રિકરણ કરવા ઇચ્છતા હતા. રાજકીય ક્ષેત્રમાં વિકેન્દ્રીકરણનો અર્થ ગામોમાં પંચાયતની સત્તાની સ્થાપના છે. આર્થિક ક્ષેત્રમાં વિકેન્દ્રીકરણનું તાત્પર્ય ધનને અમુક જ વ્યક્તિઓ, સંસ્થાઓ અથવા રાજ્યના હાથમાં કેન્દ્રિત ન થવા દેતાં વધુ ને વધુ વ્યક્તિઓમાં વિતરિત કરવું તે છે. સામાજિક વિકેન્દ્રીકરણનું તાત્પર્ય બધા પ્રકારની અસ્પૃશ્યતા અને ઊંચ-નીચની ભાવનાને દૂર કરવી એવું છે.

ગાંધીજીએ પ્લેટોની માફક જ એક આદર્શ રાજ્યની કલ્પના કરી અને માનવપ્રકૃતિની પોતાની સીમાઓને તેઓ જાણતા હોવાથી પ્લેટોના ઉપઆદર્શની જેમ જ વ્યાવહારિક સમાજવ્યવસ્થાના આદર્શની પણ રૂપરેખા સાથે આપી દીધી. તેને તેઓએ અરસ્તુની માફક મધ્યમ માર્ગ કહ્યો. તેઓએ જણાવ્યું કે અહિંસા અને લોકતંત્ર બંનેનો પાયાનો સિદ્ધાંત છે - બધા માનવીઓની નૈતિક અને આધ્યાત્મિક સમતા. પોતાની શક્તિ મુજબ એ આદર્શો અનુસાર આચરણ કરવું જ મધ્યમ માર્ગ છે.

ગાંધીજીના આદર્શ સમાજની રૂપરેખા આ પ્રમાણે છે :

### ૧. આદર્શ સમાજ એક વિકેન્દ્રિત સમાજ હશે

ગાંધીજી કહેતા હતા કે આદર્શ સમાજ એક વિકેન્દ્રિત સમાજ હશે. તેમાં પ્રત્યેક ક્ષેત્રમાં સમાનતા હશે. તેઓના મતાનુસાર કેન્દ્રીકરણથી સત્તા થોડી જ વ્યક્તિઓના હાથમાં એકત્ર થઈ જાય છે અને તેનાથી તાનાશાહી જન્મે છે. કેન્દ્રીકરણથી જીવનની જટિલતા વધી જાય છે, પરિણામે સરકારી કામકાજમાં વિશેષજ્ઞોનું મહત્ત્વ વધી જાય છે. વ્યક્તિનો નૈતિક વિકાસ પણ તેનાથી નથી થઈ શકતો, એટલે ગાંધીજીએ ૧૯૪૨માં લખેલું ''કેન્દ્રીકરણ સમાજની અહિંસક વ્યવસ્થા સાથે મેળ નથી ખાતું.'' (હરિજન - તા. ૧૮-૧-૧૯૪૨) પોતાનો મત વ્યક્ત કરતાં તેઓએ કહ્યું હતું, ''જો ભારતે અહિંસક રીતે વિકાસ કરવો હોય તો તેણે અનેક વાતોનું વિકેન્દ્રીકરણ કરવું પડશે. કેન્દ્રીકરણનું સંચાલન અને તેનું રક્ષણ પૂરતી શક્તિ વિના નથી થઈ શકતું.'' (હરિજન - તા. ૧૮-૧-૧૯૪૨)

આ જ ઉદ્દેશની પ્રાપ્તિ માટે તેઓ કહેતા હતા કે ગ્રામોદ્યોગ અને ઉત્પાદનનાં સાધનો પર આમ જનતાનું સ્વામિત્વ હોવું જોઈએ. સત્યાગ્રહીએ પોતાના સ્થાનના નિવાસીઓ સાથે વ્યક્તિગત સંપર્ક જાળવી રાખવા જોઈએ, પરંતુ એ ત્યારે જ શક્ય છે જ્યારે સ્થાન નાનું હોય. આ કારણે ગાંધીજીએ વિકેન્દ્રીકરણ પર ભાર મૂક્યો છે.

### ૨. અહિંસક આધ્યાત્મિક સમાજમાં પંચાયતી રાજ વ્યવસ્થા પર ભાર મુકાશે

ગાંધીજીના મતાનુસાર અહિંસક માનવીઓમાં ગંભીર ઝઘડા ખૂબ જ ઓછા થશે. જે થશે, તેનું નિવારણ પરસ્પર ચર્ચા-વિચારણા, સમજાવવા-મનાવવાથી અને ક્યારેક અહિંસક પ્રતિરોધથી થઈ જશે. એટલે ગાંધીજીએ પંચાયતી રાજ વ્યવસ્થા પર વિશેષ ભાર મૂક્યો છે. તેમના મતાનુસાર, પંચાયતોની વ્યવસ્થા એક આદર્શ સમાજની રચનામાં સહાયક સાબિત થશે. તેઓએ લખ્યું છે કે, ''સાચું લોકતંત્ર કેન્દ્રમાં બેઠેલા સંગીન વ્યક્તિઓ દ્વારા ન ચલાવી શકાય. તેનું સંચાલન પ્રત્યેક ગામના સામાન્ય લોકો દ્વારા થવું જોઈએ... ગામોનો પ્રત્યેક સમૂહ પંચાયત પદ્ધતિ રાખી શકે છે, ભલે તે શેષ ભારતમાં છે અથવા નહીં. સાચા અધિકારી કર્તવ્ય-પાલનના ફળસ્વરૂપ પ્રાપ્ત થાય છે. કોઈ પણ વ્યક્તિ તેઓ પાસેથી એ અધિકારો છીનવી શકતી નથી. ભારતના સાચા લોકતંત્રમાં ગામડું એકમ હશે. જો એક ગામ પંચાયતી રાજ ઇચ્છે તો કોઈ તેને રોકી શકે નહીં.'' (હરિજન - તા. ૧૮-૧-૧૯૪૨)

પંચાયતનો અર્થ સ્પષ્ટ કરતાં ગાંધીજીએ લખ્યું છે કે પંચાયત એક જૂની સંસ્થા છે. તે એક સારો શબ્દ છે. તેનો અર્થ છે, પાંચ વ્યક્તિઓની સભા. તે એક એવી પદ્ધતિનું પ્રતીક છે જેના દ્વારા ભારતનાં અનેક ગ્રામીણ ગણરાજ્યોનું શાસન ચાલતું હતું. પરંતુ બ્રિટિશ સરકારે પોતાની રાજસ્વ પદ્ધતિ દ્વારા તેનો નાશ કરી નાખ્યો. ગાંધીજીના મતાનુસાર સ્વતંત્રતા નીચેથી શરૂ થવી જોઈએ. એ રીતે પ્રત્યેક ગામમાં એક ગણરાજ્ય કે પંચાયત હશે જેની પાસે પૂરી સત્તા હશે. તેનું એ પરિણામ આવે છે કે પ્રત્યેક ગામે આત્મનિર્ભર થવું જોઈએ અને પોતાના પ્રબંધ કરવા યોગ્ય થવું જોઈએ, એટલે સુધી કે તે સમગ્ર વિશ્વથી પોતાનું રક્ષણ કરી શકે. તેને એટલું શિક્ષણ આપવું જોઈએ અને તૈયાર કરવા જોઈએ કે તે બહારનાં આક્રમણોથી પોતાનું રક્ષણ કરવામાં નષ્ટ થવા માટે તૈયાર રહે. પંચાયતનાં કાર્યોનું વર્ણન કરતાં તેઓએ જણાવ્યું છે કે પંચાયતનું સર્વપ્રથમ કાર્ય એ છે કે એ ગ્રામીણ પ્રજાને ઝઘડાથી બચતા શીખવે કે તેઓના ઝઘડાનું નિવારણ કરે. તેનાથી ગ્રામીણ પ્રજાને કોઈ જ ખર્ચ વિના ન્યાય મળશે. પંચાયતોએ દૂધ દેવાવાળાં પશુઓમાં કંઈક સુધારો કરવો જોઈએ જેથી તે વધારે દૂધ આપે. પંચાયતોને ખાદ્ય અન્ન વધારે ઉત્પન્ન કરવામાં વિશેષ સહાય આપવી જોઈએ. આ હેતુસર જમીનમાં વધારે ખાતર વાપરવાની વ્યવસ્થા કરવી જોઈએ.... અને નશીલી વસ્તુઓના ઉપયોગને બંધ કરવા જોઈએ. પંચાયતોએ પ્રજાના શિક્ષણ અને તેઓના કલ્યાણ તરફ વધારે ધ્યાન આપવું જોઈએ.

### ૩. આદર્શ સામજમાં સામાજિક અને આર્થિક સમાનતા અવશ્ય રહેવી જોઈએ

ગાંધીજીએ આર્થિક અને સામાજિક સમાનતા પર ભાર મૂક્યો છે. તેઓએ કહ્યું છે કે પ્રેમ અને અંગત સંપત્તિ સાથે ન ચાલી શકે. તાત્ત્વિક દૃષ્ટિએ જ્યારે પૂર્ણ પ્રેમ હોય, ત્યારે પૂર્ણ અપરિગ્રહ પણ હોવો જોઈએ. એટલે તેઓએ વર્ણ-નિયમ, શરીર-શ્રમ અને અપરિગ્રહના આદર્શોને અપનાવવાની સલાહ આપી છે, જેનાથી પૂર્ણ આર્થિક અને સામાજિક સમાનતા સ્થાપિત થઈ જાય.

આર્થિક સમાનતાનો ઉલ્લેખ કરી ગાંધીજીએ લખ્યું છે, ''મારી કલ્પનાની આર્થિક સમાનતાનો અર્થ એ નથી કે દરેકને અક્ષરશઃ એ જ માત્રામાં કોઈ ચીજ મળે. તેનો અર્થ એટલો જ છે કે દરેકને પોતાની જરૂરિયાત માટે પર્યાપ્ત મળી જવું જોઈએ. આ રીતે આર્થિક સમાનતાનો સાચો અર્થ એ છે કે સૌને પોત-પોતાની જરૂર અનુસાર મળે. માકર્સની પણ વ્યાખ્યા એ જ છે. જો એકલો પુરુષ પણ એટલું જ માંગે જેટલું પત્ની અને ચાર બાળકોવાળો પુરુષ માંગે તો તે આર્થિક સમાનતાના સિદ્ધાંતનો ભંગ થયો ગણાશે.... દરેકને સમતોલ ભોજન, રહેવા માટે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સારું મકાન, બાળકોને શિક્ષણની સુવિધા અને દવાની પૂરતી મદદ મળવી જોઈએ. આ છે મારી આર્થિક સમાનતાનું ચિત્ર.''

### ૪. આદર્શ સમાજમાં ખેતી જ મુખ્ય વ્યવસ્થા

આદર્શ સમાજ ખેતીપ્રધાન હશે અને એ ગ્રામીણ સભ્યતાને અપનાવશે. ઉત્પાદનના મુખ્ય સ્રોત ગ્રામીણ ઉદ્યોગ-ધંધા હશે. ઘરેલુ ઉદ્યોગ-ધંધાથી નૈતિક, શારીરિક અને આર્થિક લાભ થશે. ગાંધીજી મોટાં-મોટાં કારખાનાંની તરફેણમાં એટલા નહોતા, જેટલા ઘરેલુ-ગૃહ ઉદ્યોગ ધંધાની તરફેણમાં હતા. તેમના મતાનુસાર મોટાં કારખાનાંનો અર્થ છે - શોષણ અને હિંસા. એટલે તેમને વિશ્વાસ હતો કે એક ભાવિ આધ્યાત્મિક સમાજનો વિકાસ સ્વાવલંબી ગામોના આધાર પર જ થઈ શકે છે.

### ૫. આદર્શ સમાજમાં શાસનનું રૂપ લોકતાંત્રિક હશે

ગાંધીજીના આદર્શ સમાજના શાસનનું રૂપ પૂર્ણરૂપે લોકતાંત્રિક હશે. જનતાને ન માત્ર મત આપવાનો અધિકાર પ્રાપ્ત થશે, પરંતુ જનતા સક્રિય રૂપે શાસનના સંચાલનમાં પણ ભાગ લેશે. શાસન સત્તા સીમિત હશે અને બધાં શક્ય રૂપોમાં જનતા પ્રત્યે જવાબદાર હશે.

### ૬. સ્વદેશીનો આદર્શ જ સમાજનો ગુણ છે

આદર્શ સમાજમાં સ્વદેશીનો આદર્શ હશે અને ભાગ્યે જ તેને બીજા દેશો સાથે વ્યાપાર કરવો પડે. અન્ય સ્થાનો સાથે તેનો વ્યાપાર માત્ર એવી આવશ્યક વસ્તુઓને માટે હશે જેને એ સ્વયં પેદા નથી કરી શકતો. પ્રદેશો અને જિલ્લાઓમાં પણ એક-બીજા સાથે બહુ વ્યાપાર નહીં થાય.

### ૭. આદર્શ સમાજમાં પરિવહનના ભારે સાધન, મોટાં નગર, વકીલ અને કચેરીઓ નહીં હોય

ગાંધીજીને વિશ્વાસ હતો કે આદર્શ સમાજમાં ન તો પરિવહનનાં ભારે સાધન હશે, ન વકીલ અને ન તો કચેરીઓ હશે, ન આજના જેવા ડૉક્ટર અને દવાઓ હશે, ન મોટાં નગર હશે. ગાંધીજીનું કહેવું હતું કે હું હૃદયનું અંતર અને સમય ઘટાડવાની પાશવિક વાસનાઓની વૃદ્ધિ કરવા તરફ તેના સંતોષને માટે ભૂમંડળના છેડા સુધી ચાલ્યા જવાની એ ઉન્માદપૂર્વક આકાંક્ષાની ઘૃણા કરું છું. ગાંધીજીના મતે હિંદુસ્તાનની મુક્તિ એમાં છે કે તેણે જે કાંઈ ૫૦ વર્ષમાં શીખ્યું છે, તેને ભૂલવી દે.

### ૮. આદર્શ સમાજનો આધાર નાગરિક અધિકારો પર હશે

ગાંધીજીનું રાજ્ય સ્વતંત્રતા, સમાનતા તથા અન્ય નાગરિક અધિકારો પર આધારિત હશે. આ સમાજમાં પ્રત્યેક વ્યક્તિને પોતાના વિચાર વ્યક્ત કરવા અને સમુદાયોના નિર્માણની સ્વતંત્રતા હશે. આ સમાજ અંતર્ગત જ્ઞાતિ, ધર્મ, ભાષા, વર્ણ અને જાતિ વગેરે ભેદભાવ વિના બધા લોકોને સમાન સામાજિક અને રાજકીય અધિકાર પ્રાપ્ત થશે.

### ૯. આદર્શ સમાજમાં ખેતી સહકારી રીતે થશે

ગાંધીજીના મતાનુસાર ખેતી સ્વેચ્છા પર આધારિત પદ્ધતિએ થવી જોઈએ. ગાંધીજીની સહકારી ધારણા એ હતી કે જમીન ખેડૂતોના સહકારી સ્વામિત્વમાં થાય અને ખેડ તથા ખેતી સહકારી રીતે થાય. તેનાથી શ્રમ, મૂડી અને ઓજારોની બચત થશે. ભૂમિના માલિક સહકારથી કાર્ય કરશે અને મૂડી, ઓજાર, પશુ, બીજ વગેરેના સહકારી સ્વામી હશે. તેમની ધારણા હતી કે સહકારી ખેતી દેશનું રૂપ બદલી નાખશે અને ખેડૂતોની વચ્ચે નિર્ધનતા અને આળસને દૂર કરી દેશે.

### ૧૦. આદર્શ સમાજમાં કુદરતી સારવાર પર ભાર મુકાશે

ગાંધીજીએ લખ્યું છે, ''શરીર-શ્રમ અને અપરિગ્રહના આદર્શો હોવાને કારણે ન તો રૂપિયા લઈ સારવાર કરવાવાળા ડૉક્ટર અને વૈદ્ય હશે અને ન તો દવાઓનું મોટા પાયે ઉત્પાદન થશે. જ્યારે જીવન સરળ, પ્રાકૃતિક અને સંયમિત થશે, જ્યારે દરેક માનવી ખેતી અને ગૃહ ઉદ્યોગ-ધંધામાં પરિશ્રમ કરશે... ત્યારે નાગરિકના આત્મસંયમના કારણે આજના અનેક રોગોનું નામ પણ નહીં રહે. જે નાની-નાની બીમારીઓ રહી પણ જશે, તેની સારવારને માટે કુદરતી સારવારની પદ્ધતિઓ હશે.''

## ભાવિ સમાજ અંગે શ્રીઅરવિંદની અવધારણા

શ્રીઅરવિંદે આધ્યાત્મિક આધાર પર રાજકીય સમાજનું ચિત્ર પ્રસ્તુત કર્યું છે. આ સંબંધમાં તેઓ પોતાની બે માન્યતાઓ રજૂ કરે છે. (૧) આદર્શની પ્રાપ્તિ શક્ય છે. (૨) આપણું ઉત્થાન એ કારણે શક્ય છે કે ઉચ્ચતર રૂપોનું નિમ્ન રૂપોમાં અવતરણ થાય છે. એક ઉદાહરણ જોઈએ : જ્યારે આપણે જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ ત્યારે તેનો અર્થ છે કે આપણે ઉપર ઊઠ્યા છીએ - જે ઉપર હતા, તેની તરફ વધ્યા છીએ. પરંતુ તેનો એ પણ અર્થ થાય છે કે જે જ્ઞાન આપણાથી દૂર હતું અને ઊંચે હતું તે હવે આપણા સુધી ઊતરી આવ્યું. આ રીતે આપણા ઉત્થાનને અનુરૂપ જ્ઞાનનું અવતરણ થયું છે અને તેનાથી આપણું આધ્યાત્મિક ઉત્થાન શક્ય બન્યું છે.

સૃષ્ટિના સર્જનનું મૂળ કારણ તેઓએ માયાને ગણાવ્યું છે. આ વિશ્વને તેઓએ આનંદની અભિવ્યક્તિ ગણાવ્યું છે અને તેનાથી આ સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. આ વિશ્વ કે જેના આપણે અંશ છીએ, તેમાં દરેક પળે નવાં-નવાં રૂપ વ્યક્ત થતાં રહે છે. આ નવા રૂપની અભિવ્યક્તિનું કારણ જો આપણે સમજી શકીએ, ત્યારે આપણે પણ એ આનંદના અંશ બની જઈએ છીએ. તેનાથી સ્પષ્ટ પ્રકટ થાય છે કે વિશ્વપ્રક્રિયા સચ્ચિદાનંદનો જ અંશ છે - એ જ ખેલ છે, એ જ ખેલાડી છે, એ જ ક્રિડાસ્થળ છે. આ બધી અભિવ્યક્તિઓ તેના આનંદ-રૂપની જ અભિવ્યક્તિઓ છે. આ રીતે માયા જ એ શક્તિ છે જે સૃષ્ટિને રૂપ આપે છે. તે સચ્ચિદાનંદની જ શક્તિ છે જે સૃષ્ટિનું રૂપ સ્પષ્ટ કરે છે. માનવીનો નૈતિક વિકાસ જ આધ્યાત્મિક સમાજનું લક્ષ્ય છે.

માનવીએ સભ્યતા અને સંસ્કૃતિ, વિજ્ઞાન, અને શિક્ષણ-વ્યવસ્થા, સામાજિક અને રાજકીય સંસ્થાઓ વગેરે વિકાસનાં કેટલાંય સાધનો અપનાવ્યાં છે. તેમાંથી પ્રત્યેક સાધન તેને થોડે દૂર અવશ્ય લઈ જાય છે, પરંતુ તેમ છતાં કોઈ એક જ સાધને એકલાએ એને

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભૂદાન યજ્ઞ : ગઈ કાલ, આજ અને આવતીકાલ

**ભૂ**દાનયજ્ઞની શરૂઆતને ૭૫ વર્ષ થવા જઈ રહ્યાં છે, એ સંદર્ભે આ મિત્રમિલનનો વિષય છે : ''ભૂદાનયજ્ઞ : માનવતાનું આરોહણ.'' ભૂદાન-યજ્ઞનું આનાથી વધારે યોગ્ય શબ્દોમાં વર્ણન થઈ શકે તેમ નથી.

ભૂદાન-યજ્ઞ માનવતાનું જ આરોહણ હતું. વિનોબાએ ફક્ત 'ભૂદાન' કહ્યું નહોતું પણ ભૂદાન-યજ્ઞ કહ્યો હતો. 'ભૂદાન' શબ્દથી લાગે છે કે તે જમીનનું દાન મેળવવાનો કાર્યક્રમ હતો. અને એ બાબતમાં હંમેશાં ઉપર ઉપરથી આવી સમજણ દેખાય છે. અલબત્ત, ભૂદાન, જમીનનું દાન જમીનવાળા પાસેથી પ્રાપ્ત કરી એને ભૂમિહીનોમાં વહેંચવાનો કાર્યક્રમ જ હતો. તે ભૂમિસમસ્યાનું સમાધાન કરવા માટેની શરૂઆત હતી સાથે જ અંત્યોદયનો પણ એક પ્રયત્ન હતો. ભૂમિનો છેડો પકડીને ગામડાઓના નવનિર્માણની શરૂઆત કરવાનો એનો ઉદ્દેશ તો હતો જ. પણ એથી ય કંઈક વિશેષ હતું; વ્યક્તિ અને સમાજને જીવનમૂલ્યોની દીક્ષા આપી, માનવતાને એક ઉચ્ચતર નૈતિક અને આધ્યાત્મિક ભૂમિ પર લઈ જવાની ઇચ્છા હતી. આથી આયોજકોને આ વિષયને પસંદ કરવા માટે તેમજ એના સારગર્ભિત (અર્થસભર) વર્ણન કરવાને માટે ધન્યવાદ આપવા ઇચ્છું છું.

ભૂદાનયજ્ઞનો ઇતિહાસ મેં હિંદીમાં 'સબ ભૂમિ ગોપાલકી' નામે લખ્યો છે. એ ત્રણ ભાગમાં પ્રકાશિત થયો છે. લગભગ એક હજાર પાનાઓમાં તે છે. ભૂદાનયજ્ઞ દ્વારા આટલું બધું જે થયું તેને ફક્ત એક હજાર પાનાંમાં રજૂ કરવાનું મુશ્કેલ હતું. ઘણું બધું અર્ધું રહી ગયું છે. હાલમાં આ પુસ્તક અપ્રાપ્ય છે. છતાં એને મેળવી આપવાની વ્યવસ્થા કરી શકાય તેમ છે. ભૂદાન-યજ્ઞનો મરાઠી અને અંગ્રેજીમાં મેં લખેલો ઇતિહાસ પણ મળે છે. હું ઉલ્લેખ કરવા ઇચ્છું કે vinoba.in વેબસાઈટ પર ભૂદાન-યજ્ઞ અંગેની હજારો પાનાંની સામગ્રી છે. થોડા સમયમાં શું કહેવું, એ નક્કી કરવું અઘરું છે. ભૂદાન આંદોલનના અનુભવ અને આ આંદોલન વખતે જે વિચારોનું આરોહણ થયું તેની વાત તો આ મંચ થકી કહેવાશે. એટલે હું આંદોલનની એક ઝલક સિંહાવલોકનની રીતે રજૂ કરીશ. સાથેસાથે આ સંદર્ભમાં આગળ પણ શું કરી શકાય એ બાબતમાં મને શું લાગે છે એ પણ કહીશ.

ભૂદાન-ગ્રામદાન આંદોલન સમગ્ર દેશમાં ચાલ્યું. હજારો કાર્યકર્તાઓ એમાં સહભાગી થયા. જે કંઈ પણ થયું તે એ બધા કાર્યકર્તાઓની નિષ્ઠા, ત્યાગ અને પરિશ્રમનું ફળ હતું. તેમ છતાં મૂળભૂત રીતે તો તે વિનોબાનું આંદોલન હતું. તેઓ જ એના પ્રણેતા, નેતા, વિચારક હતા. આંદોલનની પ્રગતિ, વિનોબાનું યાત્રા સાથે જોડાઈ રહેવું એ સ્વાભાવિક હતું. આથી વિનોબાની એ યાત્રા પર એક નજર નાંખવી અને તેમાં બનેલા મુખ્ય બનાવોને ચિત્રિત કરવાનું યોગ્ય થશે.

જેમ કે બધા લોકો જાણે છે, ૧૮ એપ્રિલ-૧૯૫૧ના દિવસે તેલંગણાના પોચમપલ્લી ગામમાં, વિનોબાને રામચંદ્ર રેડ્ડી નામના સજ્જને ગામના ભૂમિહીનો માટે એકસો (૧૦૦) એકર જમીન દાનમાં આપી. વિનોબા ત્યાં પદયાત્રા કરતા પહોંચ્યા હતા. ગાંધીજીના ગયા પછી એમના વિચાર અને કાર્યક્રમને આગળ ધપાવવા માટે એમની (વિનોબા) તરફ જ જોવામાં આવતું હતું. તે માટે દેશની ગૂંચવાયેલી સમસ્યાઓના સમાધાન માટેનો અહિંસક રસ્તો શોધવો જરૂરી હતો. વિનોબા એની જ શોધમાં હતા. તેલંગણામાં સામ્યવાદીઓ દ્વારા જે સશસ્ત્ર સંઘર્ષ તે સમયે ચાલતો હતો એનાથી ભૂમિ સમસ્યાનું મહત્ત્વ સમજાયું. પોચમપલ્લીની એ ઘટનાથી જાણે વિનોબાને ભગવાનનો ઈશારો મળી ગયો. એમણે ભૂદાન માંગવાનું શરૂ કર્યું. ત્યાંથી પવનાર આવ્યા ત્યાં સુધીમાં લગભગ ૨૦૦ ગામમાંથી એમણે ૧૨,૨૦૧ એકર જેટલી જમીન ભૂદાન મારફતે મેળવી.

એક ફકીર માણસને, જેની પાસે કોઈ અધિકારનું પદ નહોતું તેને લોકો દ્વારા જમીન જેવી કીમતી વસ્તુ આપી દેવી અને તે પણ એવા સમયે અને તે પણ ધાર્મિક કામ માટે નહીં પણ ભૂમિહિનોનો જમીન પર હક છે એ સમજી-સ્વીકારીને આપવું - આ અભૂતપૂર્વ ઘટના હતી. વિનોબા હકની રીતે જ જમીન માંગતા હતા. તે પણ માત્ર મોટા જમીનદારો પાસેથી જ નહીં પરંતુ જેની પાસે થોડીઘણી જમીન હતી એવા લોકો પાસેથી પણ જમીન માંગતા હતા. આ બહુ મોટી વાત છે. કેટલાય લોકોને આ વાત બહુ નજરે પડી નથી. એમ કહેવાતું કે મોટા જમીનદારો પાસેથી જ જમીન માંગવામાં આવી છે એ સદંતર ખોટું છે. વિનોબા સૌને દીક્ષા આપવાનું વિચારતા હતા. ઘણા બધા લોકો એવા હતા કે જેમની પાસે નામ માત્રની જમીન હતી તેમાંથી પણ એક ટુકડો આપ્યો. ક્યારેક તો જેટલી જમીન પાસે હોય તેટલી પણ આપી દીધી. એવા કેટલાક દાખલાઓ બન્યા છે. આ વાત જ ભૂદાનને ભૂદાન-યજ્ઞ બનાવે છે.

તેલંગણા-આંધ્રથી જૂન ૧૯૫૧માં પવનાર પહોંચ્યા પછી ફરીથી ભૂદાન માટે નીકળવાનો વિચાર વિનોબાને નહોતો. પણ તે વખતના પ્રધાનમંત્રી પંડિત નહેરુજીના પ્લાનિંગ કમિશનની બેઠક માટેના નિમંત્રણને કારણે ૧૨ સપ્ટેમ્બર ૧૯૫૧ના દિવસે વિનોબા દિલ્હી જવા નીકળ્યા. ચાલતા જ જવાનું નક્કી કરેલું. પછી તો ભૂદાન માંગતા ચાલતા રહ્યા. ૧૩ વર્ષ સતત ચાલતા જ રહ્યા. એમના પગ થોભ્યા જ નહીં. ઇતિહાસમાં આવું કોઈ બીજું ઉદાહરણ જડતું નથી. ૧૯૫૨માં ફક્ત પહેલા વર્ષે વરસાદના દિવસોમાં સવા બે મહિના યાત્રા સ્થગિત રહી. બાકી ૧૨ વર્ષના બધા જ દિવસોમાં ભીષણ ગરમી, વરસાદ, ઠંડીમાં વિનોબા સતત ચાલતા જ રહ્યા. તબિયત નાજુક હતી. પેટમાં અલ્સરની તકલીફ હતી. પણ કોઈ વસ્તુ એમને રોકી શકી નહીં, કે કોઈ વિચલિત કરી શક્યું નહીં.

દિલ્હી પહોંચતાં પહેલાં ત્યાંના લોકોને માટે વિનોબાએ એક નાનકડો સંદેશો મોકલ્યો હતો. તેમાં જણાવ્યું હતું કે ''હું ભિક્ષા માંગવા નહીં, હક માંગવા આવી રહ્યો છું, દીક્ષા આપવા આવી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

રહ્યો છું.'' એમાં ભૂદાનનું સાર તત્ત્વ આવી જાય છે.

દિલ્હીમાં ૧૧ દિવસોમાં ૧૨૦૦ એકર ભૂદાન મળ્યું. દિલ્હીથી વિનોબા ઉત્તરપ્રદેશ ગયા. ઉત્તરપ્રદેશની યાત્રા ૨૯૧ દિવસ ચાલી. જેમાં, ૨,૯૫,૦૫૪ એકર ભૂદાન મળ્યું. ઉત્તરપ્રદેશમાં સૌ પ્રથમ ભૂદાન કાયદો બન્યો. જેમાં ભૂદાન-જમીનની વહેંચણીનું કામ, વિનોબા દ્વારા નિમણૂક કરાયેલ ભૂદાન બોર્ડને સોંપવામાં આવ્યું. પછી જ્યારે દેશનાં બીજાં રાજ્યોમાં ભૂદાન કાયદો બન્યો, ત્યારે એમાં પણ એવી રીતની વ્યવસ્થા કરવામાં આવી. કાયદામાં એક વ્યક્તિને અધિકાર સોંપવામાં આવ્યો અને તે પણ એવી વ્યક્તિને જે, સરકારમાં કોઈ પણ અધિકારના પદ પર ન હોય. આ એક અસાધારણ વાત હતી. ઉત્તરપ્રદેશ યાત્રાની બીજી એક બહુ મોટી ઉપલબ્ધિ હતી – મંગરોઠ ગામના બધા જ જમીનદારો દ્વારા પોતાની બધી જ જમીનોનું દાન આપવામાં આવ્યું, જેને ગ્રામદાન કહેવાયું. તે પછી તો ગ્રામદાનની કલ્પનાનો ખૂબ જ વિકાસ થયો.

શરૂઆત તો વિનોબાએ એકલા જ કરી હતી, પણ ગાંધી વિચારના લોકો સ્વાભાવિક રીતે જોડાતા ગયા. ઘણા બધા નવા લોકો પણ આ તરફ આકર્ષિત થયા અને જોડાતા ગયા. ભૂદાન એક દેશવ્યાપી આંદોલન બની ગયું. દેશનાં અનેક રાજ્યોમાં, ઘણી જગ્યાએ પદયાત્રાઓ, શિબિર, સંમેલનની એક પરંપરા શરૂ થઈ. વિનોબાને તો ભૂદાન મળી જ રહ્યું હતું પણ સામાન્ય કાર્યકર્તાઓને પણ ભૂદાન મળવા માંડ્યું, માત્ર એ વાતે જ કે તેઓ વિનોબાના માણસ હતા. દેશ-વિદેશના અનેક લોકો આ આંદોલનને ઉત્સુકતાથી જોવા માંડ્યા. તે ઉપરાંત બીજા અનેક લોકો આ પ્રક્રિયાને સમજવા માટે આવવા લાગ્યા. રાજનૈતિક પાર્ટીના કાર્યકર્તાઓનો સહયોગ પણ મળવા માંડ્યો.

ઉત્તરપ્રદેશથી વિનોબા ૧૪ સપ્ટેમ્બર, ૧૯૫૨માં બિહારમાં આવ્યા. ત્યાં પહોંચ્યા કે તરત એમણે રાજ્યની ભૂમિસમસ્યાનો સંપૂર્ણ રીતે ઉકેલ લાવવાની વાત કરી. એ માટે ૩૨ લાખ એકર ભૂદાન મેળવવાનું લક્ષ્ય સામે રાખ્યું. જયપ્રકાશ નારાયણ જેવા દિગ્ગજ સમાજવાદી નેતા, પક્ષનીતિ અને રાજનીતિને છોડીને ભૂદાનમાં જોડાયા. જેનાથી આંદોલનને ખૂબ બળ મળ્યું. ચાંડિલમાં ૧૯૫૩માં – માર્ચ મહિનામાં યોજાયેલ સર્વોદય સંમેલનના ઐતિહાસિક ભાષણમાં વિનોબાએ 'હિંસાશક્તિની વિરોધી અને દંડશક્તિથી ભિન્ન એવી ત્રીજી શક્તિ – લોકશક્તિ'નો વિચાર પ્રસ્તુત કર્યો. સર્વોદયની અહિંસક કાર્યપદ્ધતિના વિચાર-શાસન અને કર્તૃત્વ વિભાજનનાં તત્ત્વો પણ સમજાવ્યાં. વિનોબાનું આ પ્રકારનું યોગદાન ઐતિહાસિક, મૌલિક અને ચિરંતન છે. એનાથી લક્ષ્ય અને કાર્યપદ્ધતિ સ્પષ્ટ થયાં, સાધ્ય અને સાધન પણ.

બિહારમાં જ બોધગયામાં એપ્રિલ ૧૯૫૪માં થયેલ સર્વોદય સંમેલનમાં જયપ્રકાશજીએ આ કાર્ય માટે જીવનદાનની જાહેરાત કરી. વિનોબાએ પોતે પણ જીવનદાનની જાહેરાત કરી અને સાથે જ તે શા માટે એ પણ સ્પષ્ટ કર્યું – ''ભૂદાનમૂલક, ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિને માટે.'' સંમેલનમાં જાણે કે વીજળીનો સંચાર થયો. સાતસો (૭૦૦) લોકોએ જીવનદાનની જાહેરાત કરી.

વિનોબા બિહારમાં ૩૧ ડિસેમ્બર ૧૯૫૪ સુધી, એટલે કે બે વર્ષ અને ૧૦૦ દિવસથી પણ થોડા વધારે સમય સુધી રહ્યા. બિહારમાંથી ૨,૮૬,૪૨૦ દાનપત્રો થકી (૩૨ લાખ એકરના લક્ષ સામે) ૨૨,૩૨,૫૭૪ એકર ભૂદાન મળ્યું.

બિહારથી વિનોબા બંગાળમાં આવ્યા. ૨૫ દિવસમાં ૧૮૫૧ એકર ભૂદાન મળ્યું. ત્યાંથી વિનોબા ઓરિસ્સા આવ્યા. ત્યાં આવતાં જ એમણે ભૂમિ-ક્રાંતિની વાત શરૂ કરી. ફક્ત ભૂમિહિનોને જમીન આપવી તેટલું જ નહીં પણ ભૂમિ પરની વ્યક્તિગત માલિકી જ સમાપ્ત કરી દેવી. જમીન તો ભગવાનની દેણ છે. એના પર કોઈ વ્યક્તિની, સંસ્થાની, સરકારની માલિકી હોઈ જ શકે નહીં. આપણે ત્યાં કહેવામાં આવ્યું છે કે ''સબ ભૂમિ ગોપાલકી, નહીં કિસી કી માલિકી.'' જમીનની ફક્ત ફરીથી વહેંચણી જ નહીં પણ જમીનનું ગ્રામ્યકરણ. ગામની જમીન ગામની, એનું નામ હતું ગ્રામદાન. ઓરિસ્સામાં હવે 'ગ્રામદાન' પર જોર આપવામાં આવ્યું. સેંકડો ગામોએ, ખાસ કરીને આદિવાસી ગામોએ, ગ્રામદાનનો સ્વીકાર કર્યો. ત્યાં કુટુંબના સભ્યોની સંખ્યાને આધારે જમીનની લગભગ સમાન વહેંચણી કરવાનું થયું. આ વાત અસંભવ, અવિશ્વસનીય લાગે તેમ છતાં પણ આ થયું. ઇતિહાસ એનો સાક્ષી છે. એક બે ગામમાં નહીં પણ સેંકડો ગામોમાં આ બન્યું. આના આધારે કોરાપુટમાં વૈકલ્પિક વિકાસનો નમૂનો ઊભો કરવાના મહત્ત્વાકાંક્ષી પ્રયોગની કોશિશ થઈ. જેના સાક્ષી તરીકે આજે પણ કેટલાક હાજર હશે.

ઓરિસ્સામાં વિનોબા લગભગ આઠ મહિના રહ્યા. ૯૫,૭૫૭ દાતાઓ દ્વારા ૨,૫૭,૨૭૭ એકર ભૂદાન મળ્યું. ૮૧૨ ગામમાં ગ્રામદાન થયાં. હજારો એકર જમીનનું વિતરણ પણ ત્યાં સુધીમાં થઈ ગયું હતું.

વિનોબા ઓરિસ્સાથી આંધ્રમાં આવ્યા, જ્યાં સાડા પાંચ મહિનામાં ૬૨,૬૩૪ એકર ભૂદાન મળ્યું. ત્યાંથી તામિલનાડુ પહોંચ્યા. ઓરિસ્સાનાં આદિવાસી ગામોમાં જરૂર ગ્રામદાન થયાં હશે પણ તામિલનાડુનાં અપેક્ષિત શિક્ષિત અને સમૃદ્ધ ગામનાં ગ્રામદાન થઈ શકે કે કેમ એ બાબતમાં આશંકા હતી. પરંતુ ત્યાં પણ મોટી સંખ્યામાં ગ્રામદાન થવા માંડ્યાં. વિનોબાયાત્રા વખતે જ ગ્રામદાન થયાં.

તામિલનાડુમાં તંત્રમુક્તિ અને નિધિમુક્તિનો નિર્ણય થયો તે એક મહત્ત્વપૂર્ણ ઘટના હતી. આંદોલન ઘણું કરીને લોકઆધારિત જ હતું પણ ગાંધી સ્મારક નિધિ જેવી સંસ્થાઓ તરફથી પણ પૈસા મળતા હતા. ભૂદાનના કામ માટે રાજ્યોમાં અને જિલ્લાઓમાં પણ ભૂદાન મેળવવા અને વિતરણ માટેની સમિતિઓ બની હતી. નવેમ્બર-૧૯૫૬માં નિર્ણય કરવામાં આવ્યો કે આ બધી સમિતિઓ વિખેરી નાંખવામાં આવે તેમજ સંચિત (એકઠી) નિધિમાંથી પણ પૈસા લેવાનું બંધ કરવામાં આવે, જેથી કરીને આ આંદોલન જનઆંદોલન બને. લોકોને માટે ચલાવાયેલું આંદોલન નહીં, પણ ''લોકો દ્વારા પોતાના માટે ચલાવેલું આંદોલન'' બને. આ ક્રાંતિકારી નિર્ણય હતો.

(ક્રમશઃ) **– પરાગ ચોલકર**

(પવનાર-મિત્રમિલનમાં આપેલ પ્રવચન મઠારીને) **– અનુ. ભદ્રા સવાઈ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગાંધીજી અને ભારતની એકતા

'હું જ્યારે નાનો હતો, છાપું કદી વાંચ્યું ન હતું, અંગ્રેજી વાંચવામાં બહુ મુશ્કેલી પડતી હતી અને ગુજરાતી ભાષા પણ સારી કહેવાય એવી ન હતી તે વખતે પણ એટલું સમજતો હતો કે રાજકોટમાં જ નહીં, આખા ભારતમાં જો હિંદુ, મુસ્લિમ, શીખ, પારસી, ખ્રિસ્તી સૌ સંપીને રહે તો સૌની જિંદગી ખુશહાલ બને. આજે હું વૃદ્ધ થયો છું, મૃત્યુના કાંઠે આવીને ઊભો છું ત્યારે પણ મારું સ્વપ્ન આ જ છે. જો એ સાકાર થાય તો હું આ ઉંમરે પણ બાળકની માફક નાચી ઊઠું.' ૧૯૪૮ની ૧૪મી જાન્યુઆરીએ, એકતા અને શાંતિ માટે છેલ્લા ઉપવાસ ચાલતા હતા તે વખતે ગાંધીજીએ ડૉ. સુશીલ નય્યરને આ શબ્દો કહ્યા હતા. જેમ ઉત્ક્રાંતિવાદનો ઉલ્લેખ કર્યા વિના ડાર્વિનની વાત ન થઈ શકે, સાપેક્ષવાદનું નામ લીધા વિના આઈન્સ્ટાઈનની વાત ન થઈ શકે. એવી જ રીતે દેશની એકતાનો મુદ્દો લાવ્યા વિના ગાંધીજીની વાત ન થઈ શકે.

૧૯૪૮ની એ ૧૪મી જાન્યુઆરીએ આપણે સ્વતંત્ર થઈ ગયા હતા, ઘડાઈ રહેલા બંધારણમાં દેશના તમામ નાગરિકોને સમાનતાનો અધિકાર અપાઈ ચૂક્યો હતો. પણ સ્વતંત્રતા અને સમાનતાનો અર્થ તો જ સરે જો એકતા હોય. એકતા નથી હોતી ત્યારે આઝાદી, સમાનતા, સ્વાવલંબન, પ્રગતિ બધું જ રૂંધાય છે એટલું જ નહીં, એકતા નથી હોતી ત્યારે આઝાદી અને સમાનતા વિકૃત ચહેરા ધારણ કરે છે. આ સત્ય અત્યારે પણ આપણે કેટલું સમજીએ છીએ એ સવાલ છે, પણ દેશ પરતંત્ર હતો ત્યારે આઝાદીની લડત માટે અને સ્વતંત્ર થયો પછી તમામ નાગરિકોની સુખાકારી અને સલામતી માટે એકતા આવશ્યક જ નહીં, અનિવાર્ય છે એ વાત મહાત્મા ગાંધી સમજતા હતા.

ગાંધીજીના જીવનકાળ દરમ્યાનનું ભારત ધર્મ અને જ્ઞાતિના, ગરીબ અને અમીરના વાડાઓમાં ઠેકઠેકાણે ખંડિત થયેલું હતું. કોઈ પણ બે કે તેથી વધુ સમુદાય વચ્ચે પરસ્પર માટેનો વિશ્વાસ જતો રહે તો તેમની વચ્ચે વૈમનસ્ય પેદા થાય. છેવટે એ સંઘર્ષમાં પરિણમે ત્યારે દેશને એકત્રિત રાખવામાં ઘણું મોડું થઈ ગયું હોય છે. ઉત્તમ રીત તો એ છે કે એક ગામમાં અલગ અલગ કોમના લોકો એક જ લત્તામાં રહે, એમનાં બાળકો એક નિશાળમાં ભણે, એકબીજાના તહેવારોની ઉજવણીમાં, એકબીજાનાં સુખદુઃખમાં ભાગ લે અને સાથે મળીને પ્રાર્થના કરે. દુઃખની વાત એ છે કે ગાંધીજીને ભારતની મોટાભાગની પ્રજાએ સ્વતંત્રતા અપાવનાર એક રાજકારણી તરીકે જોયા. આઝાદી પછી એમની હત્યા થઈ ત્યારે એક 'મહાત્મા'ના મૃત્યુ પાછળ આંસુ સાર્યાં, પણ તેમણે ચીંધેલ એકતાના રસ્તાને વિસારે પાડી દીધો.

ગાંધીજીની દૃષ્ટિ તો દેશની જ નહીં, સમસ્ત માનવજાતની એકતા તરફ હતી. આ એકતાના વિકાસ માટે રાષ્ટ્રીય એકતા એ સ્વાભાવિક સોપાન હતું. ભારતમાં કૌટુંબિક એકતાને ધર્મ જેટલું મહત્ત્વ આપવામાં આવે છે. એ ભાવનાનું ઊર્ધ્વીકરણ કરી દેશની એકતાને ધર્મ માનવો એ ત્યારનો યુગધર્મ હતો. આપણે એક નહોતા એથી જ મુઠ્ઠીભર અંગ્રેજો દૂર દેશથી આવીને આપણને ગુલામ બનાવી શક્યા. દેશની એકતા અત્યારનો પણ યુગધર્મ છે. કેમ કે જો આપણે એક ન થયા તો લાલસા અને સ્વાર્થથી ખદબદતી દુનિયામાં આપણું અસ્તિત્વ, આપણું સ્વાતંત્ર્ય જોખમમાં આવી પડશે. વિકાસ અને પ્રગતિ સ્વપ્નમાત્ર રહી જશે.

પ્રજાને એક અને અવિભાજિત રાખવા માટે એમણે શક્ય તેટલાં પગલાં લીધાં અને એમાં લોકોને પણ સામેલ કર્યા. એમાંનું એક પગલું તે આશ્રમની સવાર-સાંજની સર્વધર્મ પ્રાર્થના. તેમાં બોલાતા શ્લોક, ગવાતાં ભજનો અને ધૂનનો સંગ્રહ તે 'આશ્રમ ભજનાવલી'. પ્રાર્થનામાં ઉપનિષદ, રામાયણ, મહાભારત, કુરાન અને સંત સાહિત્યનો સમાવેશ થતો હતો, તેથી અનેક પ્રાંતીય ભાષાઓ પણ આપોઆપ પ્રવેશ પામી. સમય જતાં 'ઈશાવાસ્યમ ઈદમ સર્વમ્' શ્લોકથી શરૂ થતી પ્રાર્થનામાં ઇસ્લામ, જરથોસ્તી અને બૌદ્ધ ધર્મની પ્રાર્થનાઓમાંથી એકેક બબ્બે પંક્તિઓ ઉમેરાઈ. તમામ આશ્રમવાસીઓ અને મુલાકાતીઓમાં સર્વધર્મ સમભાવની ભાવના આ રીતે આપોઆપ દૃઢ થઈ.

એક વ્યાખ્યાનમાં ડૉ. રામચંદ્ર ગુહાએ ગાંધીજીના વિચારો અંગે આજની વર્તમાન પરિસ્થિતિમાં કેવી રીતે વિચારવું અને જીવવું તે વિશે વાત કરતાં કહ્યું કે, 'ગાંધીજીના મતે સ્વરાજની ઇમારતના મુખ્ય ચાર પાયા છે : પ્રથમ પાયો એટલે અસ્પૃશ્યતા-નિવારણ. અત્યારના સંદર્ભમાં તેને સામાજિક ન્યાય કહી શકીએ. બીજો પાયો છે હિંદુ-મુસ્લિમ એકતા. ગાંધીજીએ હંમેશાં દેશની અંદર વિવિધ ધર્મો વચ્ચે સુમેળભર્યું વાતાવરણ રહે તેનો પ્રયત્ન કર્યો હતો. તેઓ કદી પણ દેશના ભાગલા પાડવાની તરફેણમાં ન હતા. તેઓ કહેતા કે જ્યાં સુધી આપણે ધર્મ અને જાતિના વાડાઓમાંથી બહાર નહીં નીકળીએ ત્યાં સુધી જુદા જુદા પ્રકારે હિંસા થતી જ રહેશે. અને જો આપણે એવું કરીએ તો પછી આપણી સંસ્કૃતિ કે જે 'વસુધૈવ કુટુંબકમ્'ની વાત કરે છે, તેનું શું થશે ? ગાંધીજીના વિચારનો ત્રીજો પાયો છે અહિંસા. ગાંધીજી માટે હિંસા એટલે માત્ર કોઈને મારવા કે કોઈને હાનિ પહોંચાડવી એટલા પૂરતું સીમિત ન હતું પરંતુ વિચારોમાં પણ હિંસા ન હોય તે તેમના માટે મહત્ત્વનું હતું. ચોથો પાયો છે આર્થિક સ્વાવલંબન. જો આર્થિક વૃદ્ધિના મોડેલની પસંદગીઓ વિચારપૂર્વક કરી હોત તો આજે દેશમાં પર્યાવરણના પ્રશ્નો ઓછા હોત. સ્વરાજની ઇમારતના આ ચાર પાયા સામાજિક અને ધાર્મિક એકતા વિના મજબૂત હોઈ ન શકે.'

ગાંધીજીના જીવનમાં પોતાની ભાષા, પોતાના ધર્મ કે પોતાના દેશના જ નહીં, સમસ્ત વિશ્વના વધુ ને વધુ માનવીઓ સાથે તાદાત્મ્યની પ્રક્રિયા સતત ચાલી છે. 'પીડ પરાઈ જાણે રે' એ આ આખી પ્રક્રિયાનો મહામંત્ર હતો. પરાયા કરી દીધેલાં દુઃખી માનવીઓમાં એમણે ઈશ્વરને જોયો અને એમની સેવાને પોતાનો ધર્મ માણ્યો. આ જ પ્રક્રિયા એમની રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓની કરોડરજ્જૂ બની. સ્વરાજની તેમની વ્યાખ્યામાં અસ્પૃશ્યતાનિવારણ અને સર્વધર્મસમભાવ સાથે સ્વ પરનું શાસન, સામાજિક ન્યાય અને દરેકને કામ અને ગુજરાનયોગ્ય આવકનો

(જુઓ પાન નં. ૧૪)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# મહાત્મા અને મહારથી : ચિત્રકાર ઉપેન્દ્ર મહારથી અને અહિંસાના એક રંગમાં ખૂંપેલા ગાંધીજીનાં અનેક સ્વરૂપો

'કચ્છમિત્ર'ની મારી રવિવારીય 'ગાંધીસ્મૃતિ' કટારમાં મૂળ ઓરિસ્સાના અગ્રણી ગાંધીયન કલાકાર ઉપેન્દ્ર મહારથી (૧૯૦૮-૧૯૮૧)નો આજે પ્રથમ વાર પ્રવેશ થઈ રહ્યો છે. એ પણ બિહારની પટણા-સ્થિત રાજ્યસભામાં મુકાયેલા ગાંધીજીના એક તૈલચિત્રથી. તેના સર્જક મહારથી જ છે. મહારથી જલ કે તૈલરંગી ચિત્રકળા સિવાય અન્ય ઘણાં માધ્યમોમાં પ્રવીણ હતા - શિલ્પ, સ્થાપત્ય, ઇલસ્ટ્રેશન, ગ્રાફિક ડિઝાઇન, ટેક્સ્ટાઇલ ડિઝાઇન, કાષ્ઠકામ, માટીકામ, વગેરે. એમને હસ્તગત વિવિધ કલાઓના નમૂનાઓ દિલ્હીના રાષ્ટ્રીય આધુનિક કલા સંગ્રહાલય (નેશનલ ગેલેરી ઑફ મોડર્ન આર્ટ, ટૂંકમાં એનજીએમએ)માં મોજૂદ છે. સ્થાપત્ય ક્ષેત્રમાં એમના પ્રાવીણ્યનું દૃષ્ટાંત જાપાનનું વિશ્વ શાંતિ સ્તૂપ પૂરું પાડે છે. એમની સ્થાપત્ય ડિઝાઇનોનાં બૌદ્ધ કલાનાં દૃષ્ટાંતો આજે પણ બિહારના બૌદ્ધ વિહારોમાં જોવા મળે. એમણે કાગળ પર ઉષ્માભર્યા જળરંગી દ્વારા સર્જેલું ચિત્ર 'ફેટ ઑફ થ્રી ગ્રેટ મેન : ગાંધી, બુદ્ધ એન્ડ ક્રાઇસ્ટ' વિખ્યાત છે. એટલું જ જાણીતું છે એમનું ગાંધી અને બુદ્ધનું રંગીન ચિત્ર.

મહારથી પર બંગાળ સ્કૂલ ઑફ આર્ટ (જેને સામાન્ય રીતે બંગાળ સ્કૂલ તરીકે ઓળખવામાં આવે છે)નો ખાસ્સો પ્રભાવ પડેલો. મુખ્યત્વે અવનિન્દ્રનાથ ટાગોર અને નંદલાલ બાસુની શૈલી અને ફિલસૂફીનો. ગાંધીજીના આમંત્રણથી નંદબાબુ અને એમની કલાકારો ને કારીગરોની શાંતિ નિકેતનથી આવેલી ટુકડીઓએ સુરતની નજીકના હરિપુરા ગામમાં ૧૯૩૮ના વર્ષમાં ભરાયેલા કૉંગ્રેસ અધિવેશનના પરિસરને સુશોભિત કરવા માટે અનેક ચિત્રો સર્જ્યાં હતાં અને શામિયાણાઓ તૈયાર કર્યાં હતાં. ગાંધી વિચારધારાના ઉપાસક ઉપેન્દ્ર મહારથીએ ૧૯૪૦માં રામગઢ (હાલના ઝારખંડ)માં મૌલાના અબુલ કલામ આઝાદના અધ્યક્ષપણા હેઠળ ભરાયેલા અધિવેશન માટે શામિયાણાના મુખ્ય દ્વારને એમની કલાકૃતિઓથી સુશોભિત કરવા માટે ખૂબ ખંતથી કામ કરેલું. લોક કલાઓને કેન્દ્રમાં રાખીને કૉંગ્રેસના આ અધિવેશન માટે એમણે કરેલા કલાત્મક કાર્યમાં ગાંધીજીસહજ સાદગી, ચુસ્તતા અને ઉદાત્તતાના ગુણો પથરાયેલા હતા. રામગઢના કૉંગ્રેસ અધિવેશનના વિશાળ પ્રાંગણ, મુખ્ય દ્વાર, શામિયાણા ને સમસ્ત સાદગીભર્યા પરિસરને કલાકૃતિઓથી ઓપ આપવા માટે ઉપેન્દ્ર મહારથી સાથે દિનેશ બક્ષી, મહાવીર પ્રસાદ વર્મા, જી.એસ. કાપડિયા અને કાર્તિકચન્દ્ર પાલ જેવા અન્ય કલાકારો પણ જોડાયા હતા. ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસના ત્રેપનમા અધિવેશનનો મુખ્ય ઠરાવ હતો 'ભારત અને યુદ્ધની કટોકટીઓ'. દ્વિતીય વિશ્વ વિગ્રહનો એ ભીષણ કાળ હતો.

ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતને અનુમોદન આપતાં ગાંધીજીના વિવિધ હાવભાવોને પ્રગટ કરતાં મહારથીનાં અનેક ચિત્રો દિલ્હીના એનજીએમએમાં સલામત છે. એમના ચિત્રમાં મહાત્માની આંખોમાં બુદ્ધ જેવી સમતા અને શાંતિ છે જે આજે પ્રસ્તુત કરેલા તૈલચિત્રમાં પ્રત્યક્ષ થાય છે. પ્રતીકો દ્વારા મહારથી સામાન્ય પ્રજાની રોજબરોજના અસ્તિત્વની પીડાને વ્યક્ત કરવા માટે મહારથી બુદ્ધના ઉપદેશો અને ગાંધીજીના શાંતિ અને અહિંસાના સિદ્ધાંતોને વ્યક્ત કરવા માટે એમના કલા-ઓજારોને કામે લગાડતાં. જન્મ ભલે ઓરિસ્સાના ભદ્રક જિલ્લાના તિહિડી તાલુકાના નરેન્દ્રપુર નામના ગામમાં થયો હતો પણ એમનું મોટા ભાગનું જીવન બિહારમાં વીત્યું. કલાનું શિક્ષણ એમણે કલકત્તાની ગવર્નમેન્ટ કૉલેજ ઑફ આર્ટ એન્ડ ક્રાફ્ટમાં પ્રાપ્ત કર્યું હતું. એમની ૯૦૦થી વધારે કલાકૃતિઓ દિલ્હીના એનજીએમએમાં છે, જેમાંની ઘણી મેં જોઈ છે. બૃહદ ગાંધીયન પર્સ્પેક્ટિવમાં અહીં એક વાત નોંધવા જેવી એ છે કે ભારતીય કલા-ફિલસૂફી અને વિભાવના, કમર્શિયલ અને ફાઇન આર્ટ અને ફોક કે રિચ્યુઅલ આર્ટને વિભાજિત કરતી બાયનરીઓ ઊભી નથી કરતી. સંગીત, નાટક, સાહિત્ય, ચિત્ર, શિલ્પ અને અન્ય કલાઓ સાથે મળીને ઇન્ટેગ્રલ કે અભિન્ન ભાત સર્જે છે. મહારથીએ ગાંધીજીના પ્રિઝમ કે ત્રિપાર્શ્વ કાચ દ્વારા બુદ્ધના ચહેરાને મૌલિક રીતે જોયો. બોધગયા, રાજગૃહ કે વૈશાલી જેવાં બૌદ્ધ યાત્રાધામોમાં કલાકાર ઉપેન્દ્ર મહારથી ઘણો સમય એકાંતવાસમાં ગાળતા.



કેપ્શન : ''મહાત્મા ગાંધી'', ઉપેન્દ્ર મહારથી, રાજ ભવન, પટણા, તૈલ ચિત્ર (ઓઇલ ઓન કેન્વાસ), ૩૦ ઇંચ બાય ૪૦ ઇંચ, કૃતિ સર્જનનો કાળ ૧૯૪૦નો દાયકો.

વાચકોને જાણીને કદાચ નવાઈ લાગશે કે ઉપેન્દ્ર મહારથી પોતાની કલાને ગેલેરીઓમાં પ્રદર્શિત નહોતા કરતા. એમના મૃત્યુના ચાર દાયકા પછી દિલ્હીના એનજીએમએ દ્વારા એમની પટણા મ્યુઝિયમમાંથી તેમજ એનજીએમએના પોતાના સંગ્રહમાંથી ઉપલબ્ધ કરાયેલી કલાકૃતિઓનો શાશ્વત મહારથી : ધ ઇટર્નલ સીકર (શાશ્વત મહારથી : ચિરંતન શોધક)ના નામે એક વિશાળ રેટ્રોસ્પેકિટવ યોજ્યો હતો. આ રેટ્રોસ્પેક્ટિવમાં મહારથીના મૃત્યુ વખતે અધૂરું રહી ગયેલું મહાત્મા ગાંધીનું ચિત્ર પણ ઊભા ઈઝલ પર મૂકવામાં આવ્યું હતું. ગાંધીજીએ આપેલી અસહકારની હાકલ સાંભળીને ઉપેન્દ્ર મહારથીએ પેરિસથી આવેલા સ્ટડી-ટૂરના આમંત્રણને ઠુકરાવી દીધું હતું, આજે પ્રસ્તુત કરેલા તૈલચિત્રમાં મહારથીની મહાત્મા પ્રત્યેની શ્રદ્ધા દેખાઈ આવે છે. તેમાં સાદગીભરી આભા છે, કાંતિ છે.. ગાંધીજીના સ્મિતમાં સમભાવ છે. ૧૯૪૦ના રામગઢના કૉંગ્રેસ અધિવેશન વખતે મહારથી મહાત્માને મળ્યા પણ હતા. મહારથીની અનેકવિધ કલાશક્તિ - કાપડ, કાષ્ઠ, વાંસ, જળ અને તૈલરંગો - એમની બુદ્ધ અને ગાંધીજીની આસ્થામાં ઊંડી ને ગાઢ રીતે વણાયેલી છે.

ગાંધીજીના ગ્રામ સ્વરાજ અને સ્વાવલંબનના ધ્યેયને લક્ષ્યમાં રાખીને મહારથીએ બિહારમાં અનેક યોજનાઓ અમલમાં મૂકી હતી. મહાત્મા ગાંધીના વિચારવિશ્વમાં આવા કલાકાર વિશે જાણવું આવશ્યક છે.

**- અમૃત ગંગર**

(કચ્છમિત્ર, ૧ માર્ચની સાપ્તાહિક પૂર્તિમાંથી સાભાર)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# આધુનિક ચિકિત્સા પદ્ધતિની ખામીઓ અને મર્યાદાઓ

**એ**લોપથી, એ માનવજાતની એક સૌથી નોંધપાત્ર સિદ્ધિ સમાન છે. એણે અનેક રોગોને પૃથ્વીપટ પરથી નાબૂદ કરી બતાવ્યા છે. એને લીધે માનવજાતનું સરેરાશ આયુષ્ય વધવા પામ્યું છે. અનેક જીવલેણ રોગોને એણે કાબૂમાં આણ્યા છે. આમ છતાં એની અનેક મર્યાદાઓ અને ક્ષતિઓ પણ ખુલ્લી થઈ છે. લાંબા ગાળાના રોગોને નાથવા સામે એનો સંઘર્ષ હજુ ચાલુ જ છે. આધુનિક ચિકિત્સા ઘણી ખર્ચાળ બનતી ચાલી છે. એના પ્રેક્ટિશનર્સનું નૈતિક ધોરણ કથળતું ગયું છે. એક જમાનામાં એ ઉમદા વ્યવસાય હતી. પણ આજે એ કમાવાનો ધંધો બની બેઠી છે.

## અતિખર્ચાળ ચિકિત્સા

એક આધુનિક અભ્યાસ અનુસાર ઍલોપથીની સારવાર અને દવાઓ ઘણી મોંઘી બની ચૂકી છે. એને કારણે એ માત્ર ધનવાનોને જ પરવડે તેવી છે. આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે તે પહોંચની બહાર છે. ખૂબ ખર્ચાળ હોવાને કારણે તેને લીધે દરેક દેશની આરોગ્ય સંભાળનું ખૂબ મોટું બજેટ તે ખાઈ જાય છે. ઍલોપથી ટેકનોલોજી આધારિત હોવાને કારણે મોંઘી છે. એની નિદાન પદ્ધતિઓ તેમ જ નવી નવી દવાઓ તો મોંઘી છે જ, ઉપરાંત નેવુંના દસકામાં આપણા દેશમાં શરૂ થયેલા આર્થિક મુક્તિકરણ અને વૈશ્વિકરણના મોજાને લીધે નાનાં નાનાં આરોગ્યકેન્દ્રોનું સ્થાન હવે મોટીમસ અને મલ્ટિસ્પેશ્યાલિટી હૉસ્પિટલોએ પચાવી પાડ્યું છે. ગઈ સદીના અંત સુધી આરોગ્ય સંભાળ (healthcare) પર ભાર મૂકવામાં આવતો હતો, પણ હવે એનું સ્થાન મેડિકલ ટ્રીટમેન્ટે લઈએ લીધું છે. મેડિકલ ટ્રીટમેન્ટમાં આરોગ્ય વીમા કંપનીઓ અને બેન્કિંગ સંસ્થાઓએ પણ ઝંપલાવ્યું છે. આમ ડૉક્ટરો, હૉસ્પિટલો, વીમા કંપનીઓ અને ફાયનાન્સિયલ કંપનીઓની સાંઠગાંઠને લીધે તબીબી સારવાર ઘણી જ ખર્ચાળ બની ગઈ છે. આને કારણે બીમાર ગરીબ કુટુંબો વધુ કંગાળ બનતાં ચાલ્યાં છે. તબીબી સારવારે ધનવાનો અને ગરીબો વચ્ચેની ખાઈ પહોળી કરવામાં છેલ્લા બે દસકા દરમિયાન ઘણી મોટી ભૂમિકા ભજવી છે.

## રોગનિવારણને બદલે સારવાર પર વધુ ભાર

જૂના વખતમાં એક કહેવત હતી કે રોગની સારવાર કરતાં રોગનિવારણ વધારે બહેતર છે. એટલે ઍલોપથી પ્રેક્ટિસમાં સ્વચ્છતા, રસીકરણ અને સ્વસ્થ જીવનશૈલી પર વધારે ભાર મૂકવામાં આવતો હતો. પણ જો સમાજમાંથી રોગો નાબૂદ થાય અથવા ઓછા થતા જાય તો ડૉક્ટરો, હૉસ્પિટલો અને એમને પોષનારી ફાયનાન્સિયલ પેઢીઓને ભૂખ્યાં મરવાનો વારો આવે. આથી સમાજ અને વસતિ વધારે રોગીષ્ઠ બને તેમાં એમને વધારે રસ છે. એટલે હવે ડૉક્ટરો બિનજરૂરી શસ્ત્રક્રિયાઓ, જરૂર ન હોય તો પણ દર્દીઓને દાખલ કરવા પર, મોંઘાદાટ અને બિનજરૂરી પરીક્ષણો કરવા પર અને મોંઘીદાટ દવાઓ લખી આપવા પર વધારે આગ્રહ રાખે છે. હવે દર્દીઓને લાંબાલચક પ્રીસ્ક્રિપ્શનો લખી આપવામાં આવે છે. પણ આહાર, કસરત અને સ્વસ્થ જીવનશૈલીને લગતું આરોગ્યશિક્ષણ ડૉક્ટરો આપતા જ નથી. આધુનિક સમાજ રોગો પેદા કરનારાં જોખમી પરિબળોને વધારે પોષે છે. બહાર ખાવાનું, બિનઆરોગ્યપ્રદ આહારનું, ધૂમ્રપાનનું, દારૂનું અને અનિયમિત જીવન જીવવાનું ચલણ વધ્યું છે. તબીબી વ્યવસાય એને સુધારવાના પ્રયાસો કરતો બંધ થઈ ગયો છે.

## લાંબા ગાળાના રોગોનો વધેલો વ્યાપ

ગઈ સદીના મધ્યગાળા સુધી સમાજમાં ક્ષય, ટાઇફોઇડ, પ્લેગ, કોલેરા અને ફ્લુ જેવા સંક્રામક રોગો વધારે જોવા મળતા હતા. પણ હવે નવી નવી ઍન્ટિબાયોટિક્સના આવિષ્કાર અને રસીકરણને લીધે ચેપી રોગો થોડા ઓછા જોવા મળે છે. એમના સ્થાને ડાયાબિટીઝ, સ્થૂળતા, હૃદયરોગ, સ્વપ્રતિકાર (ઑટોઈમ્યુન) તથા માનસિક સ્વાસ્થ્યના રોગોનું પ્રમાણ અનેકગણું વધ્યું છે. લોકોમાં ચિંતાતુરતા અને હતાશા ખૂબ વધી રહ્યાં છે. આ માટે નબળો આહાર, કસરતનો અભાવ અને બેઠાડુ જીવન, અતિશય માનસિક તાણ, ભૌતિકવાદી જીવનશૈલી તથા પ્રદૂષિત વાતાવરણ જવાબદાર છે. પરિણામે લાંબા ગાળાના બિનસંક્રામક રોગોનો વ્યાપ વધ્યો છે. આ રોગો કદી કાબૂમાં આવતા નથી. તેથી દર્દીઓએ આજીવન મોંઘીદાટ દવાઓ લીધા કરવી પડે છે. જીવનશૈલી-સુધારણા પર ન તો ડૉક્ટરો ભાર મૂકે છે કે ન દર્દીઓ અને સમાજ આગ્રહ રાખે છે. પરિણામે દેશના કુલ આરોગ્ય સંભાળ પાછળના ખર્ચમાં ૯૦% જેટલી રકમ આવા બિનસંક્રામક રોગો પાછળ વેડફાય છે.

## નિદાન અને સારવારમાં મોંઘીદાટ ટેકનોલોજી અને દવાઓનું વધેલું ચલણ

ગઈ સદી દરમિયાન આધુનિક ચિકિત્સકો પોતાના નૈદાનિક કૌશલ્ય (clinical skills) દ્વારા રોગોનું નિદાન કરી શકતા હતા. પણ હવે નિદાન માટે ટેકનોલોજી આધારિત નિદાન પદ્ધતિઓ પર વધારે ભાર મૂકવામાં આવે છે. ગમે તેવી નાની તકલીફ લઈને ડૉક્ટર પાસે જાઓ એટલે પરીક્ષણોની લાંબીલચક યાદી લખી આપવામાં આવે છે. આ યાદી લખવામાં ડૉક્ટરો ચોકસાઈ (specificity)નો વિચાર કરતા નથી. દાખલા તરીકે, કોઈ વ્યક્તિને પાંડુરોગ જણાય તો શારીરિક પરીક્ષણ અને સાદા પરીક્ષણ દ્વારા તે આયર્નની ઊણપને લીધે છે કે પછી વિટામિન બી૧૨ની ખામીને લીધે છે તે નક્કી કરી શકાય છે. છતાં ડૉક્ટરો જરૂરી અને બિનજરૂરી એમ બધાં જ ટેસ્ટ્સ કરવાની સૂચના આપે છે. ડૉક્ટરો હવે દર્દીઓના હિતને નથી જોતાં, પણ લેબોરેટરી અને રેડિયોલોજિસ્ટની કમાણીને વધારે મહત્ત્વ આપે છે. આમાં અંદરોઅંદરની સાંઠગાંઠ જવાબદાર છે. તબીબી વ્યવસાયમાં કમિશન બિઝનેસ કાર્યરત છે. પરિણામે દર્દીની પાસેથી પૂછપરછ દ્વારા વિગતો મેળવીને અને પાયાની શારીરિક તપાસ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

દ્વારા નિદાન કરવાને બદલે સીધા લાંબાંલચક પરીક્ષણો અને મોંઘીદાટ દવાઓ લખી આપવા પર વધારે ભાર મૂકવામાં આવે છે. આને લીધે દર્દી અને ડૉક્ટર વચ્ચે અર્થપૂર્ણ સંવાદ ઘટ્યો છે. દર્દીઓની મેડિકલ ફાઇલો ભરચક અને ભારે બની છે. એક જ રોગની સારવાર માટે દર્દીઓને અનેક ડૉક્ટરો પાસે 'બાઈ-બાઈ ચારણી'ની માફક ધકેલવામાં આવે છે. દર્દીઓ અનેક ડૉક્ટરો અને હૉસ્પિટલોનાં પગથિયાં, દાદર તથા લિફ્ટ ઘસતા રહે છે. આને કારણે 'ઝાઝા હાથ રળિયામણા'ને બદલે 'ઝાઝા રસોઈયા રસોઈ બગાડે' એવો ઘાટ થયો છે. સારવારમાં તબીબી ભૂલોનું પ્રમાણ ખૂબ જ વધવા પામ્યું છે. ડૉક્ટરો પોતાની નૈદાનિક અંતઃસ્ફુરણા (clinical intuition) પર ભાર આપવાને બદલે જાણે કે કૉમ્પ્યૂટર દ્વારા નક્કી કરવામાં આવેલી ગણતરીઓ અને સમસ્યા-ઉકેલની પદ્ધતિ (અલ્ગોરિધમ) પર વધારે આધાર રાખતા થયા છે.

## ઔષધ કંપનીઓનું વધેલું ચલણ

ઔષધ કંપનીઓ દવાઓ બનાવે છે. એ દવાઓ દર્દીઓ સુધી પહોંચાડવા માટે ડૉક્ટરોનો આડતિયા તરીકે ઉપયોગ કરે છે. ઔષધ કંપનીઓ પોતાના દ્વારા ઉત્પાદિત દવાઓનું વેચાણ અને વ્યાપ વધારવા માટે આક્રમક વેચાણ (માર્કેટિંગ) નીતિ અખત્યાર કરે છે. આ માટે ઔષધ કંપનીઓ મેડિકલ રિપ્રેઝન્ટેટિવ્ઝની ફોજ મેદાનમાં ઉતારે છે. એ લોકો દરેક ડૉક્ટર સુધી પહોંચે છે અને મોંઘીદાટ ભેટસોગાદો અને લાંચ દ્વારા ડૉક્ટરોને ખરીદે છે. પરિણામે દરેક ડૉક્ટર પોતાના સ્વઅભ્યાસ દ્વારા દર્દીઓને રોગની સારવારમાં કઈ દવાઓ લખવી જોઈએ તે નક્કી કરવાને બદલે મેડિકલ રિપ્રેઝન્ટેટિવ અને ઔષધ કંપની દ્વારા પૂરા પાડવામાં આવેલા સાહિત્ય દ્વારા પ્રીસ્ક્રિપ્શનમાં મોંઘીદાટ દવાઓની યાદી લખવાની કુટેવ અપનાવી ચૂક્યા છે. તબીબી સારવાર હવે અતિરેકભરેલી બની છે. ડૉક્ટરોને ભ્રષ્ટ કરવા માટે ઔષધ કંપનીઓ મેલા ઇરાદાથી સંશોધનો કરે છે અને એનાથી ડૉક્ટરોના મગજને દૂષિત કરે છે. લોકોમાં પણ હવે આ નીતિને કારણે એવી ગેરમાન્યતા પોષાઈ છે કે દવા અને સારવાર જેટલી મોંઘી તેટલી વધારે અસરકારક.

## સારવારમાં વ્યક્તિગત અભિગમનો અભાવ અને ખંડિત વલણ

તબીબી સારવારમાં હવે સંકલનનો સદંતર અભાવ જોવા મળે છે. દર્દી લાંબા ગાળાથી રોગની પીડા ભોગવે છે. એને અનેક સ્પેશ્યાલિસ્ટો પાસે ધકેલવામાં આવે છે. એક જ તબીબ હવે રોગનું નિદાન અને એની ચોક્કસ સારવાર નક્કી કરી શકતા નથી. અનેક સ્પેશ્યાલિસ્ટો અંદરોઅંદર મળીને દર્દીનું ખિસ્સું કાતરે છે. એને ખોખરો કરે છે. એની માનસિકતા બગાડે છે. દરેક તબીબ અને સ્પેશ્યાલિસ્ટ પરસ્પર વિરોધાભાસી નિદાન કરે છે અને અલગ અલગ સલાહ આપીને દર્દીને મૂંઝવે છે. દર્દી રોગમુક્ત બનતો નથી. ઊલટું એની અંદર અસંતોષની માત્રા વધતી જાય છે અને અનેક ડૉક્ટરો અને નિદાન કેન્દ્રો વચ્ચે રહેંસાવાને કારણે એની માનસિકતા ખરાબ થાય છે. જુદા જુદા સ્પેશ્યાલિસ્ટો વચ્ચે કેવળ ફાઇલોનો વ્યવહાર નિભાવવામાં આવે છે, પણ એમની વચ્ચે પ્રત્યક્ષ સંવાદ કદી થતો નથી. સાથે મળીને દર્દીના નિદાન, રોગ અને એની સારવારની ચર્ચા કરવામાં આવતી નથી. પરિણામે દર્દી દિવસે દિવસે વધારે ને વધારે પાયમાલ થતો જાય છે. હવે તબીબી સારવાર વહીવટી, આર્થિક, ટેકનોલોજી-આધારિત અને ડૉક્ટરોના મગજમાં ઠસાવવામાં આવેલા અલ્ગોરિધમ (પૂર્વનિર્મિત પ્રણાલિ અને ઢબ) પર આધારિત બની ચૂકી છે.

## ડૉક્ટરોની કફોડી સ્થિતિ

સમાજમાં લાંબા ગાળાના અને ગંભીર રોગોનું પ્રમાણ વધ્યું છે. અકસ્માતો વધ્યા છે. રોગોના નિદાન અને સારવાર જટિલ બન્યા છે. પરિણામે દવાખાનાઓ દર્દીઓથી હકડેઠઠ ઊભરાયેલા રહે છે. ડૉક્ટરો પર કામનું અને કમાવાનું ભારણ વધ્યું છે. દર્દીઓ અને સમાજ હિંસક બન્યાં છે. દવાખાનાઓમાં તોડફોડ અને ડૉક્ટરોની મારપીટ થાય છે. હૉસ્પિટલો મોટીમસ બની છે. એના વહીવટી સંચાલનનો ભાર ડૉક્ટરો પર અનેકગણો વધ્યો છે. દર્દીઓની લાંબીલચક નોંધ બનાવવાની આવશ્યકતા ઊભી થઈ છે, કેમ કે ડૉક્ટરો પર બેદરકારીના કેસ કરવામાં આવે છે. આ બધાને કારણે એક જમાનામાં ઉમદા વ્યવસાય ગણાતો તબીબી વ્યવસાય આજે ધંધાદારી બની ચૂક્યો છે. ડૉક્ટરો પોતાની જીવનશક્તિ ખોઈ બેસે છે. આને burnout કહેવામાં આવે છે. ડૉક્ટરોમાં પણ માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ અને આત્મહત્યાનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું ચાલ્યું છે. ડૉક્ટર પોતાના કુટુંબને સમય આપી શકતા નથી. પોતાની જાત સાથે પણ સમય ગાળી શકતા નથી. પરિણામે એમના જીવનમાં અસંતોષ અને માનસિક તાણનું પ્રમાણ વધ્યું છે. અધિક કમાણી અને સમાજમાં મળતું ઊંચું સ્થાન અને માનમરતબો એમને સુખ આપી શકતાં નથી.

## દર્દીઓનો અસંતોષ

આ જ હાલત દર્દીઓની થવા પામી છે. એમને એક પછી એક ડૉક્ટર અને એક પછી બીજી હૉસ્પિટલો અને નિદાન કેન્દ્રોનાં પગથિયાં ઘસવાં પડે છે. એક જ રોગની સારવાર માટે એમણે દર-દર ભટકવું પડે છે. ડૉક્ટરો એમની વાત પૂરી સાંભળવાનો સમય આપતા નથી. એમના રોગની સારવારને બદલે માત્ર એમનાં ચિહ્નોની સારવાર કરવામાં આવે છે. માત્ર લેબોરેટરી રિપોર્ટ્સના આધારે જ નિદાન કરવામાં આવે છે. એમની જીવનકથની અને માનસિક સ્થિતિની નોંધ પણ લેવામાં આવતી નથી. આધુનિક ચિકિત્સાનું આ વલણ દર્દી અને ડૉક્ટર બન્ને માટે હાનિકારક બન્યું છે. બન્ને વચ્ચે ઉમદા સંબંધને બદલે વ્યાવસાયિક કડી જ હવે ટકી શકે છે.

## નબળી પડતી નીતિમત્તા અને વ્યવસાયીકરણ

તબીબી વ્યવસાયમાં નીતિમત્તાનું ધોરણ કથળ્યું છે. ડૉક્ટરો, હૉસ્પિટલો, ઔષધ કંપનીઓ, વીમા કંપનીઓ અને ફાયનાન્સિયલ કંપનીઓ નિદાન અને સારવારની રીતરસમ, સંશોધનો અને જનતાની માનસિકતા પર પ્રભાવ ધરાવતા થયા છે. આખો તબીબી વ્યવસાય



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ધંધાદારી અને વ્યાવસાયિક બની ચૂક્યો છે. પરિણામે સમાજની સુખાકારી અને તબીબી વ્યવસાયના આર્થિક હેતુ વચ્ચે ભારોભાર ઘર્ષણ ઊભું થયું છે. નિદાન માટે બિનજરૂરી પરીક્ષણો કરાવવામાં આવે છે. એના પગલે દર્દીની મૂળ મુશ્કેલી બાજુ પર રહી જાય છે અને એના બદલે બીજાં અનેક ગૌણ નિદાનો અને સારવાર ઊભાં થાય છે. પરિણામે નિદાન અને સારવારમાં અતિરેક થાય છે. આને કારણે દર્દીને બિનજરૂરી ખર્ચ અને સારવારની માઠી અસરો ભોગવવાં પડે છે. એની માનસિકતા ખરાબ થાય છે અને એ ચિંતાતુરતા અને હતાશાનો શિકાર બની બેસે છે.

ઍન્ટિબાયોટિક દવાઓનો એટલો બિનતાર્કિક ઉપયોગ થાય છે કે સૂક્ષ્મ જીવાણુઓ અનેક ઍન્ટિબાયોટિક દવાઓ સામે પ્રતિકારશક્તિ કેળવીને રીઢા બની જાય છે. દર્દીઓને ખૂબ લાંબા ગાળા સુધી હૉસ્પિટલમાં રહેવું પડે છે.

બિનજરૂરી બોટલો ચઢાવવામાં આવે છે. કારણ વગરની શસ્ત્રક્રિયાઓ કરવામાં આવે છે. સારવારમાં જટિલતા વધે છે. પરિણામે ડૉક્ટરોની ભૂલને લીધે અનેક દર્દીઓ મરણને શરણ થાય છે. દર્દીઓ અને એના કુટુંબ પર બિનજરૂરી આર્થિક બોજ ઊભો થાય છે. ઔષધરહિત સારવાર અને જીવનશૈલીમાં પરિવર્તન દ્વારા સાજા થવાના વિકલ્પો દર્દીઓ માટે બંધ થઈ ગયા છે. ડૉક્ટરોની ભૂલોથી થતી તબીબી ગૂંચોને iatrogenic error કહેવામાં આવે છે. ઉતાવળમાં અને દબાણ હેઠળ શસ્ત્રક્રિયા કરવામાં ડૉક્ટર દર્દીના શરીરમાંથી એક અવયવ કાપવાને બદલે કોઈ ભળતો જ ભાગ કાપી બેસે છે. વગર વિચારે આપવામાં આવેલી દવાઓની દર્દીને ગંભીર આડઅસર પેદા થાય છે. ક્યારેક આવી ગંભીર તબીબી ભૂલને કારણે દર્દીનો જીવ પણ જાય છે. શસ્ત્રક્રિયાઓ અને નસમાં બોટલ ચઢાવવા કે ઈંજેક્શન આપવા જતાં ઘણી વાર દર્દીના શરીરમાં ચેપ ઘૂસી જાય છે અને એ એક રોગની સારવાર કરવા જતાં ઊલમાંથી ચૂલમાં પડી જાય છે. પરિણામે એનો હૉસ્પિટલ-વાસ લંબાઈ જાય છે. અવારનવાર ઍક્સ રે અને સી. ટી. સ્કેન કરાવવા જતાં દર્દી ઝેરી વિકિરણોનો ભોગ બને છે. લેબોરેટરી ટેસ્ટ્સમાં છબરડો થવાને કારણે ખોટેખોટો પોઝિટિવ આવવાને કારણે અનેક આપત્તિઓ ઊભી થાય છે.

## આધુનિક તબીબી વિજ્ઞાનની મર્યાદાઓ

આધુનિક ચિકિત્સા પ્રમાણ અને પુરાવા આધારિત છે. પણ એક વસતિ પર કરવામાં આવેલાં અભ્યાસો અને સંશોધનો અન્ય વસતિ પર લાગુ પાડવામાં શાણપણ નથી. વિશ્વની વસતિઓમાં ભૌગોલિક, જનીનિક અને સાંસ્કૃતિક તફાવતોને આ અભ્યાસો ધ્યાનમાં લેતા નથી. પ્રયોગ પરથી મળેલાં પરિણામો પરથી કોઈ એક વ્યક્તિની સારવાર નક્કી ન કરી શકાય. નિદાનપદ્ધતિ અને સારવાર વ્યક્તિકેન્દ્રી હોવાં પણ જરૂરી છે. આધુનિક ચિકિત્સા ઔષધ આધારિત છે. પણ એમાં દર્દીને દવાઓ પર નિરાશ્રિત બનાવવામાં આવે છે. એક રોગની શક્ય હોય ત્યાં સુધી એક જ દવા દ્વારા સારવાર થવી જોઈએ. એને બદલે ડૉક્ટરોનું વલણ હવે બહુઔષધીય સારવાર (polypharmacy) પર કેન્દ્રિત થયું છે. દર્દીના વર્તન-વ્યવહાર અને જીવનશૈલીને બદલવા પર જરા પણ ભાર મૂકવામાં આવતો નથી. બધા જ રોગોની સારવાર કંઈ દવાઓ વડે થઈ ન શકે.

આધુનિક ચિકિત્સા પ્રગતિશીલ અને વિકાસસીલ જરૂર છે, પણ એણે છેલ્લા એક સૈકા દરમિયાન જેટલો વિકાસ કર્યો છે એટલી આ ચિકિત્સાપદ્ધતિ વધારે જટિલ અને અટપટી બનતી ગઈ છે, બિનકાર્યક્ષમ અને ઓછી અસરકારક થતી ગઈ છે. દર્દીઓને અને એમની બીમારીઓને માત્ર યંત્રસમાન ગણીને સારવાર કરવામાં આવે છે. આ અભિગમ ઉપરછલ્લો છે. આમાં દર્દીની બીમારીને શરીરરૂપી યંત્રના બગડેલા ભાગ તરીકે ગણીને ચાલવામાં આવે છે. પરિણામે દર્દીની માનસિકતા અને ભાવનાત્મકતાને ધરાર અવગણવામાં આવે છે. અટપટી સારવારને કારણે એક રોગમાંથી સાજા થવાની તક ઊભી કરવાને બદલે બીજી કોઈ ગંભીર માંદગી ઊભી કરવામાં આવે છે.

## સાર

આધુનિક તબીબી ચિકિત્સા વિજ્ઞાન આધારિત જરૂર છે, પણ એની નબળાઈઓનો પણ પાર નથી. એ ખર્ચાળ છે. ખંડિત છે. પ્રતિક્રિયાત્મક છે. ટેકનોલોજી પર વધારે પડતી આધારિત છે. નૈતિકતા ગુમાવી બેઠી છે. માણસાઈ ખોઈ બેઠી છે અને માણસ સાથે સંપર્કનો તંતુ ગુમાવી બેઠી છે. એને બદલે રોગનિવારણ પર અને જીવનશૈલી-પરિવર્તન પર વધારે ભાર મૂકે તેવી અને વ્યક્તિકેન્દ્રી ચિકિત્સાની માનવજાતિને વધારે જરૂર છે. માત્ર શારીરિક અને યાંત્રિક ઢબે રોગનિદાન અને સારવાર કરવાને બદલે શારીરિક, માનસિક અને ભાવનાત્મક એમ ત્રણે પાસાઓને સંબોધે તેવી સર્વાંગીણ ચિકિત્સાની વધારે આવશ્યકતા છે. ચિકિત્સાના માત્ર નફા અને આર્થિક પાસાને બદલે માનવતાવાદી અને નૈતિક પાસા પર વધારે આગ્રહ મુકાવો જોઈએ. ડૉક્ટર-દર્દી સંબંધ વધારે સઘન અને આત્મીય બનવો જોઈએ. નિદાન અને સારવારમાં ટેકનોલોજીનો વિચારપૂર્વક ઉપયોગ થવો જોઈએ.

(સાભાર : આપણું સ્વાસ્થ્ય) **– ડૉ.કિરણ શીંગ્લોત**

---

**ગાંધીજી અને ભારતની...** (પાન ૧૦નું ચાલુ)

અધિકાર હતા. ગરીબ-અમીર વચ્ચેનું અંતર ઘટે એનો આગ્રહ અને એ માટે સાદાઈ અને અપરિગ્રહ, શ્રમ અને ટ્રસ્ટીશીપનાં મૂલ્યો હતાં.

આજે એવું માનનારા ઓછા નથી કે એ વખતે આઝાદી મેળવવા કોમી એકતા હોવી જરૂરી હતી. હિંદુ-મુસ્લિમ વચ્ચે ઝઘડાઓ થતા ત્યારે સર્વધર્મ પ્રાર્થના જેવાં પગલાં લેવાં ઠીક હતું, હવે તો બે દેશ જુદા થયા, હવે રોજ રોજ એવી પ્રાર્થનાઓ ગાવાની શી જરૂર ? કોમી એકતાની શી જરૂર ? આવી સંકુચિત માન્યતાને પરિણામે જ વીસમી સદી કરતાં અત્યારે એકવીસમી સદીમાં કોમી વૈમનસ્ય વધ્યું છે. આપણે અલગ હોઈ શકીએ, પણ તેથી વિરોધી બનવાની જરૂર નથી – ગાંધીજીએ પ્રબોધેલા આ શાશ્વત માર્ગ પર ચાલીએ તો એ એમના પવિત્ર આત્માને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

('કોડિયું'ના ફેબ્રુઆરી'૨૬ના અંકમાંથી સાભાર) **– સોનલ પરીખ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અમેરિકા સાથે વેપાર કરાર : આપણા મતથી ચૂંટેલી સરકાર તો ગુલામી આંગણે લાવી !

**ભાર**તે શું કરવું એ આજકાલ અમેરિકા નક્કી કરવા માંડ્યું છે. ચાહે ચાહબર બંદરથી ભારતે ખસી જવાનું હોય, ઈરાન, રશિયા પાસેથી ક્રૂડ ખરીદવું કે નહીં કે પછી પાકિસ્તાન સાથે યુદ્ધ ક્યારે રોકવું ! અરે, ભારત પાસેથી કેટલો વેરો લેવો અને કેટલો સામે ચૂકવવો એ પણ ભારત સરકારને બદલે અમેરિકા દુનિયા સામે જાહેર કરે છે. ટ્રેડ ડીલનું સંયુક્ત નિવેદન પણ એકલું અમેરિકા દુનિયા સામે મૂકે ને આપણે અભિનંદન સાથે આવકારીએ ! એવી સ્થિતિમાં ભારત કેમ મુકાયું ? ભારત સરકાર તો બધી વિગતો ભારતના નાગરિકો સામે પારદર્શક રીતે મૂકતી નથી. પરંતુ અમેરિકાએ જે નિવેદન જાહેર કર્યું એ પહેલી નજરે જ એકતરફી, ભારતનાં હિતો વિરુદ્ધ, દબાણ હેઠળ બન્યાનું, દેખાઈ આવે છે. એ નિવેદન મુજબના કરારથી તો આપણાં ખેતી, દૂધ, ડેરી ને મંડળી, બધુંય ખતમ થઈ જશે ! નિવેદન અનુસાર, કરાર તો શું કરશે, જાણે ગુલામી ખત જ લખી દેશે !

જો કરાર હોય તો બેય દેશ માટે સરખી શરતો હોય. જે વસ્તુની જરૂર હોય એ સસ્તી આયાત કરે અને પોતાના દેશમાં પાકતી વસ્તુઓ હોય એના ઉપર ઊંચી ડ્યુટી રાખીને, દેશના ઉત્પાદકોનું રક્ષણ કરે. અહીં તો આપણે જે પકવીએ છીએ એ જ વસ્તુઓ ૦% વેરા સાથે (એટલે કે વેરા વિના) આયાતની છૂટ આપીને આપણા કામ-ધંધા - રોજગાર મારી નાખીને બેરોજગારી, ગરીબી અને ગુલામી તરફ ધકેલવાનો કરાર કરશે. આવનારી પેઢીનું શું થશે એ તો વિચારો !

### ખેત ઉત્પાદનોની આયાત વેરા-મુક્ત

અત્યાર સુધીની કોઈ સરકારે ખેત ઉત્પાદનોને ભારતમાં લાવવાની વેરામુક્ત છૂટ આપી નથી. સિવાય કે અહીં અછત કે ગરજ હોય ત્યારે વેરામાં છૂટછાટ આપીને લાવવા દેતા. હાલ દેશમાં ૧૯ કરોડથી વધારે અને ગુજરાતમાં ૫૪ લાખ ખેડૂતો છે. ભારત સરકારે હમણાં લોકસભામાં આપેલા આંકડા મુજબ ગુજરાતમાં ૪૦,૦૫,૫૨૬ પશુપાલકો છે. આમાં ખેડૂત અને બિનખેડૂત પશુપાલકોનો સમાવેશ થાય છે. અંદાજ મુજબ ૯ થી ૧૦ લાખ પશુપાલકો એવા છે જેમની પાસે ખેતીની જમીન નથી પરંતુ છૂટક મજૂરી અને પશુપાલનથી પોતાનું ગુજરાન ચલાવે છે. આવા ૬૩-૬૪ લાખ પરિવારોનું શું થશે ?

### ગુજરાતની ખેતી જોઈએ તો...

કપાસ : ગુજરાતમાં કપાસની ખેતી સહુથી વધારે છે. દેશમાં પાકતા કુલ કપાસના લગભગ ૨૭%થી વધારે કપાસ ગુજરાત પકવે છે. ગઈ સીઝનમાં અમેરિકાના કપાસને વેરામુક્ત કર્યો તો માત્ર ૩ મહિનામાં અમેરિકાથી કપાસની આયાતમાં ૯૯%નો વધારો થયો. અહીંના બજારમાં ભાવ ઊતરી ગયા. હવે કાયમ માટે કોઈ વેરા વિના તે ભારતમાં આવશે તો આપણો કપાસ કોણ હાથમાં પકડશે ? અહીંના ખેડૂતોને કોણ ભાવ આપશે?

મગફળી : ગુજરાતમાં ગયે ચોમાસે ૨૨,૦૨,૩૩૭ હેક્ટરમાં મગફળીનું વાવેતર થયું હતું. અહીં મગફળીના ભાવ મળતા નથી. એવામાં અમેરિકાથી સસ્તું સોયા તેલ અને બીજાં ઉત્પાદનો આવે તો અહીંનો ગરીબ માણસ તો સસ્તા માલ તરફ જ જશે, તો આપણી મગફળીનું શું થશે ?

સોયાબીન : ગયા ચોમાસે ગુજરાતમાં ૨,૭૭,૩૬૩ હે. વિસ્તારમાં સોયાબીનનું વાવેતર થયું હતું. સોયાબીનનો વાવેતર વિસ્તાર ગુજરાતમાં વધતો જાય છે. પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે આયાતને કારણે તેનો પણ ભાવ નહીં મળવાનો.

મકાઈ : ગયા ચોમાસે ગુજરાતમાં ૨,૮૦,૯૭૮ હેક્ટરમાં મકાઈનું વાવેતર થયું હતું. અત્યારે ૨-૨-૨૬ની સ્થિતિએ ૧,૪૪,૯૩૩ હેક્ટરમાં શિયાળુ મકાઈ ઊભી છે. ભારત એની જરૂરિયાત જેટલી મકાઈ દેશમાં પકવી લે છે. અમેરિકા મકાઈ ખૂબ પકવે છે. ભારત કરતાં ૭-૮ ગણી! ભારતમાં માંગ અને પુરવઠા વચ્ચે ૨-૪ મિલિયન ટનની વધઘટ રહે છે. હવે અમેરિકાથી કોઈ વેરા વિના સસ્તી ઢગલાબંધ મકાઈ આવશે તો દેશના અને ગુજરાતના મકાઈ પકવતા ખેડૂતોનું શું થશે ?

### દૂધ, પશુપાલન અને ડેરી

ઉપર જોયું તેમ ગુજરાતમાં ૪૦,૦૫,૫૨૬ પશુપાલકો છે. એ ખેતમજૂરીની સાથે પશુપાલન કરીને પૂરક આવક મેળવે છે અથવા રબારી-ભરવાડ જેવી કોમો જે મોટા પ્રમાણમાં પશુઓ રાખે છે, એને ગૌચર-પડતરમાં ચરાવે છે અને એમાંથી પોતાની રોજગારી મેળવે છે.

અમેરિકાની ખેત અને દૂધ પેદાશો ઘણી સસ્તી છે. ત્યાં સરકાર ખૂબ સબસીડી આપે છે, એ સસ્તાં દૂધ અને દૂધ ઉત્પાદનો શૂન્ય ટકા વેરાએ ભારતમાં આવવા માંડે, ગુજરાતનાં શહેરો અને ગામડાઓનાં બજારોમાં વેચવા માંડે તો ખેતી સાથે કે ખેતી વગર, પશુપાલન કરીને, તબેલા બનાવીને, નાની ઉંમરે વિધવા થનારી બહેનો ૨-૩ ભેંસ રાખીને સ્વમાનભેર પોતાનાં બાળકો ઉછેરે, ભણાવે, પરણાવે એવી બહેનોનું શું ? પશુપાલનમાં સ્વરોજગાર મેળવનારા લાખો લોકોનું શું થશે ? સહકારી ડેરીઓ પૂરતા ભાવ-વધારા આપી શકતી નથી. પશુપાલકો આંદોલન કરે છે, શહીદ થાય છે. એવામાં અમેરિકાનાં દૂધ ઉત્પાદનો આવે તો આપણી ડેરીઓ, મંડળીઓ ને પશુપાલકોની શું હાલત કરશે ?

આપણે અમેરિકાનો માલ વગર વેરાએ, ૦% વેરાએ આપણા દેશમાં વેચવા દેવાનો, સામે આપણા દેશનો માલ અમેરિકામાં વેચવો હોય તો અમેરિકાને ૧૮% વેરો ભરીને વેચવાનો ! આને બરોબરીયા વચ્ચે કરેલો કરાર કહેવાય કે હારેલાએ જીતનારને કાંડાં કાપી આપ્યાં કહેવાય ?

આખા દેશની વાત નથી કરતો. આ કરારથી ગુજરાતના ૫૪ લાખ ખેડૂતો, ૯ થી ૧૦ લાખ બિનખેડૂત પશુપાલકો, ૮ થી ૧૦ લાખ હીરા ઉદ્યોગમાં સંકળાયેલા લોકો, એમના કારણે આડકતરો વેપાર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મેળવનારા ટ્રક, ટેન્કર, હોટલ, પાનના ગલ્લા ને એવા બીજા લાખો લોકોનું શું થશે ? એમની ઇચ્છા છે કે, આપણે જમીન-પશુ વેચીને નવરા થઈ જઈએ. મોટાં અગ્રણી કોર્પોરેટ હાઉસેસ ખેતીયે કરશે ને તબેલા બનાવી દૂધેય વેચશે. આપણે રેશનની લાઈનમાં ઊભા રહેવાનું!

બેરોજગારી અને ગરીબી કેવી રીતે આપણી સગવડના ઓઠા તળે વધતી જાય છે એનો એક સામાન્ય દાખલો તમે પોતે થોડીક વાર વિચારી લો. અમદાવાદ-વડોદરાના જૂના હાઈવે ઉપર, હોટલો, પાનના ગલ્લા, ચા-નાસ્તાની લારીઓ, હાઈવેને કિનારે સીઝનલ ફળો, શાકભાજી વેચવાં જેવા નાના કેટલા રોજગાર હતા ? કેટલા પરિવારોના ઘર હાઈવેની સાઈડમાં નભી જતા હતા ! આપણા માટે એ નાના માણસો હશે પરંતુ એમના પરિવારના તો એ કમાઉ મોભી હતા. એની સામે અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે બન્યો એના ઉપર કેટલા પરિવારો નભે છે ? આપણી સગવડ ને સમયની બચત સામે સેંકડો પરિવારોની બેરોજગારી છાને પગલે આવે છે. તે ઉપરાંત આ હાઈવેમાં જતી જમીનને કારણે જે રોજગારીઓ છીનવાઈ, ખેતી ગઈ તેની તો અહીં વાત જ નથી !

દેશભરમાં આવા અનેક નવા નવા એક્સપ્રેસ-વે બનતા જાય છે અને રોજગાર ખતમ કરતા જાય છે. નાના મોટા સામાનની ડિલિવરીમાં ડ્રોનનો ઉપયોગ વધશે તો એ કેટલા રોજગાર ખતમ કરશે ?

બધેથી હારેલા-થાકેલા પરિવાર માટે છેલ્લે એનું ગામ અને ગામનું પશુપાલન, ખેતર, ખેતમજૂરી છેલ્લો આશરો હોય છે જે ક્યારેય જાકારો નથી આપતું કે ભૂખ્યા નથી સુવડાવતું. ટ્રમ્પ સામે સ્વીકારેલી શરણાગતી આવા પરિવારોના છેલ્લા આશરાનો મૃત્યુઘંટ વગાડી દેશે.

લોકોએ વિચાર વારસાનો વિચાર કર્યા વગર મત તો વિકાસ કરવા આપ્યા હતા, પણ લાવ્યા છે ગુલામી ને વિનાશ ! જે લોકો કરાર સહી કરવા જઈ રહ્યા છે એમના વૈચારિક પૂર્વજો તો એ વખતે પણ અંગ્રેજોની સાથે હતા. એમને આઝાદી જોઈતી જ નહોતી, ગુલામી ટકાવી રાખવા માટે માફીનામાં લખીને અંગ્રેજોનું પેંશન લેતા હતા એ વાત લોકો મત આપતી વખતે ભૂલી ગયા ! જે વિચારમાં વીર માફીનામાં લખીને પેંશન લઈ શકતા હોય ત્યાં આજના શાસકો ગુલામીખત પર સહી ના કરે તો જ નવાઈ ! છતાં, લાખો લોકોનાં ત્યાગ, બલિદાન, શહીદીથી મેળવેલી આઝાદીને સમજ્યા વિના, લાંબું વિચાર્યા વગર આપણે આપેલા મતથી ચૂંટાયેલી સરકારની કલમના એક ઝાટકે ગુલામીના રૂપમાં પાછી ઘરને આંગણે લાવી મૂકીશું !

ગુલામી સ્વીકારી લેવી છે કે સંગઠિત વિરોધ કરીને આઝાદી બચાવવી છે ? જાગૃત નાગરિક તરીકે દેશમાં, સમાજજીવનમાં શું ચાલી રહ્યું છે અને તેને લીધે સામાન્ય માણસના જીવન પર તેની શી અસર થવાની છે એ જાણવું અત્યંત જરૂરી છે.

**– સાગર રબારી**

**આત્માને જાણીએ...** (પાન ૦૩નું ચાલુ)

ધ્યાન એટલે ઇંદ્રિયોને મનમાં, મનને બુદ્ધિમાં અને છેવટે બુદ્ધિને નિજસ્વરૂપમાં વિલિન કરીને સમાધિનો અર્થાત્ આકાશ સમાન શૂન્યાવસ્થાનો અનુભવ કરવો - આ છે ધ્યાન. સાંખ્યયોગ અર્થાત્ વિચાર અર્થાત્ જેવી રીતે શરીરનું, એવી રીતે સમગ્ર વિશ્વનું પૃથક્કરણ કરીને, આ બધાથી પર એવું સાક્ષીરૂપ ચૈતન્યતત્ત્વ છે, તેને બુદ્ધિ દ્વારા સિદ્ધ કરવું અને પછી ચિંતન દ્વારા એ તત્ત્વમાં દૃઢ થવું તે છે. અને કર્મયોગ એટલે સર્વ ભૂતોમાં રહેલ અંતરાત્મા એક જ છે, આવા નિશ્ચય સાથે નિષ્કામ ભાવે સેવા કરીને ‘હું-પણા’ ‘મારા પણા’ને ભૂલી જવું. આમ આપણે કહી શકીએ કે આ ત્રણેય એકબીજાના પૂરક છે.

आत्मनि आत्मानं आत्मना पश्यन्ति - આત્માથી, આત્માને, આત્મામાં જોવાની વાત અહીં કહેવાઈ છે. આત્મા દ્વારા જોવું - આ કર્મયોગનું તત્ત્વ છે, આત્માને જોવો - તે સાંખ્યયોગનું તત્ત્વ છે અને આત્મામાં જોવું - તે ધ્યાનયોગનું તત્ત્વ છે, આમ આ રીતે પૃથક્કરણ કરી શકાય અને આ ત્રણેય માર્ગોના મિલનથી ‘આત્માથી, આત્માને, આત્મામાં’ જોવાની સંપૂર્ણ ક્રિયા થાય છે.

* * *

ગીતાના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞની સમાધિની જે શાસ્ત્રીય વ્યાખ્યા પ્રસ્તુત થઈ છે, તે વ્યાખ્યાનું સ્વરૂપ બેવડું છે. નિષેધક અને વિધાયક प्रजहाति यदा कामान् - બધી જ કામનાઓનો ત્યાગ કરવો - તે છે નિષેધક લક્ષણ અને आत्मन्येवात्मना तुष्टः - આત્મામાં જ સંતુષ્ટ રહેવું - તે વિધાયક સ્વરૂપ છે. વિધાયક અને નિષેધાત્મક લક્ષણ ઉપરાંત એમાંથી એક બીજા પ્રકારનો પણ બેવડો અર્થ નીકળે છે. આમાં પહેલાં કામના-ત્યાગ એ પ્રારંભિક સ્વરૂપ અને બીજું એટલે કે આત્મતુષ્ટિ તે પ્રગત સ્વરૂપના અર્થ નિષ્પન્ન થાય છે. આવું પણ કહી શકીએ છીએ. પહેલું જે છે તે તમામ કામનાઓને ત્યાગી દેવી, તે સાધનરૂપ છે. અને બીજું લક્ષણ કામનાત્યાગથી જે સ્થિતિ પ્રાપ્ત થાય છે તે સૂચવે છે.

એટલે પહેલું છે, સાધનરૂપ પ્રાથમિક અને બીજું છે એનું ફલિત રૂપ પ્રગત સ્વરૂપ. અને આનાથી એકદમ વિપરીત સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાં આગળ જતાં એવું પણ કહેવામાં આવ્યું છે કે જેમ-જેમ આત્મદર્શન થતું જાય છે, તેમ-તેમ કામનાઓનો રસ સુકાવા લાગે છે. એટલે આનો અર્થ એ થયો કે આત્મદર્શન એ સાધન છે અને કામના-નાશ તેનું ફળ થયું. આત્મતૃપ્તિ દેખાતી નથી, પણ કામનાઓનો ત્યાગ જોવા મળે છે. કોઈ મનુષ્યમાં કામનાનું ન દેખાવું તે એનું પ્રગટ લક્ષણ છે. તે આત્મસંતોષનું ચિહ્ન છે અને પરિણામ પણ છે. એટલા માટે તેને ફળસ્વરૂપ કહી શકીએ છીએ. પરંતુ પહેલાં આત્મદર્શન કે પહેલાં કામનાત્યાગ, આવો વિવાદ કરવો નકામો છે. ‘પહેલાં બીજ કે પહેલાં વૃક્ષ’ - જેવો જ આ વિવાદ છે. આત્મદર્શન અને કામના-ત્યાગ એકબીજાનાં કાર્ય-કારણ છે.

(ક્રમશઃ) (સંકલિત)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# કળાનો આત્મીય ચહેરો

ગુલામમોહમ્મદ શેખ સાહિત્ય અને કલા બન્ને ક્ષેત્રમાં સરખું ખેડાણ કરનાર આધુનિક સર્જક છે. સંસ્કાર નગરી વડોદરાને કાર્યક્ષેત્ર બનાવ્યું હોવાના કારણે સુરેશ જોશી, ભોગીલાલ ગાંધી, પ્રબોધ ચોક્સી જેવા સાહિત્ય સર્જકોનો સંગ સાંપડયો. વ્યક્તિચિત્રો, કવિતા, લલિત નિબંધો એમ વિવિધ સાહિત્ય પ્રકારો સુપેરે ખેડયા. સાથે જ ચિત્રકળા ક્ષેત્રે તેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નામના મેળવી ચૂક્યા છે. નેવું દાયકાનું સભર આયખું જીવતા આ સર્જક ગુજરાતી ભાષાનું અને ગુજરાતનું ગૌરવ છે. પદ્મશ્રી, પદ્મભૂષણ, સાહિત્ય અકાદમી પુરસ્કાર, રવિશંકર રાવળ એવોર્ડ જેવાથી સન્માનિત થયા છે. એમનાં ચિત્રોનાં એકલ પ્રદર્શનો પણ યોજાયાં છે.


હમણાં એમનું એક પુસ્તક 'ભેરુ, ગુરુ અને ગોઠિયા – તેર કળાકારોનાં સંભારણાં' આવ્યું છે. એમ તો જુદા જુદા સમયે લખાયેલાં સ્મૃતિ વ્યક્તિ ચિત્રોનું આ સંપાદન છે. આ પુસ્તક અંગે એમની કેફિયત એમના જ શબ્દોમાં, 'આ બધાં મારી સફરના સાથી. સહુ ગયાં એક પછી એક. પણ દરેકે મનમાં એવો ડેરો જમાવ્યો કે લખ્યે જ છૂટકો, પણ લખવું કેમ? એ જીવ્યાં, કરી ગયાં તે કે મેં જોયું તેમ? અને બેય ભેગાં થાય તો? છેવટે અધરું અધરું પણ આદર્યું, પછી લેખણે જ મજલ માંડી'. એવું જ સહજ અર્પણ, 'જીવતાં જડી તે કળાકારોની જમાતને'. આ તેર વ્યક્તિઓ વિશિષ્ટ પ્રતિભા ધરાવનારી, દરેકનો જાણે 'પરિચય' અપાતો હોય એ રીતે લેખના શીર્ષક છે; : એકાંકી આંખે બિનોદ બિહારી મુખર્જી (૧૯૦૪-૧૯૮૦), સદીની (સં)વેદના મકબૂલ ફિદા હુસેન (૧૯૧૫-૨૦૧૧), . સૃષ્ટિનો બહુરૂપી વેશ કલપાતી ગણપતિ સુબ્રહ્મણ્યમ્ (૧૯૨૪-૨૦૧૬), મિત્રને પત્ર જગદીશ સ્વામીનાથન (૧૯૨૮-૧૯૯૪), સળગતાં આંગળાં જેરામ પટેલ (૧૯૩૦-૨૦૧૬), 'જંગૂરો' પ્રફુલ્લ દવે (૧૯૧૫-૨૦૧૧), ઝાકળ શી કોમળ સંવેદના નસરીન મોહમદી (૧૯૩૭-૧૯૯૦), ભેરૂ ભૂપેન ખખ્ખર (૧૯૩૪-૨૦૦૩), જૂની જીથરડીનો જાદૂગર નાગજી પટેલ (૧૯૩૭-૨૦૧૭), અવસ્થાને આરે કૃષ્ણ છાટપાર (૧૯૩૬-૨૦૨૨), દિલ્લૂ-દિલરૂબા મૃણાલિની મુખર્જી (૧૯૪૯-૨૦૧૫), ક્રાન્તિને મોરચે કળા વિવાન સુન્દરમ્ (૧૯૪૩-૨૦૨૩), પંકજ નામે દોસ્ત પંકજ મશર (૧૯૫૩-૨૦૦૯)

સ્વાતંત્ર્ય પછી લલિત કળા ક્ષેત્રે શાંતિનિકેતન સિવાય બહુ ઓછાં સ્થળો હતાં. વડોદરામાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ વિશ્વવિદ્યાલય ખાતે પચાસના દાયકામાં લલિત કલાના અભ્યાસક્રમો શરૂ કરાયા. ચિત્ર, સંગીત, ગૃહ વિજ્ઞાન જેવા તે સમયે અનોખા કહી શકાય એવા અભ્યાસક્રમો શરૂ થયા. એના પગલે પગલે વડોદરા સાચા અર્થમાં વિદ્યાધામ બની રહ્યું. વિશ્વવિદ્યાલયના જે તે સમયના સંચાલકો દ્વારા ભારતભરના શ્રેષ્ઠ કલા શિક્ષકો પસંદ કરાયા. આ કારણે છેલ્લા લગભગ સાતેક દાયકાથી ભારતના ટોચના કહી શકાય એવા ચિત્રકારો, શિલ્પકારો આપણને વડોદરાથી મળ્યા છે. લેખક પોતે એમાંના એક છે. આ પુસ્તકમાં લેખકના ગુરુ, સહાધ્યાયી અને સમકાલીન એવાં સમર્પિત કળાકારોને મૂલવ્યાં છે, રજૂ કર્યાં છે.

કળાના વિદ્યાર્થીઓમાં મણીસાહેબ તરીકે જાણીતા કલપાતી ગણપતિ સુબ્રહ્મણ્યમ્‌ની સફર આઝાદી પૂર્વેથી શરૂ થઈને નંદલાલ બોઝ શાંતિનિકેતન અને વડોદરા સુધીની રહી. વડોદરામાં કળા વિદ્યાલયમાં તો ભણાવ્યું જ પછી જ્યોતિ લિમિટેડ દ્વારા એમની કદર કરાઈ. આજે પણ શાંતિનિકેતન ખાતે એમનું સર્જન જોવા મળે છે. એમ.એફ.હુસેનને મોંઘાં ચિત્રો થકી ઓળખીએ. એમના સંઘર્ષની, કળાની ધૂન, એક કવિની ગરીબી જોઈને પગરખાં પહેરવાનાં છોડયાં જેવી અજાણી વાતો જાણવા મળે છે. ઘણાએ વડોદરાની ઓળખ સમા બે થાંભલા અને પાનની ભાતવાળું શિલ્પ જોયું હશે. એ રેતીયા પત્થરનું બનેલું છે અને નાગજી પટેલે બનાવ્યું છે એવું જાણીએ ત્યારે આનંદાશ્ચર્ય જ થાય. પોતાની આગવી શૈલીથી જાણીતા ભૂપેન ખખ્ખરના ચિત્ર સિવાયના આયામો વાંચીને માનવમનની આંટીઘૂંટી કેટલી અઘરી છે, એ ઊપસે. દરેક વ્યક્તિ પોતપોતાની રીતે આગવી અનૂઠી.

ફક્ત તેર જ સર્જકો! એવો ભાવ થાય એવો આ ગ્રંથ છે. વિશિષ્ટ કદ તો છે જ સાથે ફક્ત સંભારણાં કે હકીકતો જ નહીં, જે તે સર્જકનું સર્જનવિશ્વ પણ આપણી સમક્ષ ઊઘડે એ હેતુથી ઉત્કૃષ્ટ મુદ્રણ સાથે શ્વેત શ્યામ અને રંગીન બન્ને પ્રકારનાં ચિત્રો, શિલ્પોની તસ્વીરોને સ્થાન આપ્યું છે. અને એટલે જ આ પુસ્તક એક યાદગાર સ્મૃતિગ્રંથ બની રહે છે (collectors' edition જેવો). દરેક સર્જકને બે રીતે મૂક્યા છે, લેખકના પોતાના અનુભવો અને જે તે સર્જકનું કાર્ય. આ એક અનોખો આયામ ઉમેરે છે. દરેક સર્જકનો સ્વાભાવિક માનવીય ચહેરો, કારકિર્દીનો ચહેરો અને કળાનો ચહેરો આમ આપણે દરેક કલાકારનો ત્રિપરિમાણીય પ્રવાસ કરીએ છીએ જાણે.

એક સામાન્ય વાચક તરીકે જાણીતા ચિત્રકારો કે શિલ્પકારોને એમનાં મોટી કિંમતે વેચાતાં ચિત્રો કે સર્જન થકી જ અથવા કેટલાક કિસ્સામાં વ્યર્થ વિવાદોથી ઓળખતા હોઈએ છીએ. પ્રસ્તુત વ્યક્તિચિત્રોમાં વ્યક્તિની સર્જક બનવાની સંઘર્ષ કથા આલેખાઈ છે. એ પણ આપણામાંના જ છે. એમની માનવસહજ મર્યાદાઓ દર્શાવાઈ છે, તો ચિત્રકાર તરીકે કઈ રીતે મૂઠી ઊંચેરા બન્યા એ પણ આલેખાયું છે. કળાના ખોળે માથું મૂકીને જીવતા સર્જકોની યંત્રણા વર્ણવી છે પણ એમનું સન્માન જાળવ્યું છે. જે તે સર્જકોની વાત કરતી વખતે આસપાસનું વાતાવરણ, સહપ્રવાસી સમા કલાકારો, એમને સાચવનારા-પરખનારાની વાતો પણ આવરી લેવાઈ છે.




ભેરુ, ગુરુ અને ગોઠિયા : તેર કળાકારોનાં સંભારણાં – ગુલામમોહમ્મદ શેખ પાન-૨૬૦ (રંગીન ચિત્રો સહિત), કિંમત રૂ. ૫૦૦, પ્રકાશક : ક્ષિતિજ સંશોધન પ્રકાશન કેન્દ્ર, થાણા અને સંવાદ પ્રકાશન, ૨૩૩-રાજલક્ષ્મી સોસાયટી, જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૫૦૦૭.

દરેક ચિત્રકાર કે શિલ્પકાર કઈ રીતે પાંગરે છે, એની શૈલી વિકસે છે,

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અરવલ્લી સંરક્ષણ યાત્રાનું દિલ્હીમાં સમાપન

દેશની સૌથી પ્રાચીન પર્વતમાળામાં ૭૦૦ કિ.મી. પૂર્ણ કરીને અરવલ્લી સંરક્ષણ યાત્રા ૨જી માર્ચના રોજ દિલ્હી પહોંચી હતી. પર્યાવરણ પ્રેમીઓ, પારિસ્થિતિક વિજ્ઞાનના નિષ્ણાતો, નાગરિક સંગઠનો, વકીલો તેમજ અરવલ્લીના ખોળામાં વસતા ગ્રામીણ તેમજ શહેરવાસીઓના નેટવર્ક 'અરવલ્લી વિરાસત જન અભિયાન' દ્વારા ૨૪મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ગુજરાતમાંથી આ યાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. જેનો હેતુ ઉત્તર પશ્ચિમે ભારતને રણીકરણથી બચાવતી કુદરતી ઢાળ, જલસ્રાવ ક્ષેત્ર, જળવાયુ નિયંત્રક, પ્રદૂષણ શોષી લેનારી તથા વન્યજીવોના આવાસ-સ્થાનરૂપી અરવલ્લી પર્વતમાળાના રક્ષણની માંગણીને મજબૂત બનાવવાનો હતો.

આદિવાસી સમન્વયમંચના સભ્ય શ્રીમતી કુસુમ રાવતે કહ્યું, ''ત્રણ રાજ્યોના ૩૫થી વધુ અરવલ્લી જિલ્લાઓના પ્રવાસ પછી અમે ૩૮ દિવસ લાંબી યાત્રાનું સમાપન દેશની રાજધાનીમાં એક પવિત્ર સમારોહથી કર્યું. આ કાર્યક્રમમાં ગુજરાત, રાજસ્થાન તેમજ હરિયાણાનાં સ્વચ્છ અરવલ્લી ક્ષેત્રોમાંથી લાવવામાં આવેલ માટીને દિલ્હીની ભૂમિમાં ભેળવીને કરંજવાના બે ઔષધીય છોડ રોપ્યા. આ એક કાંટાવાળું વૃક્ષ છે, જે વાડ બનાવવામાં ઉપયોગી થાય છે. આસપાસ રહેતા લોકોએ તેને ઉછેરવાની જવાબદારી લીધી છે. કરંજવાનાં બી દક્ષિણ રાજસ્થાનમાં આવેલ ચિતોડગઢ જિલ્લાની અરવલ્લીની તળેટીમાંથી અમારા સાથીઓ પોતાની સાથે દિલ્હી લઈ આવ્યા હતા. ચાર રાજ્યોની માટીને એકત્ર કરવાનું આ પવિત્ર અનુષ્ઠાન એ વાતનું પ્રતીક છે કે ભારતની સૌથી પ્રાચીન પર્વતમાળાના ખોળે વસતા ગ્રામીણ તેમજ શહેરી સહુ જનો સ્વચ્છ હવા તેમજ જળસુરક્ષાને માટે એકસાથે છે. છોડ રોપીને અમે અરવલ્લીની રક્ષા તેમજ સંરક્ષણના અમારા સંકલ્પને વધુ દૃઢ કરીએ છીએ. અરવલ્લીમાં વસતા લોકો તો આ યાત્રામાં ભળ્યા જ પરંતુ તે ઉપરાંત દેશનાં અન્ય રાજ્યોમાંથી પણ લોકો ભળ્યા તે અમારે માટે ખુશીની બાબત છે.

કૈલાસ મીણા જેઓ એક જાણીતા પર્યાવરણ કાર્યકર્તા છે, તેમણે જણાવ્યું કે, ''યાત્રીઓએ દરેક જિલ્લામાં એ ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો જેઓ પોતાની આજીવિકા માટે અરવલ્લી પર આધારિત છે અને આ જીવનરેખાની સુંદરતા તેમજ વિનાશ બંને બાબતો અંગે ચર્ચાઓ કરવામાં આવી. આ યાત્રાના માધ્યમથી અમે સહુને સમજાવ્યું કે ખનન જેવી પર્યાવરણનું દોહન કરનારી પ્રક્રિયામાં કશું જ ટકાઉ નથી. છેલ્લાં ૪૦ વર્ષોમાં માન્ય તેમજ ગેરકાયદેસરરૂપે થતા ખનનને કારણે અરવલ્લીના ઘણા પર્વતોનો નાશ થયો છે. આ ઉપરાંત ઢોર માટેનાં ચરિયાણો પણ ખતમ થઈ ગયાં છે. વધુ પડતા ખનનને કારણે દક્ષિણ હરિયાણા અને રાજસ્થાનના અરવલ્લી ક્ષેત્રમાં પાણીની અછત ઊભી થઈ છે. પરિણામે ખેતીની ઉત્પાદકતામાં પણ ઘટાડો નોંધાયો છે. પથ્થર માટેનાં ક્રશરની ધૂળ ખેતીના પાક તેમજ વૃક્ષો પર જામી જવાથી પણ ઘણું નુકસાન થાય છે.

''ઘણા ખનન વિસ્તારોમાં ભૂજળનું સ્તર ૧૦૦૦થી ૨૦૦૦ ફૂટ નીચું ગયું છે. અરવલ્લીથી નીકળનારી કેટલીયે નદીઓ પણ સુકાઈ જવા પામી છે. અથવા પ્રદૂષિત થઈ ગઈ છે. નાગરિકોની માંગણી છે કે આ અંગે સુપ્રીમ કોર્ટ તેમજ સરકાર દ્વારા પારદર્શી તેમજ સહભાગી પ્રક્રિયાઓ થવી જોઈએ, જેમાં ખનનને કારણે અસર પામતા સમુદાયોને પણ ભેળવવામાં આવે. માનવ વસ્તી, ખેતીની જમીન, જળસ્રોતો અને વન્યજીવો માટેનાં સંવેદનશીલ ક્ષેત્રોની નજીકના વિસ્તારમાં ખનન તેમજ ક્રશિંગની પરવાનગી ન આપવામાં આવે જેથી ગ્રામીણ સમુદાય, પશુધન તેમજ વન્ય પ્રાણીઓ શાંતિથી રહી શકે. ગેરકાયદેસર ખનન તાત્કાલિકરૂપે બંધ કરવામાં આવે.''

યાત્રામાં જોડાયેલા ભીલ આદિવાસી મિત્રોનું કહેવાનું હતું કે અરવલ્લીનો સતત થઈ રહેલો વિનાશ એ બંધારણની કલમ ૨૧નું ઉલ્લંઘન છે. આ કલમ હેઠળ દરેક નાગરિકને પોતાના જીવન તેમજ આજીવિકાનો અધિકાર મળે છે જેના પર જોખમ ઊભું થાય છે. તો ઝારખંડથી આવેલ મિત્રોએ ખનનને કારણે આરોગ્ય પર થનારી અસર તરફ ધ્યાન ખેંચતાં કહ્યું કે આ ખોદકામને કારણે ચામડી, લીવર, કીડની તેમજ ફેફસાંની બીમારીઓ - દમ, ટી.બી., સિલીકોસીસ વધવાની પૂરેપૂરી શક્યતા છે. વિસ્ફોટ માટે વપરાતાં રસાયણ જમીનમાં ઊંડે સુધી જઈને ભૂજળ તેમજ નદી-નાળાઓને પણ પ્રદૂષિત કરે છે. તેને કારણે પણ આરોગ્ય પર માઠી અસર થાય છે. તેમજ પ્રાણી અને વનસ્પતિ સૃષ્ટિને પણ નુકસાન પહોંચાડે છે. વિસ્ફોટોને કારણે ગામનાં ઘરોની દીવાલો, છાપરાં અને પાયામાં તડ પડે છે. વારંવાર સમારકામ કરવાનો ખર્ચ ગ્રામીણો માટે અઘરો હોય છે અને તેથી ઘર પડી જવાનું જોખમ ઊભું થાય છે. અસુરક્ષિત ખનનને કારણે ભૂસ્ખલન અથવા પથ્થરો ગબડવાનો ભય રહે છે જેમાં મૃત્યુ પણ થઈ શકે છે.


પર્યાવરણના નિષ્ણાત નીલમ આહલુવાલિયા જેઓ અરવલ્લીના સંરક્ષણ માટે અભિયાન ચલાવી રહ્યાં છે તેમણે કહ્યું, ''જંગલ કાપવું, ખાણકામ, બાંધકામ અને કચરાનો સંગ્રહ -આ બધાંને કારણે અરવલ્લી છેલ્લા ઘણા દસકાઓથી નષ્ટ થઈ રહી છે. તેથી અરવલ્લીને કાયદાકીય સુરક્ષાની તાતી જરૂર છે. અમારી માંગણી છે કે સુપ્રીમ કોર્ટ ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના પોતાના ચુકાદાને સંપૂર્ણ રીતે પાછો ખેંચી લે અને પર્યાવરણ, વન તેમજ જલવાયુ પરિવર્તન મંત્રાલયના નેજા હેઠળની સમિતિ દ્વારા આપવામાં આવેલ અરવલ્લીની પ્રતિગામી વ્યાખ્યાને રદ કરે. નવી ઉચ્ચસ્તરીય સમિતિમાં નિષ્ણાતોની સાથેસાથે ખનનથી અસરગ્રસ્ત સમુદાયોના પ્રતિનિધિઓને પણ સામેલ કરવામાં આવે અને સમગ્ર અરવલ્લી વિસ્તાર પર થનારી સામાજિક અને પર્યાવરણીય અસર અંગે સ્વતંત્ર અભ્યાસ કરવામાં આવે. જેમાં પર્વતો, જંગલ, નદીઓ, ભૂજળ, ખેતી, આરોગ્ય અને આજીવિકાને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવે તેમજ આ અંગે જવાબદાર કોણ છે તે પણ નક્કી કરવામાં આવે. ગુજરાત, રાજસ્થાન, હરિયાણા તેમજ દિલ્હીમાં આવેલી અરવલ્લી હારમાળાને 'ક્રીટીકલ ઈકોલોજીકલ ઝોન' જાહેર કરવામાં આવે જેથી લાખો લોકોને કુદરતી પર્યાવરણનો લાભ મળે છે તે તેમજ સજીવોનું ઘર સુરક્ષિત રહી શકે.''

**- અરવલ્લી વિકાસ જન અભિયાન**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સ્વામી (આનંદ) દાદાએ અમને ભણાવ્યા....



(લોકભારતી જેવી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને અનેક વાનાં મળતાં તેમાંનું એક તે આવતા મહેમાનોનાં જ્ઞાન, હૂંફ, પ્રેમનો અનન્ય લાભ. પ્રસ્તુત લેખમાં રમેશભાઈએ પૂ. સ્વામીદાદા સાથેનું આવું જ એક મધુર સંભારણું આલેખ્યું છે. - સં.)

**પા**ક્કું યાદ નથી પણ મોટા ભાગે ૧૯૫૮થી ૧૯૬૪નાં વર્ષો દરમ્યાન, ભર શિયાળે સ્વામી (આનંદ) દાદા એમના મિત્ર નાનાદાદાને ઘેર નિરાંતે રહેવા આવતા. આગળ નોંધ્યું છે એ મુજબ લોકભારતીના અધ્યાપકો જે રીતે અમને પ્રાથમિક શાળામાં કંઈક ગમતી કવિતા કે પાઠ ભણાવવા આવતા એમ જ સ્વામી દાદા પણ અમને ભણાવવા આવ્યા હતા. અમે તો એમને પહેલી વાર જ જોયા – ગુલાબી-ગુલાબી ચહેરો અને માથા પર પોણા ભાગમાં ટાલ, સહેજ ઝડપથી બોલે ને મઝાનું હસે. એમણે અમને સૌને સહિયારું પૂછીને, અમે કહ્યું, એમ, અમારી ગુજરાત વિદ્યાપીઠની વાચનમાળામાંથી 'દાદાનો શિષ્ય' – નામનો પાઠ ભણાવ્યો. એ પાઠમાં, એક ઉમરાવને કશાક ઉત્સવ નિમિત્તે કરવાના શણગારમાં મૂકેલી સિંહની મૂર્તિ કશુંક લેતાં-મૂકતાં પડીને તૂટી ગઈ – જે શિલ્પી દાદાજીએ ઘડી હતી. મહેમાનો તો આવવા માંડ્યા હતા. આવી કટોકટીની વેળાએ – અમારી જ ઉંમરના, દાદાજીના પૌત્રે, મહેમાનોને પીરસવાના માખણના પીંડામાંથી એવી જ સિંહમૂર્તિ બટરનાઈફની મદદથી ચપટી વગાડતામાં કેમ કંડારી આપી હતી અને સૌ વડીલોની કેવી શાબાશી મેળવી હતી – એની કથા-વાર્તા હતી.

એ પાઠની સ્મૃતિ અદલોઅદલ આમ જળવાઈ છે એનું એક કારણ તો પેલી મઝાની કથા જ છે પણ બીજું કારણ એટલું જ મઝાનું છે! – સ્વામી દાદાએ પણ એ પાઠનું સસ્વર કરેલું અફલાતૂન પઠન અને એ પાઠ ભણાવતી વખતે એ વિષય અંગે દુનિયાભરની દૃષ્ટાંતરૂપ વાતો જ હતી ! પાઠ ભણાવ્યા પછી હતી પ્રશ્નોત્તરી. એમાં અમારી સાથે જ બેસેલા શાળાના ચાર શિક્ષકો પણ જોડાયા – અમે તો સૌ પહેલાં પૂછ્યું – તમે ઘરમાંથી ભાગી જઈને આમ સાધુ શું કામ થયા ? કોઈએ માર્યું કે કોઈ વઢ્યું હતું ? એવા-એવા સવાલોથી શરૂ થયેલી એ પ્રશ્નસભામાં પછી તો આઝાદીની લડત, ગાંધીજી, સ્વરાજ-સુરાજ અને આપણી નૈતિક ગરીબી – એવી એવી વાતે સ્વામી દાદાનો, પુણ્યપ્રકોપ સાથેનો જ્ઞાન-સાગર લહેરાયો. અમે છોકરા તો એમાં તલ્લીન એટલે સ્વામી દાદા ખિજાયા : આ છોકરાવ તો મારા બેટા કાંઈ પૂછતા નથી !

પ્રભાબહેન મુનિ ત્યારે અમારા વર્ગશિક્ષક. એમણે અમારી સાથે ભણતી કોકિલા શુક્લને કહ્યું કે ટોમકાકાવાળો સવાલ તેં મને પૂછેલો- એ તું સ્વામી દાદાને કેમ નથી પૂછતી ? કોકીએ તો વળતો જ એ સવાલ પૂછ્યો – એ સાંભળીને સ્વામી દાદા રાજી થયા અને નિરાંત જીવે જવાબ આપ્યો.

આ દિવસોમાં કિશનસિંહ ચાવડા લોકભારતીમાં મહેમાન થયેલા. અને એમની નાનેરી નવલકથા 'ધરતીની પુત્રી' વિશે વાતો કરેલી. મારાં બાએ એ નવલકથા લોકભારતીના ગ્રંથાલયમાંથી મારી પાસે મંગાવેલી અને એમણે એ વાંચી લીધી પછી તે ગ્રંથાલયમાં જમા કરાવવા લઈ જતો હતો ત્યારે તેના આરંભનાં બે-ત્રણ પાનાં આમ તેમ ફેરવીને વાંચ્યાં તો રસ પડ્યો એટલે રસ્તે છવાયેલા પીપળના છાંયે બેસીને એ કથા પૂરી કરેલી. એમાં રામ કરતાં રાવણને મળેલું વિશેષ મહત્ત્વ મારા કિશોરવયસ્ મનને ક્કેલું... એટલે સ્વામીદાદાની સૌ પર ફરતી નજર જેવી મારી પર પડી કે લાગલો જ સવાલ મેં દાગ્યો – 'રામને કોરાણે કરી – મૂકીને કાંય રાવણની વાર્તા લખાતી હશે ?' પ્રશ્ન સાંભળતાં જ સ્વામી-દાદાએ એમની પાસે બોલાવ્યો. આપણી તો છાતી ધડકવા માંડી, ઊભો જ ન થઈ શક્યો. દુર્ગાશંકરભાઈ કહે ! દાદા તને બોલાવે છે, તું જા તો ખરો !

મહા મહેનતે, નીચી નજરે ગયો. માત્ર પગ જ નહીં, આખું શરીર ધ્રૂજતું હશે એટલે સ્વામી દાદાએ ખભે હાથ મૂકી-દબાવી સ્થિર કર્યો અને પછી માથું ખેંચીને પોતાનાં પેટ-છાતીએ વળગાડી વહાલ કર્યું અને પછી આસ્તે રહીને પૂછ્યું – 'તેં એ ચોપડી આખી વાંચી છે કે કોઈકે કહેલી વાત તું પૂછે છે ?'

હજુ હમણાં સુધી જેનાં પગ-શરીર ધ્રૂજતાં હતાં એ વેંતિયા છોકરાનું શરીર અક્કડ થઈ ગયું. આંખોમાંય અભિમાન છલકાઈ ગયું હશે ને પછી પુછાયો પ્રતિ પ્રશ્ન : 'પૂછ્યો છે ઈ સવાલ મારો નૈં તો શું તમારો છે ?'

બધાં હસી પડ્યાં. સ્વામી દાદાનું, હસવું તો રોકાય જ નહીં! પછી રાતાચોળ મોં-ચહેરે એમણે કહ્યું : 'આ બધાં તારાં ભાઈબંધોને એ રાવણ-રામની વાર્તા એકદમ ટૂંકાણમાં કહીશ ? પછી તારા સવાલનો જવાબ દઉં ?'

રવિવારની બાલસભામાં વાંચેલી બાળવાર્તા બધાને ટેસથી કહેતો હતો એટલે આપણે તો બેધડક, કશાય સભાક્ષોભ વિના વાર્તા કહી. વળી, સ્વામી દાદા તો રાજી-રાજી પણ પાછો કાન આમળીને કહ્યું : 'બેટમજી તમે વાર્તા તો પાક્કી વાંચી જ છે પણ ભઈલા, તારી ઉંમર કંઈ આવી વાર્તા વાંચવાની નથી, તારે તો અત્યારે સાહસ અને શૂરવીરતાની વાર્તાઓ વાંચવાની હોય ! આ આપણા મૂળશંકરભાઈએ અનુવાદ કર્યા છે ને એવી-એવી સાહસકથાઓ વાંચીશ તો... એની તો મઝા જ કંઈ ઓર છે – વાર્તાના સાહસિક-બહાદુર પાત્રની જગ્યાએ તું જ ગોઠવાઈ જઈશ !'

પણ મેં તો એય બધી વાંચી છે – 'સાગર સમ્રાટ' 'સાહસિકોની સૃષ્ટિ', 'ખજાનાની શોધમાં' ને 'એંશી દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા !'

કિશોરવયે ન હોય – એવા ઊભરાતા આત્મવિશ્વાસ સાથે કહેવાયેલી વાત સાંભળીને, પહેલી વાર જેમ પેટ-છાતીએ વળગાડ્યો હતો – એમ જ સ્વામી દાદાએ મને ખેંચીને મારે માથે-મોઢે પ્રસરાવેલા હાથનું વાત્સલ્ય કદી ઝમતું બંધ થયું નથી !

**– રમેશ દવે**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# શાંતિના વાવેતરને પાણી પાઈએ

(ચોતરફ યુદ્ધ, હિંસા, ભેદભાવનાં નગારાં વાગે છે ત્યારે પૂ. મનુદાદાનો આ લેખ અત્યંત પ્રસ્તુત લાગે છે.... **-સં.**)

**એ**ક વખત બીરબલને રાજસભામાં આવતાં મોડું થઈ ગયું. બાદશાહે પૂછ્યું ''અલ્યા, કેમ મોડો આવ્યો ?'' તો કહે, ''જનાબ, છોકરાને રમાડતો હતો, તેમાં સમયસર ન નીકળાયું.''

''લે, એમાં શી મોટી ધાડ મારવાની હતી ? ખાવાનું આપી દીધું હોત તો વાત પતી જાત.''

''ના, માલિક, એટલું સહેલું કામ એ નથી.''

બાદશાહ તો હઠે ચડ્યો. છોકરાંને રમાડવાં તેમાં વળી શી વડાઈ? છેવટે નક્કી થયું કે બાદશાહ બને બાપ અને બીરબલ બને દીકરો. દીકરાને બાપ રમાડી જાણે તો જાણવું કે છોકરાં રમાડવાં સાવ સહેલાંસટ.... અને શરત શરૂ થઈ.

બીરબલે તો શરૂ કર્યું, ''એં એં....'' બાદશાહે પ્રેમથી પૂછ્યું, ''કેમ બેટા, કેમ રડે છે ? શું જોઈએ તારે ?''

''ખાવું છે ?''

''ઓહો, તેમાં શી મોટી વાત ? શું ખાવું છે ?''

''શેરડી ?''

''અલ્યા, શેરડી લઈ આવ !''

શેરડી આવી. નોકરને કહ્યું કે કાપી આપ. કાપી આપી, પણ છોકરો તો વળી પાછો એં એં એં એં... કરવા લાગ્યો. ''અલ્યા, હવે તારે શું જોઈએ ?'' ''ના બાપુ, તમે શેરડી કાપી દ્યો.''

''લે બાપા, હું કાપી આપું.'' ...ભાંગી શેરડી... આપી... પણ છોકરાએ તો શેરડીનો કર્યો ઘા !'' કેમ, હવે શું જોઈએ ? ''મારે તો ઘોડા પર બેસવું છે !''

માથે હાથ દઈને બાદશાહ બોલ્યો, ''અલ્યા એય, લાવ ઘોડો, બેસાડ આ કુંવરને !''

ઘોડો આવ્યો. પણ તોય ''એં એં એં...'' તો ચાલુ. ''હવે તારે શું બાકી રહ્યું છે દીકરા ?''

''માલે તો તમે ઘોલો બને અને એ ઘોલા પર માલે બેસવું છે.'' બાદશાહ ઘોડો થયા અને બીરબલ એના પર બેઠા, પણ ત્યાં પાછું એં એં એં... શરૂ. બાદશાહ કહે, ''અલ્યા, હવે શું છે તારે ?'' ''બાપા, આ ભાંગેલી શેરલી આખી કરી દ્યો.''

બાપા તો બરાડી ઊઠ્યા, ''સાલા હરામખોર !''

અને શરતમાં બીરબલ જીતી ગયો તે કહેવાની જરૂર છે ? આ ભ્રમણા કેવળ બાદશાહને નહિ, આપણને સૌને આ ભ્રમ છે કે છોકરાં એટલે ગણતરીમાં નહિ લેવાની બાબત. પણ બાળકો સંભાળવાં તે અઘરામાં અઘરું કામ છે અને એ કામ તમે સૌ બહેનો કરી રહી છો, તે બદલ હું ધન્યવાદ આપું છું.

ભણાવવાં કરતાં 'કેળવવાં' શબ્દ વધારે સારો છે, આપણા કોશમાંથી ''ભણાવવું'' શબ્દ આપણે કાઢી નાખવો જોઈએ. આપણે બાળકોને કેળવવાં છે. ભણાવી શકાય તો તે 'વિષય' કવિતા, ગણિત, ઇતિહાસ ભણાવી શકાય. પણ આપણે તો બાળકોને કેળવવાં છે. આજકાલ તો મા-બાપ છોકરાંને ભણાવીને ધન્યતા અનુભવતાં થઈ ગયાં છે. કોઈને ત્યાં જઈએ તો કહેશે, ''અમારો બાબો બહુ હોંશિયાર હો કે ! આવ તો બાબા, અહીં આવ. એ કોન્વેન્ટમાં જાય છે હં કે ! અરે બાબા, પેલી તારી પોએમ સંભળાવ ને !''

હું ઘણુંય કીધા કરું કે ભાઈ, સંભળાવવાની કાંઈ જરૂર નથી. એને રમવા જવા દો. પણ પેલાં માબાપને તો એવું શૂરાતન ચઢ્યું હોય કે પ્રદર્શન વગર જાણે તેમને ચેન જ નહિ. બાળક તે જાણે સંગ્રહ-સ્થાનની કોઈ પ્રદર્શનીય ચીજ ! છેવટે પેલાને ગાયે જ છૂટકો ! Twinkle, Twinkle, little stars ! શરૂ થાય અને હું માથે હાથ દઈને બધું નાટક સહન કર્યે જાઉં ! શું છે આ બધું ? સાત વર્ષ સુધી ભણવાનું કેવું? ત્યાં સુધી તો કેવળ કેળવણી જ ચાલે. કેળવણી એટલે બાળકમાં રહેલી સારી શક્તિને ઉંમરના પ્રમાણમાં પ્રગટ થવા દેવાની અનુકૂળતા આપવી તે. પછી એ ઊગશે તો આપમેળે જ. ગુલાબના છોડને ખાતર-પાણી દઈએ, નીંદામણ કરીએ, બાકી ગુલાબ એની મેળે ઊગશે. ઉગાડવાની ચિંતા આપણે નથી કરવાની. એની ભીતર બધું પડ્યું જ છે. આપણે તો ખાલી થોડી મદદ કરવાની છે.

ત્યારે હું પ્રાથમિક શાળામાં ભણાવતો. પાંચમા-છઠ્ઠા ધોરણમાં પ્રેમાનંદનું 'સુદામાચરિત' શીખવતો, હું તો કવિતા લલકારતો છોકરાંઓને એવા ઊંડા ઇતિહાસમાં લઈ ગયો કે સમયનું ભાન પણ ના રહ્યું અને ક્યારે નાનાભાઈ આવીને બેસી ગયા તેનું ઓહાણ પણ ના રહ્યું. વર્ગ પૂરો થયો પછી નાનાભાઈ કહે, ''મનુભાઈ, તમે સારું ભણાવ્યું, પણ છોકરાંઓને આટલું બધું ન ભણાવવું જોઈએ. આગળ માટે કાંઈક બાકી રાખવું જોઈએ ને ? તમે સારા શિક્ષક નથી, કારણ કે તમે બધું ઠાલવી દો છો !''

આજે પણ મારા કાનમાં નાનાભાઈના આ શબ્દો ગુંજે છે. સાત વર્ષ પછીના ભણતરમાં મૂળભૂત તફાવત છે. નાનાં બાળકો ઇન્દ્રિયો દ્વારા શીખે છે, ભાષાજ્ઞાન દ્વારા નહિ. બાળકને Symbol સંજ્ઞા ન ચાલે. તેને તો પ્રત્યક્ષ મૂળ ચીજ જોઈએ, આ જગત જેના થકી બન્યું છે તે રસ, રૂપ, ગંધ, રંગ, વર્ણ વગેરેને એ પોતાની સગી ઇન્દ્રિયોથી સમજવા માંગે છે, અનુભવવા માંગે છે. સૃષ્ટિનાં પશુ, પંખી, જીવજંતુ સાથે એ આત્મસાત્ થવા ઝંખે છે. આ જગતમાં વિવિધ સૂક્ષ્મ શ્રેણીઓ પડેલી છે. કોલાહલથી માંડીને ખાન અબ્દુલ કરીમખાંના સંગીત સુધીની શ્રેણીબદ્ધતા અવકાશમાં વેરાયેલી છે. આવું જ રૂપ, રંગ, વર્ણનું. આ બધું બાળકને આત્મસાત્ કરવા દો. માને 'મધર' કે 'મમ્મી' કહેવાય, એ વાત એ મોડી શીખશે તો કશું ગુમાવવાનો નથી, પણ જો જગત સાથેનું અનુસંધાન બાળપણમાં નહિ કેળવાય તો તે પથ્થર જેવો થઈને ઊભો રહેશે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

એટલે બાળકને બાળપણમાં અનુભવવા દો. બાળક અનુભવથી જ શીખવા માંગે છે. કોઈ પણ ચીજ તે મોંમાં નાંખે છે તો તે જાણવા માંગે છે કે આ શું છે ? સાવ શિશુ અવસ્થામાં બાળક ધાવતાં માની છાતી પર કે બીજે હાથ ફેરવતું રહે છે. એ ઓળખવા માંગે છે, એની પાસે સ્પર્શની ભાષા છે. એ દ્વારા તે જાણે છે કે આ મારી મા છે. મને પોષનારી. સ્પર્શ દ્વારા એના જીવનમાં એક સમજણ ઊભી થાય છે. આ વાત જે મા નથી સમજતી, તે પોતાના બાળકને કદી સમજી જ નહિ શકે. એટલે બાળપણમાં આપણે બાળકને ઇન્દ્રિયગત અનુભવ આપવાનો છે. એનું પહેલું કેન્દ્ર છે માબાપ. ત્યાર પછી ભાઈ-ભાંડુ, આંગણું, વનસ્પતિ, શેરી એમ ક્રમ આગળ વધે છે.

બાળકને ધીરે ધીરે એના ક્રમમાં આગળ વધવા દેવાનું છે. ઉતાવળને ત્યાં જરાય અવકાશ નથી. નવ મહિના ઘોર અંધારા ગર્ભાશયમાં રહેલું બાળક આ પૃથ્વી પર આવે ત્યારે ઓરડામાં Flood Light હોય તો ન ચાલે. ધીમા મંદ પ્રકાશમાં જ સુવાવડ થાય, તે જોવું જોઈએ. બાળકને આસ્તે આસ્તે પ્રકાશની દુનિયામાં લઈ આવવાનું છે, આ પ્રક્રિયા બધી જ ઇન્દ્રિયો માટે લાગુ પડે છે. સ્પર્શનાં સાધનો પણ રેશમ-મખમલથી ખરબચડા સુધી પહોંચે તેવાં હોવાં જોઈએ. બાળકને સ્વાનુભવની બારાક્ષરી પર અનંતનો પરિચય થાય છે. અનુભવે એને ભાન થશે કે જગતમાં સજીવ-નિર્જીવ બે વસ્તુ છે. ઝાડને પાણી પાવું પડે છે. દેડકાં, કીડીને પણ સુખદુઃખનો અનુભવ થાય છે. હું ને આ કૂતરું બંને સગાં છીએ, બંનેનાં સુખદુઃખ સમાન છે. આવી સંવેદના બાળકમાં જાગશે તો જગતમાં શાંતિ થશે.

આપણે શાંતિ સ્થાપવા માટે અનેક પ્રયત્નો કરીએ છીએ, આંદોલનો ચલાવીએ છીએ. પણ છતાંય શાંતિ સ્થપાતી નથી, કારણ કે બાળપણમાં માણસના ચિત્તમાં આ સમભાવના, સંવેદનાને પ્રગટ થવાની તક મળી નથી, ક્રમિકતાનો અનુભવ નથી મળ્યો. ચિત્તમાં પરભાવના ઊછરતી રહી છે. પછી મોટી ઉંમરે ઘણીય મથામણ કરો, ભાગવત-ગીતાનાં પારાયણ કરો, પણ ખેતરના દાણા ચરી ગયા પછી ખેડૂત ઘણાય હોંકારા-પડકારા કરે તેવી આ વાત છે. કોઈ જર્જરિત ગારાની ભીંત પર સિમેન્ટનું પ્લાસ્ટર કરવાની આ વાત છે. આજે ઘણીબધી કથાઓ ચાલે છે. પણ લાખો શ્રોતાઓમાં ભાગ્યે જ કોઈક પર અસર થાય છે. કારણ એ જ કે સમય ચુકાઈ ગયો છે.

બાળપણની ઉંમર તે મહત્ત્વની ઉંમર છે. તે વખતે જે છાપ પડી તે અમીટ છે. એટલે જ કહું છું કે તમે ખૂબ અઘરું કામ કરી રહ્યાં છો. શાંતિ સ્થાપવાનું કામ કરી રહ્યાં છો. બાળકમાં સંવેદના પ્રગટ થાય તે માટેનો અવકાશ આપો. એલેક્ઝાંડર જ્યારે હિંદુસ્તાન તરફ ચઢાઈ કરવા આવ્યો ત્યારે પોતાનું નાનકડું રાજ્ય સાચવવા માટે એક સૂબાને સોંપ્યું. એલેક્ઝાંડરની મા કોઈને દાદ ન દે. રાજમાં ડખલ કર્યા કરે એટલે પેલો સૂબો એલેક્ઝાંડરને ફરિયાદના પત્રો લખ્યા કરે. એલેક્ઝાંડર પત્રો વાંચી લે, પણ એકેનો જવાબ ન આપે. એક વખતે પેલા સૂબાએ ગુસ્સે થઈને લાંબો પત્ર લખ્યો. ત્યારે એલેક્ઝાંડર બોલી ઊઠ્યો, ''આ મૂરખને એટલીય ખબર નથી કે આવા તો અડધો શેર કાગળ મારી માની આંખનાં બે ટીપાંમાં ધોવાઈ જશે.'' મા પ્રત્યેની કૃતજ્ઞતાની આ લાગણી ક્યાંથી આવી ? કક્કો શીખ્યો તે પહેલાં આ ઘટના થઈ ગઈ, ત્યારે આવું બન્યું.

માસ્તર બાળકની હથેળીમાં આંકણી મારે છે ત્યારે વિદ્રોહનાં બીજ ચિત્તમાં વવાઈ જાય છે. Basic roots of agression બાળચિત્તમાં વાવીએ અને પછી શાંતિ માટે રાતદી' દોડા કરીએ તો કેમ ચાલે ? જે ચિત્તમાં વિરોધોનાં, વિદ્રોહનાં જાળાં નથી, તે લડવા માટે ઉત્સુક નહિ થાય. લડવા માટેની ઉત્સુકતા, હાથમાં ચળ ઊપડે તે સાવ જુદી બાબત છે. એટલે શાંતિનું સાચું ક્ષેત્ર બાળપણ છે. તમે સાચા શાંતિ-સૈનિક છો. મોટી ઉંમરે શાંત થવું કપરું. ખૂબ ઊઠબેસ કરવી પડે.

બાળક પોતે જાતે અનુભવીને તે વિષયને સમજે જ છે, સાથો-સાથ એનો પોતાનો આત્મવિશ્વાસ પણ વધારે છે. આ તેનું અનુભવ-સિદ્ધ જ્ઞાન હોય છે, ઉધાર જ્ઞાન નથી હોતું, તેથી તે ડગતો નથી. બાળક ભાંગફોડ કરે તેની ચિંતા ન કરશો. આજે જગતમાં શાંતિના નામે શસ્ત્રાસ્ત્રો પાછળ કરોડો રૂપિયાનું આંધણ થાય છે, તેના પ્રમાણમાં બાળકની ભાંગફોડ કોઈ વિસાતમાં નથી. એને માટીમાંથી રમકડાં બનાવવા દો. ઠીકરાનાં ઘર ભલે એ ઘડે, કોડીનો મોર ભલે તે ચીતરે ! એની આ સરજત એના ચિત્તમાં શાંતિનું વાવેતર કરતી જાય છે.

બાળકમાં શક્તિનો ખજાનો પડ્યો છે. એને સતત પ્રવૃત્તિ જોઈએ. એ કદી થાકતું નથી. આપણને પણ પાછા પાડી દે. એક શેતરંજી પર તમે સૂઈ જાઓ અને બીજી પર બાળકને સુવાડો. બાળકની જેમ તમે પણ હાથપગ હલાવો અને જૂઓ કે પહેલાં હાથપગ કોના બંધ થાય છે ! બાળકમાં આ શક્તિ પડેલી છે એ જે જાણે છે તે જ સાચો શિક્ષક બની શકે. નગરોનાં કબૂતરખાનાંમાં ઊછરેલાં બાળકોને રમવા ધૂળ મળે ત્યારે આનંદઘેલાં થઈ જાય છે. આમાંથી સાર નહિ કાઢીએ તો ભારે મોટી ખોટ સહેવી પડશે.

તમે સૌ શાંતિના દેવદૂત છો. હિટલરને હરાવનાર સેનાપતિએ શિક્ષકો માટે લખેલું કે your business is to put me out of business. દુનિયાના મોટામાં મોટા સેનાપતિને કામધંધા વગરનો કરી મૂકવો તે કામ કરવાનું છે. આ કામ ધાર્મિક પ્રવચનો કે કથા-પારાયણથી ઓછું થાય. મેડમ મોન્ટેસરીને એક દિવસે કોઇકે કહ્યું કે મેડમ, ઇઝરાઇલમાં એક માણસે શોધ કરી કે, ડંખ વગરની મધમાખો પેદા થઈ શકે. ત્યારે મોન્ટેસરી બોલ્યાં, ''ડંખ વગરનો માણસ પેદા કરી શકીએ તેવું આપણે કરવું છે !''

આજે આપણે આ કોન્વેન્ટ, અંગ્રેજી ભાષાનો મોહ વગેરે બાળકો પર લાદીને ત્રાસ ગુજારી રહ્યાં છીએ. પેલી ગુલીવરની વાર્તા છે ને, જેમાં ઠિંગુજી મોટા લોકોની દુનિયામાં અટવાઈ જાય છે ! આ બાળકો તે ગુલીવર છે અને આપણે સૌ મોટા કદના રાક્ષસો ! આપણા ઢાળમાં તેમનાં બીબાં ઢાળીએ છીએ. પણ જીવનનો એક લય છે. બાળકમાં તે લયને એની મેળે લહેરાવા દો. બધું આપમેળે સુંદર સર્જાશે.

**– મનુભાઈ પંચોળી (દર્શક)**

'વિશ્વશાંતિની ગુરુકિલ્લી' પુસ્તકમાંથી સાભાર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# એક ઇજનેરનો વેદાભ્યાસ

''વેદોનો છંદ ઋષિતુલ્ય વિનોબાજીના લેખો વાંચવાથી છેક મુંબઈથી જ હતો. પરંતુ ઇજનેરી કારકીર્દિ તથા કૌટુંબિક જવાબદારી વહાવતા છેક ૫૧-૫૨ વર્ષની વયે તે બીજમાંથી છોડ બન્યો. મારું પુસ્તક વેદ-આચમન તેના પર લાગેલું સુ-ફળ છે. તેનું પૂરું શ્રેય પૂ.વિનોબાજીને જ જાય છે, તે મારે નમ્રપણે સ્વીકારવું રહ્યું.''

આ છે તા. ૧૬-૧૧-૨૦૨૫ના રોજ અમદાવાદ સ્થિત ૮૪ વર્ષના કપિલભાઈ ઓઝાએ લખેલા પત્રના શબ્દો.


કુમાર સામયિકના વાચકમિત્રો કપિલભાઈથી પરિચિત હશે. તેમની લેખમાળા 'વેદ આચમન' વર્ષ ૨૦૦૭થી કુમારમાં પ્રગટ થતી રહી છે. કપિલભાઈને વેદોનો છંદ 'ભૂમિપુત્ર'ના વાંચનમાંથી લાગ્યો હતો. ગુજરાત વિદ્યાપીઠમાં વર્ષ ૨૦૧૪થી ઘણાં વર્ષો સુધી તેમણે 'વેદસભા'નું સંચાલન કર્યું છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં આશરે છસો જેટલા વિવિધ વેદમન્ત્રોનો સ્વાધ્યાય ચાલ્યો હતો.

કપિલભાઈના ઇજનેરી ક્ષેત્રના અનુભવો પણ જાણવા જેવા છે. તેઓ ઈલેક્ટ્રીક મોટરોની ડિઝાઈનના નિષ્ણાત છે. અમદાવાદમાં મોટરો બનાવવાનું પોતાનું કારખાનું પણ છે. જોકે કારખાનાના રોજબરોજના કામનો તેમના પર કોઈ ભાર હાલમાં નથી. તેમના દ્વારા તૈયાર કરેલા ભાઈઓ તેમજ તેમની દીકરી કારોબાર સંભાળે છે.

કપિલભાઈએ દયાનંદ સરસ્વતી, પંડિત જયદેવ શર્મા, મહર્ષિ અરવિંદ, શ્રીપાદ દામોદર તેમજ ડૉ. રામનાથ વૈદ્યાલંકારના લખેલા વેદ પરના ગ્રંથોનો અભ્યાસ કર્યો છે. વેદોને સમજવા વ્યાકરણનો પણ ૧૦ વર્ષ સુધી અભ્યાસ તેમણે કર્યો. આ ઉપરાંત બધા બ્રાહ્મણ ગ્રંથો, સ્મૃતિ ગ્રંથોનો પણ અભ્યાસ કર્યો છે. કપિલભાઈ મુંબઈમાં ભણ્યા છે તેથી અંગ્રેજી તેમજ મરાઠી ભાષા જાણે છે. ગુજરાતી માતૃભાષા છે.

આજે પણ કપિલભાઈની વાતોમાં તેમનો વેદો માટેનો પ્રેમ છલકાઈ આવે છે. તેઓ લખે છે - વેદો શુષ્ક નથી. અથર્વવેદમાં લખ્યું છે - હે મનુષ્યો, પરમાત્માના વેદરૂપી કાવ્યને જુઓ, જાણો અને માણો. તે નથી નષ્ટ થતું કે નથી જીર્ણ થતું. તે અખંડ અવિનાશી, અવિભક્ત તથા સદા પ્રસન્નતા તથા આનંદ આપનારું છે.

આપણા ભક્ત કવિ નરસૈયાને પુરુષસૂક્તનું જ્ઞાન થયું અને તેણે



આનંદની અભિવ્યક્તિ નીચેના શબ્દોમાં કરી :

''અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ,
જૂજવે રૂપ અનંત ભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે
છેવટે નરસી કહે છે;
પ્રીત કરું પ્રેમથી પ્રકટ થાશે.

અર્થાત્ જે પ્રભુને પ્રેમ કરશે તેને જ પ્રભુ આ વેદજ્ઞાન રૂપે સાક્ષાત્ થશે. સંતોનો આ અનુભવ છે. પોતાને વૈદિકધર્મી કહેવડાવનાર દરેકે વેદ રહસ્યોનું સ્વાધ્યાય, સંયમ તથા પ્રસન્નતાથી અનુશીલન આવશ્યક માનવું જોઈએ. વેદ કહે છે -

स्वयं युजस्व, स्वयं जुषस्व
(યજુર્વેદ)

જાતે જ રાંધો અને જાતે જ સ્વાદ અનુભવો.

કપિલભાઈ 'કુમાર'માં વેદ આચમનના સ્વાધ્યાયમાં પહેલાં સંસ્કૃતમાં વેદનો મૂળ મંત્ર લખે છે. તે પછી મંત્રોના મહત્ત્વના શબ્દોનો ગુજરાતી અર્થ સમજાવે છે. પછી વિચાર-વિસ્તારમાં મંત્રને સમજાવે છે. તેમાં અન્ય જરૂરી સામગ્રી પણ દાખલ કરે છે અને રસપ્રદ બનાવે છે.

વર્ષ ૨૦૨૦માં પ્રકાશિત પુસ્તક 'વેદ આચમન'માં ૫૩ મંત્રોની સમજ આપી છે. પુસ્તક અંગે વધુ જાણકારી મેળવવા શ્રી કપિલભાઈનો સંપર્ક મો.નં. ૮૯૮૦૭૩૮૭૧૧ પર કરવો.

વેદના અભ્યાસુ આ ઇજનેર દેશની વર્તમાન સ્થિતિ માટે પણ ખૂબ ચિંતિત છે. આપણી ધાર્મિક સંસ્થાઓ, શિક્ષણ સંસ્થાઓ વર્તમાન પડકારોને ઝીલવા સક્ષમ રહી નથી. આવા માહોલમાં સદ્વાંચન માટે સૌને પ્રેરી રહ્યા છે. કુમારનું લવાજમ પાંચ વર્ષ માટે ભરનારને મહર્ષિ દયાનંદ સરસ્વતીનું પુસ્તક તેમજ પૂ.વિનોબાજીનું 'ગીતા-પ્રવચનો'ને રાહત દરે આપવાની યોજના પણ થોડાં વર્ષો પર તેમણે કુમાર કાર્યાલયના સહકારથી ચલાવી હતી.

પ્રભુ કપિલભાઈ ઓઝાને વેદનાં તથ્યો ઉજાગર કરવા લાંબું આયુષ્ય આપે.

**- રેવારજ**

**મહાત્મા ગાંધી અને શ્રીઅરવિંદ..** (પાન ૭નું ચાલુ)

લક્ષ્ય પર નથી પહોંચાડ્યું, જ્યાં તેનો સર્વોચ્ચ આધ્યાત્મિક વિકાસ થાય. શ્રીઅરવિંદે માનવીના નૈતિક વિકાસને તેના જીવનમાં મહત્ત્વપૂર્ણ માન્યો છે. નૈતિકતા આપણાં લક્ષ્યોને પ્રાપ્ત કરવાનું એક સાધન છે. શ્રીઅરવિંદે માનવીનું પરમ લક્ષ્ય ઈશ્વરનો સાક્ષાત્કાર માન્યો છે. તે જ નૈતિક શુભ અને નૈતિકતાની કસોટી છે. તેનાથી પ્રત્યેક કાર્યનું મૂલ્ય પ્રાપ્ત થાય છે.

(ક્રમશઃ) **- ડૉ. અનુરાધા પ્રસાદ**

અનુ. રાજેન્દ્ર દવે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# હિમાચલ પ્રદેશના સીરમૌરમાં સૌ પ્રથમ વાર વનઅધિકાર કાયદા હેઠળ જમીન મળી

**સી**રમૌર જિલ્લાના મુખ્યમથક નાહત મુકામે ૨૬મી ફેબ્રુઆરીના રોજ અનુસૂચિત જનજાતિના મંત્રી જગતસિંહ નેગીની અધ્યક્ષતામાં આયોજિત બેઠક દરમ્યાન જિલ્લા કલેક્ટરશ્રીએ માહિતી આપી હતી કે શિલાઈ તાલુકાની ૨૯ વ્યક્તિઓના વન અધિકાર દાવાઓને ઔપચારિક સ્વીકૃતિ આપવામાં આવે છે. આ નિર્ણય સિરમૌર જિલ્લામાં સૌ પ્રથમ વાર વન અધિકાર કાયદા હેઠળ સનદ આપવાની દિશામાં એક મહત્ત્વનું કદમ છે.

તાજેતરમાં મળેલી જિલ્લા કક્ષાની સમિતિની બેઠકમાં થયેલા નિર્ણયો અંગે જણાવતાં જિલ્લાના કમિશ્નર પ્રિયંકા વર્માએ જણાવ્યું કે જિલ્લામાંથી મળેલા કુલ ૧૧૮ દાવાઓમાંથી ૨૯ વ્યક્તિગત દાવાઓને મંજૂરી આપવામાં આવી છે. એ બાબત અહીં નોંધપાત્ર છે કે સમગ્ર હિમાચલ પ્રદેશમાં સૌ પ્રથમ વાર વનઅધિકાર કાયદા હેઠળ અન્ય પરંપરાગત વનવાસીઓ (OTFD)ના ખેતીની જમીન સંબંધિત દાવા સીરમૌર જિલ્લામાં મંજૂર થયા છે. આ અગાઉ ડલહાઉસી (ચંબા જિલ્લો) તથા દેહરા (કાંગડા જિલ્લા)માં માત્ર રહેઠાણ માટેનાં મકાનો સંબંધિત દાવાઓને મંજૂરી આપવામાં આવી હતી. ૩૧મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ મળેલી જિલ્લા સ્તરીય સમિતિની બેઠકમાં કુલ ૧૧૮ દાવાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. તેમાં શિલાઈ તાલુકાના ૩૦ દાવા (૨૯ વ્યક્તિગત અને એક સામૂહિક) જેમાં કુલ મળીને ૫૬૦૯-૦૦-૦૦ વીઘા જમીન, ખાંવટા તાલુકાના ૬૧ વ્યક્તિગત દાવા જેમાં ૧૮૬.૦૨-૦૦ વીઘા જમીન તથા સંગડાહ તાલુકાના ૨૭ વ્યક્તિગત દાવા જેમાં ૧૭૫.૦૧-૦૧ વીઘા જમીન અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો.

જિલ્લા કમિશ્નરશ્રીએ કહ્યું કે જે ૨૯ દાવાઓ મંજૂર થયા છે તેમાં ૧૪૧.૦૧ વીઘા જમીન મળશે, જે નૈના, નવી પંજોર, ડાહર, જાસવી તેમજ લાની બોરાડ વન અધિકાર સમિતિઓના અન્ય પરંપરાગત વનવાસીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. અહીં એ બાબત નોંધપાત્ર છે કે આ ૨૯ મંજૂર થયેલા દાવાઓમાં ૬ દાવેદાર ભૂમિહીન તેમજ અન્ય દાવેદાર સીમાંત ખેડૂત છે તથા લગભગ ૯૦% દાવેદારો અનુસૂચિત જાતિના છે.

ડાહર નામના ગામના રતીરામ નામના ખેડૂતે પોતાની ખુશી વ્યક્ત કરતાં જનજાતીય મંત્રીશ્રી, જિલ્લા તેમજ તાલુકા સ્તરની સમિતિઓ, સરકારી અધિકારીઓ તેમજ વનઅધિકાર કાયદાના પ્રચાર-પ્રસારમાં સ્વૈચ્છિક રૂપથી કામ કરનાર સિરમૌર વન અધિકાર મંચ, સોસાયટી ફોર રૂરલ ડેવલપમેન્ટ એન્ડ એક્શન (SRDA) તેમજ હિમધારા પર્યાવરણ ગૃપના કાર્યકરોનો આભાર માન્યો. નૈના ગામના તુલસીરામે કહ્યું કે, ''અમે લોકો છેલ્લાં દસ વર્ષથી વનઅધિકાર કાયદા હેઠળ અમારા અધિકારો મેળવવા માટે પ્રયાસ કરી રહ્યા હતા. આજે લાંબા ગાળાના સંઘર્ષ પછી અમને સફળતા મળી છે.'' સિરમૌર વન અધિકાર મંચના પ્રમુખ ધનીરામ શર્માએ કહ્યું, ''સિરમૌર જિલ્લાના જંગલ પર આધારિત જીવન ગુજારનારા આદિવાસી સમુદાય માટે આ ખૂબ જ ખુશીની બાબત છે કે લાંબા સંઘર્ષ પછી પહેલી વાર વનઅધિકાર કાયદા હેઠળ તેમના દાવાઓનો સ્વીકાર થયો છે. આને કારણે જિલ્લામાં અન્ય આદિવાસીઓ પણ પોતાના અધિકાર માટે જાગૃત થઈને આગળ આવશે. સાથે સાથે જિલ્લામાં આ કાયદાના અમલીકરણમાં પણ પ્રગતિ જોવા મળશે.

આશા રાખીએ કે જે પ્રગતિશીલ કાયદો ૨૦૦૬માં બનાવવામાં આવ્યો તેના અમલીકરણમાં હવે વધુ વિલંબ નહીં થાય. દેશ આખામાં કાયદાના અમલીકરણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓએ ખૂબ ખંતપૂર્વક મહેનત કરી છે, જેમાં હિમાચલ પ્રદેશમાં હિમધારાએ પણ ત્યાંના આદિવાસીઓ વચ્ચે મહત્ત્વપૂર્ણ કામો કર્યાં છે.

હિમધારા **– સુમીત કહાર**

---

**કળાનો આત્મીય ચહેરો...** (પાન ૧૭નું ચાલુ)

આભામાં આવે છે અને કઈ રીતે મુક્ત પણ થાય છે એ જાણવાનો, જોવાનો રોમાંચ અનુભવાય છે. જાણીતા અને વાચકને અજાણ્યા લાગે એવા બન્ને સર્જકોને સમાવ્યા છે. દરેકનો તણખો ઝિલાયો છે. વાચક તરીકે, કલાના ભાવક તરીકે એ વાતથી રૂબરૂ થઈએ છીએ કે ભારતને લલિત કળા ક્ષેત્રે સમૃદ્ધ વર્તમાન આપવાના પ્રયાસમાં કલાકારોએ કેવું સમુદ્રમંથન કર્યું છે! અમૃત મળ્યું છે તો શિવ પણ બનવું પડ્યું છે. આ પ્રવાસમાં સંસ્થાનો, અને સંસ્થાને અતિક્રમી જતી, કળાપારખુ વ્યક્તિઓની વાત પણ વણી લેવાઈ છે.

લેખક પોતે કલમ અને કલા બન્નેના કસબી હોવાનો ફાયદો વાચકને પ્રાપ્ત થાય છે. લેખકનું અગાઉનું પુસ્તક 'નીરખે તે નજર' ગુજરાતીનું કળાવિષયક તલસ્પર્શી અભ્યાસનું પુસ્તક છે. આ પુસ્તક ફક્ત શબ્દાંજલિ કે ચિત્રાંજલિ ન બનતાં કળાને ચિરંજીવ બનાવતું પુસ્તક છે. ગુજરાતી ભાષાનો આ પ્રકારનો અને આ કક્ષાનો આગવો અને પ્રથમ ગ્રંથ છે.

તેર સર્જકોને અપાયેલી ભાવાંજલિ માત્ર નથી, ગુજરાતી વાચકને નવાં રસ રુચિ તરફ લઈ જવાનો પ્રયાસ પણ છે. આ પુસ્તક મારફતે કળાને જોવાનો અભિગમ કેળવાય અને રાષ્ટ્ર અને સમાજજીવનમાં લલિત કળા કેવો અને કેટલો ફાળો આપી શકે છે એ અભિમુખતા વિકસે તો આ પુસ્તક હાથમાં લીધેલું લેખે લાગશે. આ પુસ્તકની સમૃદ્ધિની સરખામણીમાં એની કિમ્મત નગણ્ય કહી શકાય એવી છે.

**- ઉર્વિન શાહ**


**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બૅંક ઑફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ટેકો

**આઈ**.સી.યુ.ની બહાર બાકડા પર સૂનમૂન બેઠેલી ભવ્યા હવે તો દિવસની ગણતરી પણ ભૂલી ગઈ હતી. 'કેટલા દિવસ થયા, સર્વેશને હૉસ્પિટલમાં દાખલ કર્યાને? કદાચ સાત દિવસ થઈ ગયા.' એણે મોબાઈલમાં જોઈને ખાતરી કરી કે, આજે અઠવાડિયાથી સર્વેશ અહીં ખાટલામાં સૂતો છે. કોમામાં, આખી દુનિયાથી બેખબર !

''પેશંટ નંબર ૧૭ કા રીલેટીવ કૌન હૈ?'' નર્સનો સવાલ સાંભળી એ સડાક કરતી ઊભી થઈ. નર્સે હાથમાં પ્રિસ્ક્રિપ્શનનું કાગળ પકડાવ્યું.

''પેશંટ કે લિયે યે દવાઈ લાનેકા હૈ. લેકિન અંદર નહીં આનેકા, સમજા? યે ટેબલ પે રખ દેનેકા.''

મેડિકલ સ્ટોરમાંથી દવા લાવી એણે ટેબલ પર મૂકી ને ફરીથી બાકડા પર બેઠી. સર્વેશનું મોઢું જોઈ આવવાનું કેટલું મન થતું હતું પણ નર્સ કડક અવાજે કહેતી, ''બાર બાર ક્યું અંદર જાનેકો પૂછતા? દિન મેં દો બાર હી જાને કો મિલતા. એક બાર સુબેમેં ઔર એક બાર શામકો. વૈસે ભી ઉસકો તો કુછ પતા નહીં, કૌન આયા, કૌન ગયા?'' કડવી લાગે તોય વાત તો સાચી હતી.

સવારે ઊઠે ત્યારથી રઘવાટમાં રહેતો સર્વેશ એક અઠવાડિયાથી સાવ નિસ્પૃહ થઈને શાંતિથી સૂતો હતો. એને એ દિવસ યાદ આવ્યો. રોજની માફક સવારે બાથરૂમમાંથી નીકળ્યો ત્યારથી સર્વેશની બૂમાબૂમ ચાલુ હતી, ''ભવ્યા, તું તો બહુ ધીમી. મારે રોજ ઑફિસે પહોંચવામાં મોડું થઈ જાય છે.''

'નાસ્તો તો તૈયાર જ છે. બંને દીકરીઓને તૈયાર કરીને, લંચ બોક્સ આપીને સ્કૂલ બસ સુધી મૂકી આવી, તમારું ને મારું બેઉનું ટિફિન ભરી લીધું, તમારા પહેરવાનાં કપડાં પલંગ પર મૂક્યાં છે –આટઆટલું કરવા છતાં હું ધીમી?'

આ બધા સંવાદ ભવ્યાના મનમાં જ ચાલતા. મોઢું સીવીને જીવતાં એને ફાવી ગયું હતું, વળી પતિનો સ્વભાવ જ ઉત્પાતિયો છે, બાકી એના મનમાં કંઈ નથી એ વાત એણે સ્વીકારી લીધી હતી.

''આમેય આપણે બાઈ માણસે જ ગળી ખાવું પડે!'' વાત વાતમાં સાસુજીએ પણ એને સમજાવી દીધી હતી.

જલદી જલદીમાં સર્વેશ ઑફિસે જવા નીકળ્યો પછી પોતે પણ તૈયાર થઈને નોકરીએ પહોંચી હતી. લંચ ટાઈમમાં ટિફિન ખોલીને હજી તો કોળિયો મોંમાં મૂકવા જાય ત્યાં મોબાઈલની રીંગ વાગી,

'મીસીસ ભટ્ટ, સર્વેશભાઈને અચાનક બ્રેઈન સ્ટ્રોક આવી ગયો છે. એમને સંજીવની હૉસ્પિટલમાં એડમીટ કર્યા છે. તમે જલદી પહોંચો.'

બસ, એ એક ફોનથી એની શાંત જિંદગીમાં સુનામી આવી ગયું હતું. આટલા દિવસોથી એ એમાંથી બચવાનાં ફાંફાં મારી રહી હતી પણ બધા પ્રયત્ન વ્યર્થ! સાસુ-સસરાએ દીકરીઓની જવાબદારી લઈ લીધી હતી એ મોટી રાહત હતી. એ સિવાય સાસરી કે પિયરમાં મદદરૂપ થઈ શકે એવું કોઈ નહોતું. ઑફિસમાં સાથે કામ કરતાં મિત્રો મળવા આવે ત્યારે લાગતું કે, દુનિયામાં કોઈક પોતાનું છે. આ સરકારી નોકરી અત્યારના સંજોગોમાં જીવાદોરી જેવી લાગતી. નોકરી ન હોત તો શું થાત?

આ વિચાર આવતાંની સાથે એની નજર સામે સર્વેશ સાથેની પહેલી મુલાકાત આવી ગઈ. એનાં માતા-પિતા અને સર્વેશ એમ બધાં એને જોવા આવ્યાં હતાં. ધીમેથી એના પપ્પાએ વાત મૂકેલી,

''આમ તો બધું ઠીક, પણ લગ્ન પછી ભવ્યાએ નોકરી છોડવી પડશે.'' પછી હસતાં હસતાં બોલ્યા હતા, ''આ અમે આવ્યાં છીએ ને, એ ત્રણે જણાં નોકરી કરીએ છીએ. હવે અમારે એવી વહુ જોઈએ છે જે ઘર સંભાળી લે. ઘરમાં રહીને કંઈ નાનું-મોટું કામ કરવું હોય તો છૂટ છે.''

આ શરત પર ગાડી અટકી પડી હતી. ભવ્યાએ મમ્મી-પપ્પાને ચોખ્ખું કહી દીધું હતું, ''હું કોઈ પણ સંજોગોમાં નોકરી છોડીશ નહીં, ને એ લોકો કોણ મને છૂટ આપવાવાળાં?''

જોકે આ નિર્ણયમાં મમ્મી-પપ્પા એની સાથે હતાં. લાગ્યું હતું કે, એ વાત પૂરી થઈ છે, પણ એક દિવસ અચાનક સર્વેશનો ફોન આવ્યો હતો, ''કોફી હાઉસમાં મળી શકીએ? થોડી વાત કરવી છે.''

વાત એવી હતી કે, પોતાને ગમી ગયેલી ભવ્યા માટે સર્વેશે માતા-પિતાને સમજાવી લીધાં હતાં. ઘરની બધી જવાબદારીઓ સંભાળીને વહુ નોકરી કરી શકે એવી લીલી ઝંડી એમણે ફરકાવી હતી. જોકે, કોઈ પણ પ્રકારની શરત સાથે લગ્ન કરવાનું ખૂંચેલું તો ખરું પણ પછી ભવ્યાએ સમાધાન કરી લીધું હતું. બે દિવસ પહેલાં મમ્મી આવેલાં ત્યારે ભવ્યા એમને ગળે વળગીને રડી પડેલી. એને માથે હાથ ફેરવતાં ભીની આંખે સાસુજી બોલેલાં, ''હવે અમને સમજાય છે કે, એ વખતે અમે અમારી જીદ પકડી રાખી હોત તો આજે શું હાલત હોત? અમે બેઉ તો હવે નિવૃત્ત થઈ ગયાં છીએ, સર્વેશની માંદગી કેટલી ચાલશે, કંઈ ખબર પડતી નથી. રોજે રોજનાં હૉસ્પિટલનાં બિલ, દવાઓ, દીકરીઓનો ભણવાનો ખર્ચ...બધું તારે માથે.''

''વાંધો નહીં મમ્મી, અમારા બોસે ખાસ કહ્યું છે કે, સર્વેશની સારવારમાં કંઈ ખામી ન રાખશો. જે કંઈ ખર્ચ થાય એ મને જણાવજો.''

''દીકરી, હવે તો ઉપરવાળા પર શ્રદ્ધા રાખવા સિવાય આપણા હાથમાં કંઈ જ નથી. ચાલ ત્યારે, હું જાઉં.''

આજે સસરાજી આવ્યા ત્યારથી આંખો ઢાળીને સામેના બાકડા પર બેઠેલા. ભવ્યાએ પૂછ્યું, ''પપ્પાજી, તબિયત તો સારી છે ને?''

''મારી તબિયતને શું થવાનું? તને કહેતાં જીભ તો નથી ઊપડતી પણ નર્સે મારા હાથમાં આ બિલ પકડાવીને કહ્યું કે, આજ ને આજ બિલ ભરી દો નહીં તો... બેટા, મારી પાસે એવી કોઈ મૂડી નથી કે હું બિલ ભરી શકું. જે કરવાનું છે એ તારે જ ...''

હાથમાં બિલ લઈને ભવ્યા વિચારી રહી, મારી નોકરી સામે સૌથી વધારે વાંધો પપ્પાજીને જ હતો. સ્વાભાવિક રીતે આજે મને બિલ આપતાં એમને સંકોચ થાય જ. જે નોકરીને એ નકામી સમજતા હતા એ આજે એવો આધાર બની રહી છે કે, જાણે કોઈ ઢળી પડતી ઈમારતને લાકડાનો ટેકો બચાવી રાખે. એ માત્ર એટલું જ બોલી, ''થોડી વાર તમે અહીં બેસજો પપ્પાજી, હું હમણાં ઑફિસે જઈને આવું છું.''

(રમેશ ખત્રીની હિંદી વાર્તાને આધારે) – **આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org